# પર્વ ૨

## ભુવનોના યાત્રીનું પર્વ

સર્ગ ૧

# ભુવનોની સીડી

અશ્વપતિ એકલો ચાલ્યો. આસપાસ આવેલી અનંતતા અને ઉપર આવેલું અજ્ઞેય એને અવલોકતું હતું. મર્ત્ય દૃષ્ટિને ન દેખાતું સર્વ ત્યાંથી જોઈ શકાતું હતું, મનને નહિ જણાયેલું સર્વ જાણી શકાતું હતું, મર્ત્ય સંકલ્પ જેનું સાહસ કરી શકતો ન 'તો તે સર્વ સાધી શકાતું હતું. પાર વગરની શાંતિમાં ત્યાં પાર વગરનું સંચલન ભર્યું હતું. વસ્તુમાત્રની અગાધ એકતામાં અજ્ઞાતનું જગત આવિર્ભાવ પામ્યું હતું.

એ હતી સ્વયંભૂ સૃષ્ટિ. ન 'તો એને અંત કે ન 'તો એને વિરામ. ત્યાં હતા કોટિક મનોભાવો, કોટિક બળો, સત્યકલ્પનાની સૃષ્ટિઓ, વિચારકલ્પોની રંગ રંગ લીલાઓ, સનાતનના આવેગો, નિત્યના શબ્દો, સાર્થક કર્મો, અભિવ્યંજક વાક્યોની તરંગાવલીઓ. શાશ્વતસ્વરૂપ પોતાની વિશ્વલીલાનું કાર્ય નિઃસ્પંદ ભાવે વિલોકતો હતો. અહીં થતા સઘળા અનુભવો એકસ્વરૂપનો આવિર્ભાવ કરતા હતા.

રાજા અશ્વપતિ આ અનંતતા સાથે આત્માએ એકસ્વરૂપ બની ગયો હતો. એક જ દૃષ્ટિથી એ સમસ્તને જોઈ શકતો 'તો. સર્વની સાથે પોતાના સત્ત્વની સગાઈ અનુભવતો 'તો. પરમોચ્ચ ચૈતન્યમાં પ્રકટેલી મૂર્ત્તિઓ અજન્માને રૂપબદ્ધ બનાવતી હતી. મૂર્ત્તિમંત અધ્યાત્મ વિચારોના જેવાં વિશ્વાત્માનાં શિલ્પિત સ્વરૂપો એને દૃષ્ટિદાન દેતાં હતાં, અનિર્વચનીયની ગતિઓને આકારિત બનાવતાં હતાં, પારમાત્મિક સત્યતાનાં પ્રતીકો જીવંત બનીને સહચાર આપતાં હતાં. રાજાની આસપાસ અખંડ જાગ્રત રહેતા મનનાં અક્ષય દર્શનો આલેખાયેલાં હતાં. પ્રાણના પ્રદેશના સહસ્રો સ્વરો સંદેશાઓ લાવતા હતા. પૃથ્વી પર આવતા સ્વર્ગના સંકેતો, ઘોર નારકીય કલ્પનાઓ પોતપોતાને સ્થાને સંસ્થિત હતાં, ને તેઓ પોતપોતાની સુંદર યા તો અસુંદર ને ભયંકર પરાકાષ્ઠાઓ પ્રકટ કરતાં હતાં. વિચાર ને દૃષ્ટિને માટે દુર્ગમ એવી નિગૂઢ, વિરલ ને દૂરની અદ્‌ભુત વસ્તુઓ હૃદયને સ્પર્શગમ્ય બનતી 'તી, અધ્યાત્મ સંવેદનથી અનુભવાતી 'તી.

આ બધું જ હવે રાજાના આત્મસ્વરૂપના નવા અંશો બની ગયું; એના આત્માની સ્વાભાવિક પરિસ્થિતિનું સ્થાન હવે એમણે લીધું. રાજાનું હૃદય હરખનાં સાહસો કરતાં થાકતું ન 'તું, આત્મસુખનાં એનાં રાજ્યો અંતહીન બની ગયાં હતાં. એક સ્વરમેળના તારો પર અસંખ્ય સૂર પુરાતા હતા. પ્રત્યેક સૂરમાંથી એક અણદીઠી પૂર્ણતાનું સંગીત આવતું હતું. અદ્વિતીય કેવલૈકસ્વરૂપે જે જે કલ્પ્યું હતું

તે સર્વ ત્યાં આવી મળ્યું. કાળમાં પ્રભુની ક્ષણોની એ પુનરાવૃત્તિ કરતું હતું. રાગાવેશ પ્રકટ કરતું ભેદભાવનું સમૃદ્ધ સૌન્દર્ય દર્શનગમ્ય બન્યું હતું. એકમાત્ર અકાળ શબ્દ ત્યાં નહોતો, વિચારોનો વિચાર નહોતો, અસમ સર્વને સમ સર્વની સાથે સમતોલ બનાવનાર આત્માના પરિપૂર્ણ યોગનો પૂર્ણાંક ત્યાં નહોતો, સંજ્ઞાઓને સમજાવનારી એકમાત્ર સંજ્ઞા ત્યાં નહોતી, કેવલસ્વરૂપ પરમાત્મા માટેની સંપૂર્ણ સૂચિ ત્યાં નહોતી.

રાજાએ ત્યાં ભુવનોનો મહારાશિ જોયો. પોતાની જ આંતરિકતાથી એ અન્ય સર્વથી અળગો પડી જતો હતો. દેવોના પાર્વત રથના જેવો એ રહસ્યમય આકાશ નીચે નિશ્ચલ ઊભો હતો. છેક જડ દ્રવ્યની અદૃશ્ય બેસણીથી આરંભી એવા જ અદૃશ્ય શિખર પર્યંત એ આરોહતો હતો, જાણે કે ભુવનોના કંડારેલા સાગરો ઊર્ધ્વની અમિત બૃહત્તાઓ પ્રત્યે આરોહતા ન હોય. સેંકડો સ્તરો એને ઊર્ધ્વે ઉઠાવતા હતા. આમ ચઢતો ચઢતો એ ભુવનોનો અંબાર સચેત વિરાટમાં અદૃશ્ય થઈ જતો હતો. અભીપ્સુ આત્માએ ઊભા કરેલા સ્વર્ગલોક પર્યંત પહોંચતા કો મહામંદિર જેવો એ ભવ્ય લાગતો હતો.

ભુવનોની આ પરંપરા પડદા પાછળ આવેલી શાશ્વતતાઓ સાથે પૃથ્વીને સંલગ્ન બનાવે છે. એ છે સુવિરાટનો સારસંગ્રહ. આત્માને એ ધ્યેય-ધામે લઈ જાય છે. આપણા સ્વરૂપની અનેક ભૂમિકાઓનો એ સંક્ષેપ છે, આપણા સ્વરૂપના ગૂઢ વાતાવરણમાં એ સમસ્ત વિશ્વનો એક સૂક્ષ્મ નમૂનો છે. એ છે અંદર, એ છે બહાર, એ છે ઉપર ને એ છે નીચેય. બહારની પ્રકૃતિ ઉપર એનું કાર્ય ચાલે છે અને એને પરિણામે આપણું જડદ્રવ્ય વિચારતું, સંવેદતું અને હર્ષાદિ પ્રત્યે પ્રતિકાર્ય કરતું બને છે. એ આપણા દિવ્યતર અંશોને આદર્શાનુરૂપ ઘડે છે, મનને ઉચ્ચતર અંબરે ઊંચકી જાય છે, જડ જીવનને પારપારની વસ્તુઓ માટે ઝંખના કરતું બનાવે છે, શરીરની મર્ત્યતાને અમૃતના સાદ સાથે સંબંધમાં આણે છે.

નીચે છે અચિત્‌ની મહામૂર્છા. તેમાંથી પરમોચ્ચ પ્રકાશ પ્રત્યે લઈ જવાનું કાર્ય આ ભુવનોનું કાર્ય છે. પૃથ્વીની ભીતરમાં એ ન હોત તો વિચાર જાગી શક્યો હોત નહીં, જીવનના આનંદને પ્રત્યુત્તર મળ્યો હોત નહીં. આ સોનેરી અધિકતાને કારણે પૃથ્વીએ સવિચાર માનવને જન્મ આપ્યો છે, અને એથીયે જે અધિક છે તેને યે જન્મ આપશે. આ ભુવનશ્રેણી આપણા આરોહણ કરતા ભાગ્યનિર્માણની ચાવી છે. જડદ્રવ્યના આવાસમાં ઊછરેલા સચેત આત્માને એ મૃત્યુમાંથી બહાર નીકળી જવાનું આહ્વાન આપે છે.

આ સચેત ભુવનશ્રેણીએ, એના પ્રભાવોએ અને અદૃશ્યના દેવતાઓએ આપણા આંતરિક જીવનના ક્રમિક ધીરા આરોહણની માત્રાઓ નક્કી કરી છે. આ સોપાનપરંપરા દ્વારા જન્મના સાહસ માટે નીચે ઊતરેલો આત્મા પગથિયે પગથિયે પાછો ઉપર ચઢે છે, પ્રકૃતિ પોતાના દિવ્ય સ્વરૂપ પ્રત્યે આરોહે છે. આપણું

જીવન પરમાત્માના પરમ બલિદાનરૂપ છે. જગદંબાએ જાતને આહુતિરૂપે હોમી પોતાના ચિદાત્મામાંથી આપણું શરીર સર્જ્યું છે. આપણી મર્ત્યતા આત્માની પ્રતિમા છે. એની રચનામાં મહત્તર ભુવનોએ સામગ્રી આપવાનું કાર્ય કર્યું છે. આની સ્મૃતિઓ આપણી જડ નિદ્રામાં દટાયેલી રહેલી છે. માનવ જીવનના વિકાસ પામતા જતા ભાગ્યવિધાનમાં અને અમૃતત્વ પ્રતિની એની પ્રતિયાત્રામાં એ પોતાનો ભાગ ભજવે છે. આપણી અંદર રહેલો અંતરંગ અંતર્યામી પ્રશાંત ભાવે એને અનુમતિ આપે છે, અને મહામહિમાવંતી પોતાની યોજનાને પાર પાડવા માટે નાનો શો આરંભ અપનાવી લે છે. વિશ્વનું જીવન એક શ્રમસાધ્ય પ્રયત્નરૂપ છે, અર્ધ-દોરાયેલું આલેખન છે. સમય આવતાં એનો આખો ઉદ્દેશ ઓચિંતાનો ઉઘાડો થઈ જશે, અને દિવ્ય કલાકારનો આનંદ મનની મંડૂકતાનો ઉપહાસ કરશે.

વિશ્વ એટલે અનેક મિલન પામતાં ભુવનોનું આલેખન. એ દેવોનો એક ઘન છે. એનામાં એકતાનો સ્ફાટિકવત્ સંયોગ સધાયો છે. અચેતન અવકાશશૂન્યમાં સચૈતન્ય વિરાટ અવસ્થિત થયેલો છે. દીર્ઘ કાળની પૃષ્ઠભૂ પર મનુષ્ય શાશ્વતતાનું સંક્ષિપ્ત રૂપ ધારી પ્રકટ થયો છે. એક નાનકડા બિન્દુએ આનંત્યોને પ્રકાશમાં આણ્યાં છે. વિશ્વ એક રહસ્યમયી અદ્ભુત પ્રક્રિયા છે. શૂન્ય અને સર્વરૂપ એક બની ગયાં છે. પ્રભુનાં વિરાટોમાં નિત્ય નિવસતો શિશુ પ્રાકૃત રૂપમાં પ્રાદુર્ભાવ પામ્યો છે.

એક ધીરો વિપર્યય આરંભાતાં અદૃશ્ય અગ્નિમાંથી વાયુનો ઉદ્ગાર થયો. એમાંથી નવ લખ તારા તગમગવા લાગ્યા. નવી જન્મેલી જગતીની જમીન ઉપર પ્રભુનાં પગલાં સંભળાયાં. પૃથ્વીના અજ્ઞાનના ગાઢા ધૂમમાંથી એક મન જોવા લાગ્યું, ને અજ્ઞાન રાત્રિમાં જ્ઞાન માટે ફંફોળવા લાગ્યું. પ્રકૃતિની પથ્થરની પકડમાં પકડાયેલી એક શક્તિ ગૂઢ યોજનાનુસાર કામે લાગી. જડતત્ત્વને એણે સચેતન બનાવવા માંડ્યું. શૂન્યમાંથી સર્વમયનો પ્રસવ થયો. સૃષ્ટિની આત્મા માટેની શોધ આરંભાઈ. ઘૂમરી લેતા વિશ્વમાં આત્માને સ્વપ્ન આવ્યું ને જીવનના રસમાં જાણવા માગતું મન વહેવા માંડ્યું. દિવ્ય વિચારને દ્રવ્યમયી માતાએ ધાવણ ધવડાવ્યું. અનંતતાએ સાન્ત ચૈત્યનું રૂપ લીધું. એક ભમતા બિન્દુમાં આખો સાગર સમાયો. કાલનિર્મિત દેહ અપરિમેયનો આવાસ બન્યો.

આ રહસ્યમયતાને જીવવા માટે આપણા આત્માઓ આ લોકમાં આવ્યા છે. આપણાં ક્ષણક્ષણનાં પગલાંની પૂઠળ એક સર્વદર્શી દ્રષ્ટા છુપાઈ રહ્યો છે. એણે આપણને જેમ અગાધ ગર્તમાં જન્મ અને જીવન લેવા પ્રેર્યા છે તેમ તે અગોચર શૃંગો પ્રત્યે પણ આપણને પ્રેરી રહ્યો છે. કાળના યાત્રી અશ્વપતિને એનો સાદ સુણાયો હતો. તેથી જ તે આખી સૃષ્ટિનો ભાર ઉપાડીને, પોતાના એકલ બલનું આલંબન લઈ યાત્રા કરી રહ્યો હતો. એક અશરીરી નિ:સ્પંદતા, એક અનામી જ્યોતિ એને બોલાવી રહી હતી. એને માથે ઊર્ધ્વમાં હતો અવિચલ પ્રકાશ, એની આસપાસ હતું સનાતન મૌન. એના ઉચ્ચ પ્રયાસે કોઈ અંતનો સ્વીકાર કર્યો નહોતો.

એની યાત્રા અખંડ ચાલતી હતી. માર્ગમાં એક પછી એક ભુવનોએ પોતપોતાની સાચવી રાખેલી શક્તિઓ એની આગળ ઉઘાડી કરી, સ્વર્ગ પછી સ્વર્ગે પોતાનાં પરમસુખો પ્રગટ કર્યાં. પરંતુ અદૃશ્ય અદ્‌ભુત ચુંબકે રાજાના આત્માને ઊંચે ને ઊંચે આકર્ષવાનું ચાલુ રાખ્યું. સઘળી સર્જાયેલી વસ્તુઓના અનાવૃત શિખરે કોઈ એક અગોચર લક્ષ્ય પ્રત્યે અશ્વપતિ આરોહતો રહ્યો.

સર્ગ ૨

# સૂક્ષ્મ દ્રવ્યનું રાજ્ય

રાજા અશ્વપતિને પડદા પાછળ આવેલો ભુવનોનો જે મહાપુંજ દેખાયો હતો તેનો પરિચય સાધવા હવે એ ગૂઢમાં પ્રવેશે છે.

આપણા ક્ષુદ્ર બાહ્ય સ્વરૂપને ઓથે એને આધાર આપનાર આપણા નિગૂઢ આત્માનું એક અગોચર ક્ષેત્ર છે, પરંતુ પૃથ્વીના જડ આવરણને કારણે આપણે એને જોઈ શકતા નથી. ત્યાંનું વાતાવરણ સ્ફટિકના જેવું શુદ્ધ અને ચમત્કારી લાગે એવું છે. ત્યાં જે જીવન છે તે માંસમાટીને આધારે જીવમાન નથી. એ છે સૂક્ષ્મ દ્રવ્યનું રાજ્ય. પૃથ્વી ઉપરની વિકૃતિઓ ત્યાં દૃષ્ટિને દૂભવતી નથી. ત્યાંની સર્વ વસ્તુઓ હોય છે સુન્દર અને સાચી ને એમની મનોમોહકતા જેવી તેવી હોતી નથી. આપણી દૃષ્ટિ ત્યાં દિવ્ય પ્રત્યે ઊઘડે છે, સંગીતમયતા શ્રવણને ભરે છે, હૃદય પ્રાણ-શક્તિનો ઊંડો શ્વાસ લેવા માંડે છે.

આપણા આ લોકમાં જે કંઈ છે તેનું જ્યોતિર્મય આદર્શ સ્વરૂપ ત્યાં જોવામાં આવે છે. અહીં જેને માટે મોઘ પ્રયત્ન થાય છે અને જેની પ્રાપ્તિ પણ મોઘ બની જાય છે તે સર્વ ત્યાં સિદ્ધાવસ્થામાં વિદ્યમાન છે. પૃથ્વી ઉપર જે અવશ્ય થવાવાળું હોય છે તે પ્રથમ ત્યાં આવીને વિશ્રામ લે છે ને અહીં આવવા માટેના અવસરની રાહ જુએ છે. ભાવિનાં અદ્ભુતો તહીંનાં ગહનોમાં ઘૂમતાં હોય છે. આપણી અવ-તરંતી ભૂમિકાની એ ઝળહળતી છત છે. અમર આદિત્યોથી અને પ્રભુની વર્ષાઓથી ઢાલ બનીને એ પાર્થિવ મનને સંરક્ષે છે. એ છતમાં થઈને એ માત્ર થોડી ઝળહળતી ઝાંયોને અને અમરોના આભનાં આભા ભર્યાં ઓસનાં ટીપાંઓને નીચે આવવા દે છે. પૃથ્વીલોકના જીવનનું સંચાલન કરતી શક્તિઓનો એ સંચારમાર્ગ છે. પ્રકૃતિની જડ દીવાલો પાછળ જડ દ્રવ્ય સાથે મનનું જે મિલન થાય છે તે સૂક્ષ્મમાંથી સર્જાયેલો એ લગ્નમંડપ છે. એમાં થઈને સ્વર્ગના સંકેતો ચોરને પગલે આ લોકમાં આવે છે. એ છે તેને લીધે પૃથ્વી સૌન્દર્ય ને રૂપની પૂર્ણતા માટે પ્રયત્ન કરે છે. સનાતન શિશુની આરંભની લીલામાં એના ઊડી આવતા વિચારો ત્યાં સ્વપ્નસેવી વિરામ કરી પછીથી કાળસિન્ધુમાં તરવાને ત્યાંથી ભૂસકો મારે છે.

અહીં જે માત્ર આભાસ છે તે ત્યાં વધુ મનોહર રૂપે રાજતું હોય છે. આપણાં હૃદયોની ભાવનાઓ અને મસ્તિષ્કનાં સર્જનો ત્યાંથી નિર્વાસિત થઈ પૃથ્વીની રંગછાયા ધારણ કરવાનું કબૂલે છે. અહીં જે માત્ર સુન્દર છે તે ત્યાં દિવ્ય રૂપમાં

હોય છે. કલ્પી ન શકાય એવાં અનુપમ સ્વરૂપો ત્યાં નયનગોચર બને છે. ભવિષ્યની ચમત્કૃતિઓ ત્યાંનાં ઊંડાણોમાં ભમતી હોય છે. એના બહારના ઓરડાઓમાં ઓજસ્વી એકાન્ત છે ને ત્યાં જડદ્રવ્યનો ને ચૈત્યાત્માનો સમાગમ સધાય છે, અને એમના સુભગ સ્નેહાલિંગનમાં ઉપરનું ને નીચેનું જગત એકતા અનુભવે છે. અચિત્‌ના સાહસ માટે અનંતમાંથી ઊતરેલો આત્મા ત્યાં ભૂમિસ્પર્શ પામે છે. જન્મમરણના પ્રભાવમાંથી મુકત અમરતાનું આવરણ એ ત્યાં ધારે છે અને પાર્થિવ શરીરો કરતાં ક્યાંય વધારે સત્ય સ્વરૂપે પોતાની પદવીના પ્રમાણમાં પ્રકાશે છે. સ્થૂલ શરીર પડયા પછી જીવ સ્થૂલતાના બોજામાંથી મુકત થતો થતો એ સૂક્ષ્મ શરીરે એક પછી બીજા ઉચ્ચતર લોકમાં જાય છે અને અંતે શિખરો પર શુદ્ધ આત્મસ્વરૂપ ધારી એ સનાતને સિધાવે છે. પછીથી જ્યારે એ પાછો અવતાર લે છે ત્યારે એને પાર્થિવ લોકનો સ્થૂલ પોશાક પહેરવાનો થાય છે.

આ દૃષ્ટિસંપન્ન ને પરમસુખમાં રહેલું અલૌકિક જગત માત્ર અભિવ્યકિતની ને પૂર્ણતા ધરાવતાં રૂપોની જ પરવા રાખે છે. શિખરો પર એ રૂપાળું રઢિયાળું હોવા છતાં નિમ્નમાં એની ભયાનક ભૂમિકાઓ આવેલી છે. ગર્તોની ઘોરતાનેય એ સુન્દર સ્વાંગ સજાવે છે. જોખમભર્યા દેવતાઓનેય એ વશીકરણ કરતી મોહક આંખો આપે છે. નરકના દૂતોને ને સર્પોને એ મનોહર બનાવી દે છે. આમ અમર રહી આપણે માટે એ મરણનું કાળું કફન વણે છે ને આપણી મર્ત્યતાને અધિકારધારી બનાવે છે.

આ માધ્યમ એક મહત્તર સેવાનું કામ કરતું હોય છે. જડદ્રવ્યનાં જગતોની એ સૂક્ષ્મ ભૂમિ છે અને એમનાં નાશવંત રૂપોમાં પોતે અવિનાશી રહે છે. એની સ્મૃતિમાં વિનાશી વસ્તુઓના અમર આદર્શો એ વીંટામાં સાચવી રાખે છે. એનાં હીન બલો આપણાં પતિત સામર્થ્યોનો પાયો છે. પૃથ્વીના પંકનેય એ સ્વર્ગોથી સમૃદ્ધ બનાવી દે છે. એનું સૌન્દર્ય કર્દમનું મો'રું પહેરે છે, એનું કલાશિલ્પી શુભ આપણાં અનિષ્ટોનું આખ્યાન બની જાય છે. ઊર્ધ્વમાં એ છે સર્જક સત્યોનું સ્વર્ગ, મધ્યમાં છે સંવાદસભર સ્વપ્નાંની સૃષ્ટિ અને એના નીચેના ભાગમાં એ છે નાશવશ થતાં રૂપોની અંધાધૂંધી. અંતે એ અચિત્‌ની આધાર ભોમમાં અંતર્લીન થઈ જાય છે.

આ પ્રકારે પ્રભુએ રાત્રિમાં ભૂસકો મારી અવતરણ કર્યું છે. અહીંના જીવો દિવ્યતાનું ગુપ્ત નિવાસસ્થાન છે અને એમને આ પતિત પૃથ્વી ઉછેરે છે. અર્થ વગરના શૂન્યમાં એક સત્‌ જાગ્યું, વિશ્વવ્યાપી અવિદ્યાએ પ્રાણની ને વિચારની પ્રત્યે પ્રયાસ આદર્યો, મનોરહિત નિદ્રામાંથી ચેતના ઝબકી ઊઠી. એક અજ્ઞાન સંકલ્પથી સર્વ હ્યાં સંચાલિત થાય છે. અવચેતન સ્મૃતિની સહાયથી પૃથ્વી સર્જતી બની છે. એના અંધ દ્રવ્યમાંથી સ્વર્ગલોકના સૌન્દર્યે જન્મ લેવાનો છે. એક મૃત દેવે એને માટે સોનેરી વારસો રાખેલો છે અને એ દિવ્ય વારસાને એણે પોતાનો બનાવવાનો છે, પોતાના વારસાહકનું ખતપત્ર શબ્દો સંયોજી પાછું તૈયાર કરવાનું છે. પૃથ્વી

પોતાની ઢંગ વગરની ધૂળમાં આ સમસ્ત દિવ્યતાનું ધારણ કરી રહી છે. એણે પોતાના દિવ્ય નામને દાવો કરી જીતી લેવાનું છે. પરંતુ અત્યારે એની મહાશક્તિ મામૂલી રૂપોમાં બંધાઈ રહેલી છે. એની પાસે જે ઓજારો છે તે બૂઠાં છે. મૃત્યુના પ્રદેશમાં રહી એણે અમરતા મેળવવાની છે. દેવો માટેય અશક્ય એવું મહામુશ્કેલ કાર્ય પાર પાડવાનું છે. બંધનમાં પડેલા આત્માએ પ્રકૃતિના પ્રભુ બનવાનું છે. અચિત્‌ના અંધકારમાં આત્મા ઊતરી આવ્યો છે, પરંતુ નીચેની પ્રકૃતિ ઉપર પ્રભુત્વ પ્રાપ્ત કરી પરમાત્મ ચેતનાની સિદ્ધિ એણે સાહસપૂર્વક હસ્તગત કરવાની છે; કેમ કે એના મૂળમાં ઉભય વચ્ચેની એક અંતરંગ સગાઈ રહેલી છે અને એ એને સતત પ્રેરતી રહે છે. અહીં આપણે જે કંઈ સાધવા પ્રયત્ન કરીએ છીએ તેનું અસલ રૂપ પૂર્ણતાના એક ઊર્ધ્વ પ્રદેશમાં રહેલું છે અને એને પ્રાપ્ત કરવા માટે આપણી દૃષ્ટિ એ તરફ વળે છે. અહીંના પસાર થઈ જતાં રૂપોમાં જે સર્વથા પૂર્ણ છે તેને પકડવું, કાલનિર્મિત વસ્તુઓમાં શાશ્વતનો સ્પર્શ અનુભવવો એ સર્વ પ્રકારની સંપૂર્ણતા માટેનો નિયમ છે. સ્વર્ગની યોજનાના ટુકડા અહીં આપણી પકડમાં આવે છે. એ જો ન હોત તો મહત્તર જીવનની આશા એળે જાત. એક અમોઘ જ્વાલા સ્થૂલના પ્રતિબંધો વીંધીને સોંસરી આવે છે અને આપણે સર્જક શક્તિનાં પાત્રો બનવા પામીએ છીએ. એના આગમને આપણા પ્રાણમાં દિવ્ય ઉત્સાહ વ્યાપે છે, આપણા ગૂઢ ભાગો હલમલી ઊઠે છે, અંગો આનંદમયી વેદનાથી કંપમાન થઈ જાય છે, હૃદયમાં સૌન્દર્યનું નૃત્ય મચે છે, સનાતન મનનો વિચાર સમીપવર્તી બની જાય છે અને જેણે કદી રૂપ લીધું નથી તે વસ્તુનાં પ્રતીકાત્મક સૂચનો અદૃશ્યમાંથી ઊતરી આવે છે. પરંતુ આપણી માંસમાટી અલ્પ સમયમાં જ એને પ્રત્યુત્તર આપવાનું બંધ કરી દે છે અને પરિણામે જે આવ્યું હોય છે તેમાંનું બહુ થોડું જ અહીં રહેવા પામે છે.

પૃથ્વીની વિરલમાં વિરલ કૃતિઓ સ્વર્ગીય કલાની કેવલ અનુકૃતિઓ હોય છે. પાર્થિવ રૂપો અંદર રહેલી વસ્તુને છુપાવે છે અને સ્વયંભૂ સ્વરૂપોની માત્ર વિડંબના કરે છે. અહીં તો પૃથ્વી ઉપરનાં રૂપોની ખાલી નકલ કરવામાં આવે છે. પાર્થિવ સ્વભાવને માટે જે અત્યધિક દિવ્ય છે ત્યાં આપણી દૃષ્ટિની પહોંચ પહોંચતી નથી. એવું બધું પરમાત્માના પરમ વ્યોમમાં વિશુદ્ધ અને અમર રૂપે પોતાનો નિત્યનો નિવાસ રાખી રહેલું હોય છે.

પણ પરાત્પરની એક રેખા આપણા માર્ગને આવી મળે છે અને જે અકાળ તથા સત્ય છે તેની સાથે આપણને સંયોજી દે છે. આ પ્રકારનું સંયોજન થતાં આપણને અનિવાર્ય અમોઘ શબ્દની પ્રાપ્તિ થાય છે અને આપણે દેવોનાં છે તેવાં કામ કરવાને શક્તિમાન બનીએ છીએ. નિત્યજીવી વિચાર આપણામાં પ્રસ્ફુરણ પામે છે. પ્રકાશની લહરી પર શાશ્વત સત્તાઓનું આગમન થાય છે અને અલ્પકાળ માટે એ આપણી મહેમાનગીરી માણી જાય છે. આ ઝગારાઓ આપણા જન્મના રહસ્યમાં રહેલા છે. આપણને એ ભાવિ-નિર્માણનો ગુપ્ત ચમત્કાર બતાવી જાય છે.

આપણે ઊર્ધ્વમાં જે છીએ અને ભવિષ્યમાં જે થવાના છીએ તે એક સ્પર્શ અને સાદ દ્વારા આપણી સમક્ષ સાકાર બને છે.

આપણો આ મહિમા આપણી અંદર પાછો ખેંચી રખાયેલો છે. પૃથ્વીનું શંકા સેવતું ભવિષ્ય આપણા આ વારસાને સંતાડી રાખે છે. પરંતુ દૂરની જ્યોતિ એકદા અહીંની વતની બનશે અને અવારનવાર આપણને મળવા આવતું મહાબળ આપણો સદાનો સાથી બની જશે.

આત્માનો ઉજ્જ્વળ મહિમા આપણું કાલાતીત મૂળ છે અને અંતહીન કાલમાં એ આપણા માથાનો મુગટ બની જશે. આપણી આસપાસ અને આપણી અંદર એક બૃહદ અજ્ઞાત આવેલો છે. એક સક્રિય એકાત્મક સ્વરૂપમાં વસ્તુઓ વીંટામાં રખાયેલી છે. આપણે એકલવાયા ને અળગા પડી ગયેલા નથી. આપણો આત્મા ભવ્યતર ભુવનો સાથે વ્યવહાર કરે છે. આપણાં છે તેના કરતાં અધિક સુખિયાં પૃથ્વીઓ અને સ્વર્ગો છે. પ્રકટતા નહિ પામેલાં આત્માનાં મહારાજ્યો વિરાજે છે ને ત્યાંથી આપણા ચૈત્યાત્માનું નિગૂઢ તત્ત્વ આવે છે. પ્રત્યેક ભૂમિકામાં ઉત્તરોત્તર પ્રકટ થતી શકિત અજન્માની પૂર્ણતાની કોઈ એક વિશેષતાને અભિવ્યકિત આપવા માગે છે, સર્વજ્ઞ જ્યોતિનું કોઈ એક દર્શન, અમર સંગીતકારનો દૂરનો કોઈ એક સૂર, સર્વસર્જક આનંદનો કોઈ એક ઉલ્લાસ, અવર્ણ્ય સૌન્દર્યની કોઈ એક અદ્‌ભુત રૂપયોજના અહીં પ્રકટાવવા માગેછે.

પરમોચ્ચ પ્રદેશોની નિકટતા રાખતાં ભુવનોમાં સત્યને ત્વરિત પ્રત્યુત્તર મળે છે. આત્મા ત્યાં દેહથી બાધિત થતો નથી, હૃદય ભેદભાવથી ભેદાતું નથી, સુખ અને સુન્દરતા ત્યાંનાં નિત્યનાં નિવાસી છે અને પ્રેમ ને માધુર્ય જીવનનો સ્વાભાવિક ધર્મ બનીને ત્યાં રહેલાં છે. પૃથ્વીલોક જેનાં સ્વપ્નાંમાત્ર સેવે છે, તેવું સૂક્ષ્મ દ્રવ્યનું એક બનેલું સૂક્ષ્મ શરીર દેવોને મૂર્ત્તિમંત બનાવે છે, સકલને રૂપ આપતા અગ્નિને અધીન રહી દેવસ્વરૂપના આકસ્મિક સ્પર્શને ઉત્તર આપે છે, આપણાં બહેરાં હૃદયોને જે સંભળાતો નથી તે શબ્દને સાંભળે છે, અમરોની આંખોએ જુએ છે, રંગરેખાનો માર્ગ લઈ છેક સૌન્દર્યના પોતાના ધામ સુધી પહોંચી જાય છે.

આમ આપણે સર્વાશ્ચર્યસ્વરૂપની સમીપે સરીએ છીએ. સૌન્દર્ય એનાં પગલાંનું ચિહ્ન છે, પ્રેમ છે એના હૃદયનો મર્ત્ય હૃદયમાં ચાલતો ધબકારો, સુખ છે એના આરાધનીય આનન ઉપરનું સુસ્મિત. ત્યાં અધ્યાત્મ વ્યકિતઓનો વ્યવહાર ચાલતો હોય છે, અંતર્યામીની પ્રતિભા ત્યાં સર્વને અંતરંગ સંબંધમાં આણે છે; આપણામાં અખિલ ને અખિલમાં આપણે, એવો અનુભવ આત્માને વિશ્વની વિશાળતા સાથે અભિનવ સંબંધમાં સ્થાપિત કરે છે, દ્રષ્ટા અને દૃષ્ટ વસ્તુ એકરૂપ બની જાય છે, શિલ્પી અને એનું શિલ્પ અંદરથી અભિન્ન બની પૂર્ણતાને પ્રાપ્ત કરે છે. આપણે અહીં જેને મહાશ્રમે સિદ્ધ કરીએ છીએ તે આ સૂક્ષ્મના જગતમાં

સ્વયંભૂ હોય છે.

આપણામાંય એ અંતર્જ્ઞાની અગ્નિ જાગ્રત કરી શકાય છે. આપણાં હૃદયોમાં એક કાર્યસાધક પ્રકાશ પડોમાં લપેટાયેલો રહ્યો છે. દિવ્યતાની ભોમોમાં એનું ગૃહ છે. નીચે ઊતરતાં એ પોતાનાં સ્વર્ગોને અહીં લાવી શકે છે. પણ આ અગ્નિની જવાળા જવલ્લે જળે છે ને જળે છે ત્યારેય અલ્પ કાળ માટે જ. એના દ્વારા ઉપરનો જે આનંદ આવે છે તે પૂરેપૂરો હોતો નથી. એક પડદો આડે પડેલો છે. કંઈક છું સંકેલી રખાયેલું હોય છે, કેમ કે આપણા આત્માઓ જો એના સૌન્દર્ય પર મોહી પડે ને એના મહાસુખના બંદીવાન બની જાય તો તેઓ સર્વોચ્ચને માટે અભીપ્સા રાખવાનું ભૂલી જાય એવો ભય રહેલો છે.

આ લોકની પાછળ આવેલા એ સૂક્ષ્મ જગતમાં રૂપનો મહિમા જ સર્વ કાંઈ છે ને સ્થૂલના દેવતાઓ ત્યાં રાજા બનીને રાજમાન છે. ત્યાં પ્રેરક પ્રકાશ છે ખરો, પણ તે રૂપાળી મર્યાદાઓમહીં રહી પ્રવર્તે છે. કુદરતની કૃપાથી ત્યાં અનવદ્ય સુષમાની સ્વાભાવિક અસ્તિ છે. સ્વતંત્રતાની સ્થિતિ ત્યાં પૂર્ણતાની ગેરંટી છે. જોકે ત્યાં કેવળ પરિપૂર્ણ રૂપ નથી, સાપેક્ષ નહિ એવો શબ્દ નથી અને જેને અધ્યાત્મ કહેવાય એવો આનંદ નથી છતાંય ત્યાં જે છે તે મનોહરતાની મોહિની છે. ત્યાં સર્વ સ્વયંસંતુષ્ટ છે, સમગ્ર છે, મર્યાદાઓની મધ્યમાં પૂર્ણ છે. અલ્પ ક્ષેત્રમાં ત્યાં આનંદનો ઉલ્લાસ છે, આસપાસ જે હોય છે તેને અનુરૂપ ત્યાં સામંજસ્ય સધાય છે. સર્વ ત્યાં સ્વયંપર્યાપ્ત છે, એને અન્ય કશાની આવશ્યકતા રહેતી નથી. આ જગતમાં નથી કસોટીઓ, નથી વિરોધો ને નથી દુ:ખ. ભયને ને સંતાપને ત્યાં સ્થાન નથી, દોષને ને નિષ્ફળતાને ત્યાં અવકાશ નથી.

રાજા અશ્વપતિ આ દિવ્યતાયુક્ત અને નિકટની સગાઈવાળી દુનિયામાં ચાલતો હતો. દેવોનાં રમકડાં જેવી પરિપૂર્ણતા ત્યાં પ્રકાશતી હતી. મર્ત્યતાનું સ્વરૂપ હોવા છતાં એ હતી અમર, પોતાના જ સૌન્દર્યના અને સંમુદાના બંદીખાનામાં બંદીવાન. એક આસમાની ક્ષિતિજ ચૈત્ય પુરુષને સીમિત કરતી હતી. પોતાના દરિદ્ર ઘરમાં સુરક્ષિત રહેલી જિંદગી ત્યાં પોતાનાં નાનકડાં કામમાં લાગેલી રહેતી, રમ્યા કરવાનું રાખતી કે નિદ્રાનું સેવન કરતી. કરવા માટેનું મહત્તર કાર્ય એ ભૂલી ગઈ હતી. એ એક ચકમકતા ચીલામાં ચાલ્યા કરતી, બાળકની માફક સુખના સોનેરી પારણામાં ઝૂલતી. ઊર્ધ્વનાં આકાશોનો સાદ એના મંત્રમુગ્ધ આવાસ સુધી પહોંચતો ન 'તો. વિશાળાં ને જોખમભર્યાં ઊડણો માટે એની પાસે પાંખ ન 'તી. ઊર્ધ્વના ને અતલ ગર્તના મહાભયનો સામનો કરવાની એને જરૂર ન 'તી. ગુમાવેલાં આનંત્યો પાછાં મેળવવા માટેની ઝંખના એનામાં જાગતી ન 'તી.

કોઈ એક સર્વાંગસુંદર ફ્રેમમાં કોઈ એક સર્વાંગસુંદર ચિત્ર જેવી આ સૂક્ષ્મ ભૂમિકાની જાદૂઈ કલાકારીગરી અશ્વપતિના સંકલ્પને ત્યાં રોકી રાખવા સમર્થ ન નીવડી. ક્ષણ માટે એણે ત્યાં એક સુખભર્યા છુટકારાનો દમ લીધો. વધુ વખત એ

ત્યાં રોકાયો નહિ, કેમ કે આપણો આત્મા અસ્તિત્વની બાહ્ય સપાટીઓથી થોડી વારમાં જ શ્રાન્ત થઈ જાય છે અને રૂપનો ભભકો પાછળ મૂકી આગળ જાય છે ગુપ્ત શક્તિઓ અને ગૂઢતર અવસ્થાઓ પ્રત્યે વળે છે ને મહત્તર જ્યોતિ માટે પાર પાર મીટ માંડે છે.

અશ્વપતિએ કાળના આવાસનું આ આભાભર્યું આંગણું પાછળ મૂક્યું અને એના આત્માએ શિખરોનું આરોહણ આરંભ્યું. જડદ્રવ્યનું આ સૂક્ષ્મ અને સુખ-સભર સ્વર્ગ એણે તજ્યું. એનું ભાગ્યનિર્માણ તો પર પાર આવેલા વિશાળતમ વ્યોમમાં આવેલું હતું.

# પ્રાણનો મહિમા અને વિનિપાત

હવે એક ખડબચડા પહોળા ચડાવે રાજાના ચરણોને લલચાવ્યા. દેહબદ્ધ મનની સીમાઓ ઓળંગીને અશ્વપતિ વિશાળાં ને તમોમલિન વિવાદગ્રસ્ત ક્ષેત્રોમાં પ્રવેશ્યો. અજ્ઞાત ત્યાં આંખો સામે આગળ આવતું. પ્રશ્નનો ઉત્તર આપનારું ત્યાં કોઈ મળતું નહિ. અણઉકેલાયેલા કોયડાથી આકર્ષાઈ, કંપમાન પાયા ઉપર સ્થળ-ફેર કર્યા કરતી પરિસીમાઓ મધ્યે આવેલી સન્દેહોની ભૂમિમાં એ ચાલતો હતો. સરહદ સામે દેખાતી 'તી પણ ક્ષિતિજે જેમ પહોંચી શકાતું નથી તેમ ત્યાં પહોંચી શકાતું ન 'તું. બધું જ ત્યાં ભટકણિયું હતું, અંત વગરના અસંખ્ય માર્ગોની યાત્રા જેવું હતું. ત્યાંનું કશું જ હૃદયને સંતોષ આપી શકતું ન 'તું. અનંતની સનાતન શાન્તિમાં બધું જ ત્યાં ક્ષુબ્ધવિક્ષુબ્ધ રહેતું. ત્યાંનું જીવન રૂપોના નિયંત્રણમાંથી નીકળી ગયું હતું. કાળમાં રહેલો ભય એને હાંકતો ન 'તો, દુર્ભાગ્યથી એ ડરતું ન 'તું, દુઃખની ને પતનની એને પરવા ન 'તી. જોખમો સામે એ ઝૂઝતું, ચૈત્યના અણ-શોધાયેલા પ્રદેશોમાં ઘૂમતું, અનેક સત્યોને અજમાવી જોતું, અસંતુષ્ટ રહી અનિશ્ચિત અંત પ્રત્યે ગતિમાન રહેતું. કોઈ વાર એ પોતાની ઉપર પ્રભુત્વ પ્રકટ કરતું, કોઈ વાર કોઈનું રમકડું બની જતું, કોઈ વાર ગુલામના જેવું વર્તન કરતું. એનામાં દેખાતી 'તી અસંબદ્ધતા. એકેએક શક્યતાનો એ પ્રયોગ કરતું. પીડા ને પરમસુખ— ઉભય એના વિનોદો હતાં. મહાપલટાઓમાં એના ઘોડાની પડઘીઓ પડતી. પરિસ્થિતિની શરતદોડમાં એ ઊતરતું, શિખરે એ ચડતું ને ખાડામાંય પડતું, ઊંચે ઉઠાવાતું કે કાળચક્રની અડફટમાં આવી ભોંયભેગું થઈ જતું. કોઈ કોઈ વાર એ કુદરતના કીચડમાં કીડો બની જઈ અમળાતું તો કોઈ કોઈ વાર ઘોર આસુરી સ્વરૂપ ધારી પૃથ્વીનો કોળિયો કરી જતું, સાગરના વાઘા સજતું, તારામુકુટ ધારતું, મહાનાદ સાથે શિખરેથી શિખરે છલંગતું, જગતોને જીતી લઈ એમની પર રાજ્ય ચલાવવા માટે મોટો શોર મચાવી મૂકતું. શોક, દુઃખ ને અલ્પજીવી ઉગ્ર હર્ષોમાં આવી એ પોતાનું ભાગ્ય ચૂકી જતું, લક્ષ્ય ગુમાવી બેસતું. કશાથીય એ તૃપ્ત થતું નહિ. નવામાંય એને જૂનું મુખ દેખાતું. પરિવર્તનો એના અસુખને અવિચ્છિન્ન બનાવતાં. પ્રેરણા માટે એને સુખદુઃખની એડીની જરૂર પડતી. સુખનો અભિલાષ રાખી એ નરકમાં પગલાં માંડતું. યદૃચ્છા એને પસંદ છે. જોખમની સાથે એણે દોસ્તી બાંધી છે. દુર્ભાગ્યના દોલા ઉપર એ દોલાયમાન થાય છે. પરંતુ પ્રાણચેતનામાંથી પ્રકટતું

જીવન મૂળ આવ્યું છે અકાળમાંથી અને સૌન્દર્ય તેમ જ સુખ એનો જન્મસિદ્ધ હક છે, અનંત આનંદ એનું સનાતન સ્થાનક છે.

આવા એક જગતે પોતાના પુરાણા આનંદમય મુખને હવે પ્રકટ કર્યું. અશાન્ત, દુ:ખી, ભીતિગ્રસ્ત અને બિનસલામત જમીન ઉપર ચાલતા રાજા અશ્વપતિએ એક વધારે સુખી અવસ્થાની છબી જોઈ. સ્વર્ગ જેટલું દૂર અને આશા જેટલું નજીક પ્રાણમય ચેતનાનું શોકરહિત રાજ્ય વિરાજતું દેખાયું. દૃષ્ટિગોચર આકાશોથી ન્યારાં બીજાં આકાશોમાં તારાઓ તરતા દેખાયા. વિચિત્ર સુખવૈભવથી વિલસતા ગોલકો ત્યાં આવેલા હતા. નીચે જે દુ:ખ છે, મથામણ અને મલિનતા છે, રાગદ્વેષ અને વિષાદ છે, તેનાથી અસ્પૃષ્ટ અને સ્વાભાવિક સંમુદાસંપન્ન ભૂમિકાઓનો એ પ્રદેશ હતો. ત્યાં સર્વ કંઈ સુન્દર હતું, સંતોષમાં રહેતું 'તું, પોતપોતાના અમર આમોદની પ્રતીતિમાં પ્રતિષ્ઠિત હતું. ત્યાંની વસ્તુએ અહીંની સામગ્રીથી નહિ પણ કોઈ ન્યારી જ સામગ્રીમાંથી સર્જાઈ હતી. એ એટલી બધી ઉચ્ચ હતી કે માનવ દૃષ્ટિ ત્યાં પહોંચવા અસમર્થ હતી. ત્યાંની આનંદમયતા આપણે માટે અગમ્ય હતી.

પરંતુ આપણા અભિલ્ષતા હૃદયની ને સ્થૂલ સંવેદનાની નિકટમાં વાસ્તવિક એવાં પરમાનંદનાં રાજ્યો રહેલાં છે. મૃત્યુની ને કાળની પકડમાં એ આવતાં નથી. શોક ને કામનાથી એ ઝલાતાં નથી. આનંદમાં એ આળોટી રહ્યાં છે. સ્વપ્નમાં, ધ્યાનમાં, સમાધિમાં પ્રહર્ષોનાં વિશાળાં દૃશ્યો આંખ સામે આવી સરકી જાય છે, ને એમની પાછળ પ્રકાશની એક સ્મૃતિરેખા માત્ર રહી જાય છે. એ એવાં તો વાસ્તવિક અને આનંદમય છે કે જો એ સ્વપ્નજન્ય હોય તો પણ તેઓ પૃથ્વીની વૃથા વાસ્તવિકતાઓને વ્યર્થ અને વિતથ બનાવી દે છે. એક ક્ષિપ્ર ને ચિરંજીવ ક્ષણમાં સ્થિર થયેલાં તે રહે છે. અમર જ્યોતિનાં એ અવિનાશી સ્વર્ગો, જામલિયા શાંતિના પ્રકાશમાન પ્રદેશો, પ્રભુના આમોદપ્રમોદના સાગરો અને સરિતાઓ અને નીલલોહિત સૂર્યોના અશોક દેશો છે અને સ્મરતાંમાં તે આંખો સામે ઉપસ્થિત થાય છે.

કલ્પનાના આ એકવારના સ્ફુરતા સિતારાએ, ધૂમકેતુની સ્વપ્નમયી સુરેખાએ હવે સમીપવર્તી સ્વરૂપ ધારણ કર્યું. સ્વર્ગના સત્યની ને પૃથ્વીની વાસ્તવિકતા વચ્ચેનો મહાગર્ત ઓળંગાઈ ગયો. પ્રાણની ભૂમિકાનાં અદ્‌ભુત સ્વર્ગો હવે સ્વપ્નાંનાં મટી ગયાં. એક નિર્જીવ શિખરપ્રદેશે રાજાનું ધ્યાન ખેંચ્યું. એની સીમાઓ આત્માકાશમાં માર્ગ મેળવી પ્રવેશતી હતી અને આકાશીય આધારભોમ પ્રત્યે ઢળતી હતી. ત્યાં પ્રાણચેતનાના પરમાનંદનો સાર ટમકતો હતો. એક ગૂઢ અધ્યાત્મ શૃંગ પર ચમત્કારી રૂપાન્તર સાધતી એક રેખા જ જીવનને અરૂપ અનંતથી અલગ રાખતી હતી, કાળને શાશ્વતતાથી સંરક્ષતી હતી. વિશ્વપ્રકૃતિની શક્તિના નૃત્યને સનાતનની શાંતિ અવિચળ આધાર ઉપર ધારણ કરે છે.

વિશ્વશક્તિએ દૃષ્ટિહીન શૂન્યનાં બલોમાંથી નક્કર સૃષ્ટિ ઊભી કરી છે. પરમ-

પુરુષના વિચારો વડે એની ગતિને એણે પગલાં ભરતી બનાવી છે. સર્વજ્ઞ પ્રકાશ વડે વિશ્વનાં અંધક કાર્યોને એ અવલોકે છે. પ્રકૃતિની ઇચ્છા થતાં અતિમનસ વિજ્ઞાન અજ્ઞાન બળોને દોરવા લળી આવે છે. એના અસ્થિર સાગરોને વિજ્ઞાનનો ઉચ્છ્વાસ વશમાં રાખે છે. એની ઇચ્છાનુસાર અંતર્યામીથી પ્રેરાયેલું મન અજ્ઞાનના જગતમાં પોતાનો માર્ગ કરે છે. સૃષ્ટિનું અજ્ઞાન સર્વજ્ઞતાને પ્રાપ્ત થાય તેને માટે માનવ અજ્ઞાન પરમ સત્ય પ્રત્યે ગતિ કરે છે ને પ્રકૃતિ પોતાના પ્રભુ સાથે એક બની જવા આરોહે છે. સ્વેચ્છાથી પ્રભુ પ્રકૃતિનો દાસ બની એના તરંગોને અમલમાં મૂકે છે. આપણી મર્ત્યતાનું મુખછદ્મ ધારણ કરી અમૃતાત્મા પ્રકૃતિ માટે પરિશ્રમ સેવે છે. પ્રકૃતિની સૃષ્ટિઓ પોતાના મૂળ રૂપને ખોઈ બેઠી છે, એનાથી વિયુક્ત થઈ વિકૃત ને તમોગ્રસ્ત બની ગઈ છે. એ પણ પોતાની સત્યમૂલ દિવ્યાવસ્થાને પ્રાપ્ત કરી શકે છે, આત્મા અધઃપતન રૂપ મહાદંડમાંથી મુક્ત થઈ ઊર્ધ્વમાં આરોહી શકે છે.

રાજાએ પ્રાણની ચેતનાનો મહિમા ને સાથે સાથે એના પાતાલગર્તોને પણ જોયા. ઊંચે એના ગૌરવની ગાથા ગાજતી હતી. બધું ત્યાં અમરતાના આનંદમાં ઉલ્લસી ને હસી રહ્યું હતું. ત્યાં હતું ચૈત્યાત્માનું નિર્દોષ સનાતન બાલ્ય. જ્ઞાન ત્યાં સત્યસૂર્યના પ્રકાશમાં મુક્ત નિષ્પાપ ભાવે રમતું હતું. પ્રાણનાં ભીષણ હાસ્ય ભર્યાં જગતો પણ હતાં. ત્યાં શ્રમ હતો, સંઘર્ષ હતો, અશ્રુઓ હતાં. જીવન ત્યાં પ્રેમી મૃત્યુની ગોદમાં માથું મૂકી ઢળ્યું હતું અને એની નિદ્રા નિર્વાણની શાંતિનું અનુકરણ કરતી હતી. પ્રાણ કાળમાં લહેરાતો પ્રવાહ બન્યો હતો. માણસનો આત્મા અરાજકતા ભરી ચલચિત્રમાળા બની ગયો હતો. એ જબરજસ્ત સર્જક શક્તિએ આત્માના સ્વપ્નને કરુણનાટિકાની અગાધ ઊંડી રહસ્યમયતામાં પલટાવી દીધું હતું.

પણ સ્વર્ગ ગમ અર્ધમાર્ગ સુધી ઊંચકાયેલાં બીજાં જગતો પણ હતાં. ત્યાં આડે ચક માત્ર હતો, છાયામયી દીવાલ ન 'તી. આપણી પકડ માટે એ અત્યંત દૂર ન 'તાં. આદિ આનંદનું કિરણ ચકમાં થઈ અંદર આવતું હતું. પૃથ્વી પવિત્ર હોત તો સ્વર્ગનો આનંદ એનો બની ગયો હોત, એના માર્ગો પર બધાં બળ ખેલતાં કૂદતાં ને હસતાં ચાલતાં હોત, શરમાવું ન પડે એવે પ્રકારે પ્રેમ લીલા કરતો હોત. પરંતુ પૃથ્વીનાં બારણાં પરમ વસ્તુ પ્રતિ બંધ છે!

પણ રાજાએ જે જગતો જોયાં ત્યાં પ્રભુનો ઉચ્છ્વાસ અનુભવાતો હતો, પરમાત્માના જામાની ઝૂલ ઝગમગતી હતી. પ્રેમ ત્યાં આવાહન પામતો. એનો મધુમધુરો સ્પર્શ લહેવાતો, પ્રકૃતિ એના આલિંગનમાં મહાસુખ માણતી. પ્રેમનું એકતા આણતું સામર્થ્ય ત્યાં ઉદ્ધારતું હતું, જીવો જે આનંદનો ઇનકાર કરે છે તે તેમને ત્યાં બળે બળેય અપાતો હતો. કાળનો સ્વર ત્યાં અમૃત સ્વરૂપના આનંદનું ગાન કરતો હતો; જ્યોતિની ધારે ધારે વસેલા અમર આત્માઓને વિસ્મિત કરતાં વિહંગમો સાદ કરતાં હતાં; સૃષ્ટિ પ્રભુના હસ્તમાંથી જ છલંગીને બહાર આવતી.

અસ્તિત્વ ત્યાં પરમાનંદમય હતું, જીવન હતું આત્માનું હાસ્ય. હર્ષનું ત્યાં હતું રાજ્ય ને પ્રેમ હતો પ્રધાન. વિરોધી વસ્તુઓ પણ પરસ્પર પ્રેમ રાખતી ને મિત્ર બનીને રહેતી. દુર્બળતા ત્યાં નામેય નહોતી, અસત્ય ત્યાં જીવી શકતું નહિ, કલ્પના સત્યની મુકતેચ્છા હતી, બુદ્ધિ હતી સૌન્દર્યની ઉપાસિકા, બળ ત્યાં આત્માની પરિચર્યામાં રહેતું, શકિતએ ત્યાં પરમાનંદને હૃદયે મસ્તક મૂકી રાખ્યું હતું. બધું જ ત્યાં પરમાત્માના પ્રકાશમાં રાજમાન રહેતું. ત્યાંની વસ્તુઓ હતી ભવ્ય અને સુન્દર. સર્વે આત્માઓ ત્યાં રાજમુદ્રાથી રઢિયાળા લાગતા. જીવની બધી જ અદાઓમાં ત્યાં દિવ્યતા દેખાતી. ત્યાં હતો પ્રભુત્વનો પરમાનંદ ને સેવાની સંમુદા. પ્રેમ ત્યાં પ્રેમને આધીન બની ગયો હતો. શુશ્રૂષા ત્યાં સર્વોપરી સત્તા ચલાવતી. બંદી બનેલી જિંદગીએ ત્યાં નિજ વિજેતાને વર્યો હતો, પ્રેમનો વિજયી પ્રકાશ અમર શકિતએ અધિરોહતો. પ્રાણચેતના ઉપર મનનું સિંહાસન મંડાતાં બેવડી બાદશાહી આવી હતી.

ગુરુ ગભીર સુખનાં ભુવનો ત્યાં હતાં. કર્મ ત્યાં સ્વપ્નથી રંગાતું, હાસ્ય વિચારથી રંગાતું. ઉત્કટ ભાવ ઈપ્સિત વસ્તુ માટે સમીપમાં આવી રહેલાં પ્રભુનાં પગલાંના ધન્ય ધ્વનિની પ્રતીક્ષા કરતો. બાલોચિત આમોદપ્રમોદનાં ભુવનોય ત્યાં હતાં. ચિંતામુકત યૌવનમાં રહેતાં મન અને હૃદય, શરીરને સ્વર્ગીય સાધન બનાવતાં પ્રેમ, સૌન્દર્ય અને મહાસુખ ત્યાં દેવતાઈ ક્રીડાઓ કરતાં. પ્રાણાવેગ કરકસર કરતો નહિ, વિરામ પામી જતા નહિ. યાં કામ હતું રમત અને રમત એકમાત્ર કામ. અશ્રુઓ આવતાં તો તે એકમાત્ર આનંદનાં. જીવન ત્યાં હતું પ્રહર્ષણોની નિરંતરતા અને નિત્યતા. પ્રભુનાં નગ્ન બાળકોની ત્યાં ક્રીડાંગણોમાં દોડાદોડી ચાલતી. ત્યાં વય ન 'તી, ચિંતાની કરચળીઓ ન 'તી. હાસ્યની ને અમર ઓજની ત્યાં શરતો ચાલતી. તોફાનો ત્યાં સાથીઓ હતાં, દૂરતા ખૂંદી નંખાતી, બળના અખાડાઓમાં કુસ્તીઓ જામતી. સૂર્ય જેવાં તેજસ્વી એ દિવ્ય બાળકો પોતાના દેહની કાંતિથી સ્વર્ગનેય દીપ્તિમંત બનાવતાં, અને ઉદાર ઉપહાર રૂપે એને જગત ઉપર ફેંકતાં.

ઉચ્ચાવકાશમાં આ પ્રાણચેતનાના ધ્વજો ફરફરતા'તા. ભાવનાઓ આત્માની ભવ્ય સહચારિણીઓ હતી. સહજજ્ઞાની મન વાણી સાથે વિહાર કરતું, વિચારના ભાલા ફેંકતું. જ્ઞાન હતું પ્રકૃતિનો વિનોદ. દિવસો શાંત સમીરમાં સરતા હતા. વિશ્વવ્યાપી પ્રેમ અને શાંતિ સર્વત્ર રેલાતાં. માધુર્ય કાળને મુખે ગીત બની ગયું હતું. બધું જ ત્યાં સહજ હતું. જૂઠાણું ત્યાં જોવા મળતું નહિ. આ ભૂમિકા હજારો નંદનો રચી શકતી. એના વૈવિધ્યમાં કશી મણા નહોતી. એનો સ્વભાવ અમરાત્માનું ધામ બની ગયો હતો. શાશ્વત સંકલ્પ એના હૃદયમાં ધરાયો રહેતો, એના દ્યુતિમંતા હૃદયને દોરવણીની જરૂર ન 'તી. ગમે તેવું પતન પણ એની અંદર રહેલા દેવતાને ભ્રષ્ટ કરી શકતું નહિ. વિજાતીય રાત્રિ એની આંખોને આંધળી બનાવી શકતી નહિ. એણે સિદ્ધ કરવા માટે દિવ્ય ને દેદીપ્યમાન સ્વપ્નાંની દીક્ષા લીધી હતી. પ્રભુના

તાલમેળમાં રહી ત્યાં અસંખ્યાત રૂપો રચાતાં, અદ્ભુત નૃત્યની જાદૂગરી ગૂંથાતી. એ ચેતના હતી આનંદની ઉચ્છૃંખલ દેવી, મહામુદાઓની સર્જનારી મદમત્તતા.

અશ્વપતિએ આ મહાસુખની સૃષ્ટિ જોઈ ને એના સાદને સંવેદ્યો, પણ એની આનંદમયતામાં પ્રવેશવાનો માર્ગ એને મળ્યો નહિ. એનો આત્મા અશાંતિ ભર્યા જીવન જોડે હજુ બંધાયેલો હતો, અંધારી હવાથી એ ઘેરાયેલો હતો. ચેતનવંતા અખાત ઉપર પુલ નહોતો. એને લીધે ત્યાંનું સર્વ એક સ્પૃહણીય સ્વપ્ન જેવું એને જણાતું હતું. રાજાએ એકવાર સનાતનનો આશ્લેષ અનુભવ્યો 'તો ખરો, પણ એનો સ્વભાવ દુ:ખની રાત્રિના પ્રવેશોની નજીકમાં હજુ રહેતો હતો. એક દારુણ દ્વૈત આપણા અસ્તિત્વની પદ્ધતિ બનેલું છે. મર્ત્ય જગત ઉત્પન્ન થયું ત્યારે માત્ર જડ કુદરત જ હતી. જડતામાં દટાઈ રહેલું દૈવત આત્માની મુક્તિ માટે ઝંખતું હતું. અંતર્લીન આત્મા સંવેદના, વિચાર, હર્ષ ને પ્રેમ માટે ઉત્કટ ભાવ સેવ્યા કરતો હતો. ગૂઢ સ્પર્શથી સળવળી ઊઠેલી અચેતનાએ પ્રાણની પ્રત્યે પોકાર પાઠવ્યો અને એક સત્ત્વે શ્વસન શરૂ કર્યું. અચિત્‌માં પુરાયેલ કોઈ આત્માએ ચિર નિદ્રામાંથી પાસું ફેરવ્યું, ભુલાઈ ગયું હતું તે એને યાદ આવ્યું, અને જાણવા, અભિલષવા, હર્ષ માણવા ને જીવવા માટે એણે ઝંખના કરી.

પ્રાણચેતનાની શક્તિએ આ પોકાર સાંભળ્યો અને એણે પોતાની ભૂમિકાનો પ્રકાશ છોડયો. મર્ત્ય અવકાશમાં એ ઊતરી આવી, અને એક નવતર, સુન્દર જગતને આનંદપૂર્ણ બનાવવાની આશા એણે સેવવા માંડી. ક્ષણભંગુર રૂપોમાં એણે નિવાસ કર્યો, જડદ્રવ્યના ગર્ભમાં એણે અમર અગ્નિનું બીજ બોયું. પરિણામે સંવેદનરહિત વિરાટમાં વિચાર જાગ્યો, આશા જાગી, પૃથ્વીના સંજ્ઞારહિત દેહને પરાણે આનંદ અનુભવવો પડયો. માંસમાટી પર સૌન્દર્યની મોહનીએ આઘાત કર્યો. વૃક્ષો અને વેલો ઝૂલવા લાગ્યાં અને પૃથ્વીને પુષ્પોનાં વસ્ત્ર પહેરાવાયાં. પૃથ્વીમાતાએ નીલાકાશને સ્મિત સમર્પી આરાધ્યું. ઊંડાણોમાં જીવજંતુઓનું જીવન ઊભર્યું. જીવનના મહિમાએ પશુઓનાં રઢિયાળાં રૂપ ધારી દોડાદોડ કરવા માંડી, માણસે વિચારનું સાહસ શરૂ કર્યું, એના આત્માએ સૃષ્ટિનો સમાગમ સાધ્યો.

પરંતુ પ્રાણચેતનાનું આ વરદાન આપણાં બંદિ હૃદયોને પહોંચ્યું તે પહેલાં એક કાળા સંદિગ્ધ સાન્નિધ્યે એની સામે વાંધો ઉઠાવ્યો, એક તમોમલિન ગુપ્ત સંકલ્પે આત્માને માંસમાટીની કઠોર કસોટીએ ચડાવ્યો, અને જીવનને મૃત્યુનું ને દુ:ખનું છદ્મ પહેરાવી દીધું. આ કારણે યાત્રાપરાયણ પ્રાણ પોતાની આદિસુખની અવસ્થાને સ્મરણમાં આણી શકતો નથી. અચિત્‌ના નિયમો એને વિવશ બનાવે છે. સૌન્દર્ય પર અંધ મર્યાદાઓ મુકાઈ છે; સુખ અને દુ:ખ પરસ્પર ઝઘડનારાં એકબીજાનાં સાથી બની ગયાં છે. પ્રાણનો સૂક્ષ્મ અને સમર્થ આત્મા અલોપ થઈ ગયો છે. એના મહિમાએ ક્ષુદ્રતાનાં રૂપો લીધાં છે, એનું મહામાધુર્ય ઘાયલ કામનામાં પરિણામ પામ્યું છે. હવે તો એ મૃત્યુને ખોરાકી પૂરી પાડવા માટે જ પ્રવૃત્ત રહે છે. આ

પ્રાણશક્તિની અમરતા એટલી બધી આવૃત થઈ ગઈ છે કે એ શાશ્વત મૃત્યુનો પ્રસંગમાત્ર બની ગઈ છે, સદાને માટે બંધ કરી દેવા યોગ્ય આત્માની એક મિથ્યા કથા બની ગઈ છે.

પ્રાણ ચેતનામાં આવી ગયેલા પલટાની આ અનિષ્ટ રહસ્યમયતા છે.

# ક્ષુદ્ર પ્રાણનાં રાજ્યો

રાજા અશ્વપતિ હવે પ્રાણના નીચેના પ્રદેશોનો પરિચય સાધે છે.

અચિત્‌નું આવાહન થયું ને પ્રાણશકિત પોતાની ભૂમિકામાંથી નીચે ઊતરી આવી. અચિત્‌ના ને પ્રાણના મિલનથી એક કંપાયમાન અને હાવરુંબાવરું જગત જન્મ્યું. ત્યાંની ચેતનામાં અર્ધ જાગૃતિ આવી છે . એ આકુળવ્યાકુળ અમળાય છે. અજ્ઞાનજન્ય સહજપ્રેરણા સાથે એ સંકળાઈ ગઈ છે. પૃથ્વીની પીડા અને પ્રાણચેતના જ્યાંથી પતિત થઈ છે તે મહાસુખ વચ્ચે રહેલો મહાગર્ત પૂરવાને તે ફાંફાં મારી રહી છે. આને કારણે આપણાં જીવનોમાં તલસાટ વ્યાપી ગયો છે. આપણા આત્માની આવશ્યકતાને એણે અગાધ બનાવી દીધી છે.

પૃથ્વીની સરહદ પારની આ પ્રાણશકિતના સ્પર્શે જડતાના આરામનો અંત આણ્યો છે. માણસમાં એણે ઝંખનાનો જુવાળ જગાડયો છે. આપણું રકત સુખતર વસ્તુઓ માટે રાડ નાખતું બની ગયું છે. આ શકિતનો સમાગમ ન થયો હોત તો મનુષ્ય પશુઓની પેઠે નિરાંતે ભમતો હોત, વૃક્ષો ને પુષ્પોની પેઠે સુખમાં સૂતો હોત.

આપણે માટે આશીર્વાદ રૂપ બનેલી આ શકિત પૃથ્વી ઉપર આવી છે ને દુ:ખ સહેવાને અને અભિલાષા રાખવાને માટે અહીં રહી પડી છે. માણસને એણે ચિંતા કરતો બનાવ્યો છે, એનામાં એણે વિચાર વિલસાવ્યો છે, મહત્તા પ્રત્યે એને ચડાવ્યો છે, અસંતોષનું અધિષ્ઠાન બનાવ્યો છે, એણે એને અદૃશ્ય ને અગોચર પ્રત્યે જાગ્રત કર્યો છે. માણસ હવે સપાટીની શોધ છોડી ભીતર તરફ વળ્યો છે, મનની અવસ્થામાં આવ્યો છે, આત્મસ્વરૂપને ઢૂંઢતો થયો છે.

પ્રાણને પ્રતાપે પુરુષ પ્રકૃતિનો પ્રભુ બનવાના અભિલાષ સેવે છે. પ્રાણે માનવના હૃદયમાં એક પાવક પ્રજ્વલિત કર્યો છે. આસપાસની નિર્જીવ વસ્તુઓની વચ્ચે એણે પરિશ્રમનો પોકાર સાંભળ્યો છે, સંઘર્ષનો એને સાદ થયો છે, પ્રાર્થનાએ એને આમંત્રણ આપ્યું છે. પ્રાણે આવીને અચેતનની ઉપર ચેતન લાદ્યું છે, જડ-દ્રવ્યને પોતાના લુપ્ત થયેલા ઓજસ્વી અધિકાર માટે યંત્રણાપૂર્વક માગણી કરતું બનાવ્યું છે. પ્રાણે અશ્રાંત ખોજ કરવાની વૃત્તિ એનામાં પ્રેરી છે, પલટો પામવા માટેનો પોકાર એનામાં આણ્યો છે.

પ્રાણ એક અનામી આનંદ આણવા માગતો હતો. એને માટે એણે વેંતિયા કાળા દેવતાઓને અર્ઘ્ય આપ્યાં, ને એને જે ક્ષુદ્ર પ્રાપ્તિઓ થઈ તેનો બોજો લઈને

એ આગળ ચાલ્યો. એક ખ્યાલથી બીજે ખ્યાલે, એક આવશ્યકતાથી બીજી આવશ્યકતાએ એ જાય છે. જડ વસ્તુથી એને સંતોષ થતો નથી. પૃથ્વીને સર કરી એ સ્વર્ગ પર દાવો કરે છે. તોડતો ફોડતો એ કામ કર્યે જ જાય છે. રૂપાન્તર આણનારી જ્યોતિ હજુ એની બની નથી, પતનમાં એને પ્રાદુર્ભાવક પ્રહર્ષ મળ્યો નથી. એની આસપાસ રાત્રિનો અંધકાર છે. અજ્ઞાનમાં એનું જબરજસ્ત કામ આરંભાયું છે, જ્ઞાન માટેનો યત્ન છે છતાં એને એ મળ્યું નથી. ખોવાઈ ગયેલું દેવોનું બાળક, એવો એ નરકને દરવાજે બલાત્કારે છોડી મૂકવામાં આવ્યો છે. ધુમ્મસમાં રહી એ સ્વર્ગને ફંફોળી રહ્યો છે.

પતિત પ્રાણશકિતએ જડ દ્રવ્યમાંથી ધીરે ધીરે આરોહણ આરંભ્યું છે. છાયા-ચ્છાદિત અવચેતનમાં થઈને એની ઊર્ધ્વગતિ થઈ રહી છે. પૃથ્વીનો અંતિમ ઉદ્ધાર આણવાના ઉદ્દેશથી અશ્વપતિએ છેક મૂળમાંથી જ એની ગતિનું અનુસરણ કર્યું. કેમ કે આપણા આત્માને કારાગારમાંથી મુકત કરવા માટે અને આપણને જે વસ્તુ પાછા પકડી રાખે છે ને પ્રભુને ચક્કરમાં નાખી દે છે તેને જાણવાનું ત્યારે જ શકય બને છે.

ઝડપભર્યા પતનમાર્ગો પર ને ડરામણા દરવાજાઓમાં થઈ અશ્વપતિ અકસ્માત્ એક અંધકારગ્રસ્તતામાં પ્રવેશ્યો. ત્યાં હતાં મન વિનાનાં ગહનો, ફળદ્રુપ સહજ-પ્રેરણો. ધક્કામુક્કી કરી સ્થાન મેળવવા અને રૂપબદ્ધ બનવા તેઓ મથામણ કરી રહ્યાં હતાં. મૃત્યુ અને રાત્રિ સાથે જીવન ત્યાં ગાઢ સંબંધમાં હતું. જરા વાર જીવવા માટે જીવનને ત્યાં મૃત્યુનો ખોરાક ખાવો પડતો. અંધકારનું ત્યાં રાજ્ય હતું. રાજ્ય-ભ્રષ્ટ, વિકૃત ને દુ:ખી શકિતનું સત્યથી ઘણું દૂર આવેલું એ વતન હતું. ત્યાં હતી અસત્યતા, સુન્દરતાનો અભાવ, જ્યોતિ પ્રત્યેની ઉદાસીનતા. પાશવ નામોશીની ત્યાં શરમ નહોતી, છડેચોક હેવાનિયત હતી, અજ્ઞાન ત્યાં તાકી રહ્યું હતું, હતી ત્યાં નંગી દીનહીનતા. અહીંથી જ પ્રાણચેતના કર્દમમાંથી કીટક રૂપે પ્રથમ બહાર નીકળી હતી, ને ત્યારેય એને જડતા ને અંધકાર છોડતો ન'તો. એની અસલિયત ભુલાઈ ગઈ હતી, એનો દિવ્ય મહિમા અને આનંદ અલોપ થઈ ગયા હતા. કાળનાં કરાલ ક્ષેત્રોમાં એનું સાહસ શરૂ થયું હતું. આળોટતી આળોટતી એ માંડમાંડ જીવતી રહી હતી.

અશ્વપતિએ એક વ્યાપેલું વિશાળ ને અશાંત ધુમ્મસ જોયું. જાતને રૂપ આપવાની એ કામના કરતું હતું, પણ તે કામના ફળતી ન 'તી, વિચાર માટે એ ફાંફાં મારતું હતું, પણ એ શકિત હજુ એને માટે ન'તી. એક વિચિત્ર વામણા જગત તરફ એ ઊઘડયું. રાજા ત્યાં રઝળવા લાગ્યો. પ્રાણ ને જડદ્રવ્યની છાયાગ્રસ્ત સીમા આઘી હતી. જીવન ત્યાં જન્મતું ને જન્મીને શમી જતું. રાજા પોતેય પોતા માટે છાયામાં રહેલો ને અર્ધ-અનુભવાતો હતો. વિચાર, કારણ કે નિયમ જેવું ત્યાં કશું જણાતું નહોતું. સુખનાં રમકડાં માટે કોઈ કાચું બાલહૃદય રડતું હોય એવું ત્યાં

લાગતું. ઢંગધડા વગરનાં બલો રૂપ લેવા માટે ત્યાં ધસી આવતાં'તાં. અચેત શકિત સચેતનતાને માટે ત્યાં અંધ પ્રયત્ન કરતી હતી. વિચારનું પગલું ત્યાં મંડાતું નહિ, જડથી આહત જડમાં સંવેદન આવતું, અંધપ્રેરણા અવચેતનમાંથી ઉદ્ભવતી, સંજ્ઞા પ્રકૃતિના પ્રહારોને પ્રત્યુત્તર આપતી. સર્વે ત્યાં પોતપોતાની આગવી હિલચાલ કરતાં.'એક કાળું બીજા વધારે કાળા સાથે આથડતું. સ્થિરતા પામેલી અંધાધૂંધીના આ જગતમાં સઘળું સ્વેચ્છાચારી હતું. અસ્તિત્વને ટકાવી રાખવા માટે સહજપ્રેરણા સંકલ્પ વાપરતી, ન દેખાતી ઇચ્છા આહાર માટે ફંફોળતી. કુદરતના સપાટાઓ જ નિયમ બન્યા હતા. એક બળ બીજા બળ સાથે બાથંબાથીમાં રોકાયું હતું, ને સૌનું પરિણામ શૂન્ય! ઇન્દ્રિયસુખો ને ઇન્દ્રિયદુઃખો આવતાં ને આવતાં વાર જતાં રહેતાં. વિચાર વગરનાં જીવનોની જડસી ગતિ ચાલ્યા કરતી. જગત ત્યાં બિનજરૂરી હતું, એની ઇચ્છા કલેશકારી પરિણામો લાવતી. જીવવાનો શ્રમ લેવા યોગ્ય ત્યાં કશુંય નહોતું.

પરંતુ અશ્વપતિની જાગ્રત થયેલી આત્મદૃષ્ટિને આવું લાગતું ન 'તું. પ્રભુના પ્રભાતની રાહ જોતા હેતુરહિત જગતમાં એ એક અનોખો મનીષી હતો. કાળનાં કાર્યોમાં રહેલો ઉદ્દેશ એણે જોયો. વિશ્વની કુંડલિની શકિત સળવળી ને એણે જીવનની ઉષ્મામાં માથું ઊંચકયું. પેટ ઢસડતી ચેતના કર્દમમાંથી નીકળી પ્રકાશ પ્રત્યે ચાલી, પ્રભુનો મહિમા મુકત કરવાનો પરિશ્રમ અવિદ્યાએ આદર્યો. એક નિગૂઢ સાન્નિધ્યે તિમિરની ને જ્યોતિની રમત રચી હતી એવું રાજાને જણાયું. આ વિરોધાભાસોથી ભર્યા કડવા—મીઠા જીવનમાં ચૈત્યનો અને દેહનો અંતરંગ સંબંધ બંધાય એવી એણે આયોજના કરી હતી. યાંત્રિક જેવી ધબકોને એ પ્રેમ અને પ્રકાશ શું સાંકળવા માગતું હતું. જીવન ભ્રષ્ટ ને મલિન બન્યું છે, છતાં એનાં ઊંડાણોમાં સ્વર્ગીય સત્ય સંતાઈ રહેલું છે. મૃત્યુના ને જન્મના મૂળમાં પ્રભુનો પ્રહર્ષ સ્પર્શ કરતો રહેલો છે. જગતનું સંવેદનશૂન્ય સૌન્દર્ય પ્રભુના પરમાનંદનું પ્રતિબિંબ પાડે છે. સંમુદાનું સ્મિત સર્વત્ર સંતાઈ રહ્યું છે. વાયુલહરીમાં, વૃક્ષોમાં, પર્ણોમાં ને પુષ્પોમાં એક રસસ્રોત વહી રહેલો છે. પશુઓ, પંખીઓ અને સવિચાર મનુષ્યો એનો તાલમેળ પ્રકટ કરે છે. હૃદયના હાર્દ ઉપર એનું દબાણ આવે છે, જ્ઞાનતંતુઓ ઉપર એનો પ્રભાવ પ્રવર્તે છે. આપણાં સુખદુઃખ પાછળ એનો દંશ રહેલો છે. જીવનની આંધળી ઇચ્છા એને કારણે જ નાશવંત વસ્તુઓ ઉપર છલંગ મારે છે. પ્રેમ અને લાલસા રૂપે એ આપણામાં દેખા દે છે. એને લીધે જ જિજીવિષા અને જિગીષા જાગે છે, સર્વ કાંઈને ઝડપી લેવાની અને એના માલિક બની જવાની વૃત્તિ જોર કરે છે, જીવનને વિસ્તારવાનો અને સુખના ક્ષેત્રને સીમારહિત બનાવવાનો સંકલ્પ સબળ બને છે.

આપણા અણુઓ આ અભ્યાસને વશ થાય છે. આપણને જેનાં જેનાં સ્વપ્નાં આવતાં હોય છે ને આપણે જે કંઈ કરતા હોઈએ છીએ તે સર્વની પાછળ પ્રાણનું

આ ભૂત ભટક્યા કરે છે. જગતી ઉપર જીવને જોકે થોડી સ્થિરતા પ્રાપ્ત કરી છે, એક પ્રકારનો નિયમ કામ કરતો બની ગયો છે, છતાંય આપણામાં ચાલતું બધું એક જ મૂળમાંથી ઉદ્ભવે છે. આપણને એ બાઝી રહ્યું છે; આપણી અંદરના દેવને એ ચપસી રાખે છે. બુદ્ધિનો ને ચૈત્યાત્માનો ઉદય થયા પછીય આપણી પ્રાણ-પ્રવૃત્તિઓ ત્યાંથી જ ઉપર આવે છે. પાતાળી બળોની પકડ દીર્ઘ કાળ સુધી ટકી રહે છે. પૃથ્વીનું જીવન સાચે જ અચેતન શૂન્યનું પડોશી છે. આપણી અજ્ઞાન સૃષ્ટિ આ ધર્મની સાથે જ સર્જાઈ છે.

કાળુડાં વિરાટોની સમસ્યામાં આત્મા ત્રિવિધ ક્રોસ લઈ અંધકારમાં ઊતર્યો ન હોત તો અસત્‌ની રાત્રિનો ઉદ્ધાર થયો હોત નહીં. અકાળ સત્યનું આવાહન કરી દુ:ખમાં પલટાયેલા આનંદે, અજ્ઞાનરૂપ બનેલા જ્ઞાને, બાલકની નિરાધારતામાં ફેરવાઈ ગયેલી પ્રભુની શકિતએ આત્મબલિદાન આપી સ્વર્ગને નીચે ઉતારી લાવવાનું શક્ય બનાવ્યું છે. અર્ધાલોકિત પ્રકૃતિ ને છુપાઈ રહેલો ચૈત્ય આત્મા અંધારી ઓરડીમાં અહીં સંતાકૂકડીએ રમે છે. પ્રેમ, દ્વેષ, ભય અને આશાની રમત રમાઈ રહી છે. આમાંથી આખરે મથનપરાયણ શકિત પ્રકટ ભાવ પામે છે અને આણરવ આત્માને આલિંગે છે. આમ પરસ્પરના આલિંગનમાં તેમને રમતના સાથીના મુખનું દર્શન થાય છે. જડતત્ત્વ બાલાત્માને જવાબ આપતું બની જાય છે.

રાજાએ પ્રકૃતિમાં છુપાયેલા આત્માને જોયો. દુર્બળ દેખાતા એક ગંજાવર ઓજના જન્મને જોયો. પ્રભુનાં પ્રાયોગિક પગલાંની સમસ્યાનાં પગલાંનું અનુસરણ કર્યું અને આણજન્મી મહાસરસ્વતીના આછેરા લયો લહ્યા.

તે પછી જાગતી જતી પ્રાણશકિતનો વધારે જોશીલો ઉચ્છ્વાસ આવ્યો. જીવન ટકાવી રાખવાની આશા ન રાખતું જીવન જાગ્યું. પ્રાણના ભાવોનાં પ્રતીકાત્મક રૂપો અસ્તિત્વમાં આવ્યાં. પ્રેમ, સુખ અને દુ:ખના નમૂના નિર્માયા. પેટે ચાલતા જીવો જન્મ્યા, જંતુઓ ફફડાટ કરવા લાગ્યાં. મહાવ્યાલો ને અજગરો રગડાઓ ખેડવા લાગ્યા. બખ્તરધારી જંગી જાનવરો ધરા ધ્રુજાવવા લાગ્યાં અને વામણા માણસો દ્વારા પ્રકૃતિએ વિચારવંતી ક્ષુદ્રતા પ્રકટ કરી. આ આરંભકાળના માણસો માત્ર બાહ્ય સ્પર્શોને જ સમજી શકતા. મન હતું પણ તે અર્ધ-જન્મેલું હતું. હૃદય હતું પણ તે અદૃષ્ટ સંચાલનાને વશ વર્તતું. એમનું શરીરગત જીવન ચૈત્યને જાણતું નહોતું. એ માત્ર જીવતું, સ્પૃહા રાખતું, રોષ, હર્ષ અને શોકથી પ્રવૃત્ત થતું. એમનું મન માત્ર બહારની વસ્તુઓને જ જોતું, ઊંડે ઊતરી શકતું નહિ. સ્વરૂપના જ્ઞાન વગરના એ માણસો માત્ર દેહની જરૂરિયાતો માટે જ મથતા. જાતને બચાવી લેવાની, ભોગ ભોગવવાની ને જેમતેમ કરીને જીવતા રહેવાની જ તેમને પડી હતી. પોતાની ક્ષુદ્ર જાત ઉપર જ એમનો જગતના મૂલ્યનો આધાર રહેતો. તેઓ જગતનો શિકાર કરતા ને જગતનો શિકાર બની જતા. સ્વભાવને જીતવાનાં ને ચેતનાને બંધનરહિત કરવાનાં એમને સ્વપ્નાં આવતાં નહોતાં.

આ અવસ્થાના જીવનમાં રહેલા માનવો વિશ્વશકિતને અધીન એના ચલાવ્યા ચાલતા. પાશવ કામનાની ઘરેડમાં એમનું ગાડું ચાલતું રહેતું. એમની ટોળીઓ બંધાતી અને ટોળામાં અને કિલ્લેબંદીમાં રક્ષિત રહી તેઓ સમૂહસ્વાર્થનાં કાર્યો કરતા, બીજાં વિપક્ષી ટોળાંઓ સાથે યુદ્ધમાં ઊતરતા, અને આ પ્રથાના અનુસરણમાં થોડું રૂડું કાર્ય પણ કરતા. ક્રમે ક્રમે એ સમૂહો મોટા થતા, ને એમનાં કાતિલ કાર્યો પણ સાથે સાથે વધતાં. આવાઓએ ભયંકર ખૂનામરકીઓ મચાવી છે, નાનાં મોટાં ગામ બાળ્યાં છે, લૂટફાટ કરવામાં કશી કમીના રાખી નથી, કુમળાં બાળકોનેય રેંસી નાખ્યાં છે, સ્ત્રીઓ ઉપર ઘોર અત્યાચારો કર્યા છે. માનવોના સમૂહોને ગુલામીમાં રિબાવ્યા છે. રિબાવવું એ એમનો આનંદ હતો, બલિદાનોનો ઠઠ્ઠો કરવામાં એમને મજા પડતી, દીર્ણવિદીર્ણ કરેલા દેહો જોઈ તેઓ ખુશખુશાલ થઈ જતા.

કોઈ રાક્ષસી નેતા મળી જતાં આ જંગલીઓની જાહોજલાલી જામતી. સંઘબળ ઊભું કરી તેઓ બીજા સંઘો ઉપર ચડાઈઓ કરતા. ઉદ્દામ વેગ એમને વહાલો હતો; અશ્રુ, હાસ્ય, કામોપભોગ એમના પરાક્રમનાં પારણાં બનતાં.

માનવ જીવન થોડું આગળ વધ્યું. અર્ધ-જાગ્રત અજ્ઞાનનો સંઘર્ષ અને અંધ-પ્રેરણાનો આવેગ સ્મૃતિના ઊંડાણોમાં જીવતો હતો. પણ હવે સત્ય માટે થોડી શોધ થવા લાગી. માણસનાં ચેતનાએ પ્રકાશમાં પ્રગતિ સાધી; એનું બળ વધ્યું અને એણે ઊંચે પ્રભુ પ્રત્યે ને આસપાસ વિશ્વ પ્રત્યે જોવા માંડયું. દુઃખના આઘાતો મનુષ્યના ઊંડા આત્માને જગાડતા હતા. માણસે પોતાનું સ્વામિત્વ વધાર્યું ને વિરાટ પ્રત્યે પગલાં માંડયાં.

પ્રાણશકિતનો વિકાસ અડધે માર્ગે આવ્યો ને જાણે અટકી પડયો. કશું વિશિષ્ટ સધાયું નહોતું, માત્ર આરંભ જ થયો હતો. હજુય મન નહિ પણ પ્રાણ જ વિચાર કરતો હતો. જીવનની ઉષ્મા ઉત્પન્ન થઈ હતી, પૃથ્વીના પંક ઉપર થોડો પરમાનંદ ઢળ્યો હતો. ભાન ભુલાવતા કાચા મદ્યનું પીણું માત્ર મળ્યું હતું. અંધકારની છાયા છાઈ હતી. અધ્યાત્મ સ્વરૂપ ઢળાયું નહોતું. અણજન્મ્યા દેવસ્વરૂપના સંકલ્પની ઝાંખી માત્ર થવા પામી હતી.

પ્રાણની સૃષ્ટિનો ત્રીજો તબક્કો દેખાયો. દેહના પ્રારંભિક મનનું બીજું બનાવાયું. એક વિચાર કરતો નાનકડો જીવ કાળનાં કાર્યોને અવલોકવા લાગ્યો. મુશ્કેલ ઉત્ક્રાંતિમાં બુરખામાં રહેલી મધ્યસ્થતા પ્રવેશી. જડદ્રવ્યમાં ને જીવનના પ્રદેશમાં ગુપ્ત રૂપે બુદ્ધિશકિત સંચલિત થઈ. એક ઝાંખી મનઃશકિત નીચેના ડખામાં થઈને ઉપર આવી. એ દૃષ્ટિવંતી શકિત સચેત ક્ષેત્રનું કેન્દ્ર બની ગઈ. એની દૃષ્ટિ ડહોળા પ્રવાહ પર લદાઈ. પશુપંખીનું પ્રાણમય મન એણે ઘડયું, સરીસૃપો ને માછલીઓને પ્રત્યુત્તર આપતાં બનાવ્યાં, અને મનુષ્યના વિચારોના આદ્ય નમૂના તૈયાર કર્યા.

અનંતની અંતહીન ગતિ ઊડતી ઊડતી કાળના વિસ્તારમાં પ્રવેશી. અજ્ઞાનના માર્ગો પર જ્ઞાનની આગેકૂચ આરંભાઈ. વિચાર સંપન્ન એક વ્યકિત અવકાશમાં

આવી. કારાગારની કોટડીમાં પુરાયેલા જીવને કાર્ય ને દૃષ્ટિ માટે એક નાની શી વ્યવસ્થિત સૃષ્ટિ સાંપડી. પરંતુ વિચાર હજુ દૃશ્ય વસ્તુઓ સાથે સંકળાયેલો હતો; અણદીઠમાં સાહસ કરવાની એને મનાઈ હતી. આત્માએ હજુ અવિજ્ઞાત અનંતતાઓમાં પગલાં માંડવાનાં નહોતાં. જરાક આનંદ ને જરાક જ્ઞાનથી એને સંતુષ્ટ રહેવાનું હતું. માણસ હજુય પોતાને માત્ર માટીનો જ સમજતો. એને માટે ન 'તી અંતર્દૃષ્ટિ કે ન 'તી ઊર્ધ્વ-દૃષ્ટિ. એની મતિ બહારનાને જ પ્રભુ રૂપે પેખતી હતી. એનામાં ક્ષુદ્ર વિચારોનું ને ક્ષુદ્ર કાર્યોનું બજાર મંડાયું હતું. જીવન જલદી ખર્ચાઈ જતું, મન દેહનો ગુલામ હતું. તુચ્છ લાલસાઓ ને અલ્પજીવી ઇચ્છાઓને માટે જ આત્મા જાણે આ અંધ ગલીમાં અવતર્યો હોય એવું લાગતું.

આ પ્રાણિક મન પોતાની બોડની બખોલમાં જ મહિમા માણવાની આશા રાખતું, પોતાને માટે ને પોતાનાંને માટે જીવનાવકાશ જીતવા ચાહતું. એના આવાસમાં રહેલા અમર આત્માને એ ઓળખતું નહોતું. મર્યાદાઓમાં જ એનું બળ કામ કરતું ને પોતે જેલમાં પુરાયેલું રહેતું 'તું છતાંય એ પોતાને જેલનો માલિક માનતું. બાહ્યમાં હોય એટલું જ એ જોતું. એ સિવાયનું એ કશું જ જાણતું નહિ. આત્માની વિશાળ દૃષ્ટિ એની પાસે હતી નહિ. અવિજ્ઞાત આનંદનાં આક્રમણો આવતાં નહિ. મુક્ત વિહાર માટેના સોનેરી વિસ્તારો એને મળ્યા ન 'તા. એક અફાટ અંધકારમાં જરા જેટલી જ્યોતિ જન્મી હતી. પોતે ક્યાંથી આવ્યું છે ને ક્યાં જાય છે તેની જાણ જીવનને નહોતી. સર્વની આસપાસ હજુ અજ્ઞાનનું ધુમ્મસ તર્યા કરતું હતું.

# ક્ષુદ્ર પ્રાણના દેવતાઓ

રાજા અશ્વપતિ હવે ક્ષુદ્ર પ્રાણના સામ્રાજ્યની સરહદે જઈ ઊભો. રૂઢિગ્રસ્ત રૂપધારી એ સંકુચિત સૃષ્ટિ અનંતતાના એક આર્ત્તિભર્યા ખૂણામાં આવેલી હતી. અજ્ઞાનના કોચલામાં એ રક્ષાઈ રહેલી હતી. કઈ શકિત એનું સંચાલન કરે છે, કયો અલૌકિક નિયમ એને ટકાવી રાખે છે, ને કાળમાં એની શી આવશ્યકતા છે તે જાણવા માટે એ જગતને વીંટળાઈ વળેલા ધુમ્મસમાં રાજાએ તેજની કટાર જેવી દૃષ્ટિ નાખી. જોયું તો ત્યાંના અંધારાની આડશમાં ઢંગઢાગ વગરનાં હજારો સત્ત્વોની બેચેન વસ્તી આવેલી જણાઈ. સ્વર્ગની સુનિયમમાં રાખતી દૃષ્ટિથી દૂર રહેલાં એ સત્ત્વો ક્ષુદ્ર કાવાદાવાઓ કર્યા કરતાં હતાં, તુચ્છ તરકીબોની મજાઓ માણતાં હતાં, અધમતામાં આળોટતાં એ મેલાંઘેલાં જાદૂઈ કરતૂકો કર્યા કરતાં હતાં. ભૂત,પિશાચ, જીન, પરિસ્તાનીઓ, અર્ધ-પશુ, અર્ધ-દેવ, પતિત આત્માઓ, અને ત્યાં ફસાઈ ગયેલા દેવતાઓ ત્યાંનાં દળોમાં દૃષ્ટિગોચર થતા હતા. અંધારાની ઓથમાં રહી તેઓ કાન ભંભેરતાં, ઝેરી ફૂંકથી દીવાઓ ઓલવી નાખતાં, સપાટી પરના સત્યને જૂઠની સેવામાં સંયોજી દેતાં, હર્ષના બીજને દુઃખનું ફળ આપતું બનાવી દેતાં. એમનો પ્રેરાયો પ્રાકૃત જીવ કાં તો ખાડામાં પડી જતો, કાં તો કાળા કાદવમાં કળી જતો.

શુભ ને અશુભ સાથે એ રમતો માંડે છે. લલચાવીને નિષ્ફળતાએ યા તો નિરર્થક સફળતાએ લઈ જાય છે. બધાને એ ભ્રષ્ટ બનાવી દે છે, બધાં માપોને છેતરીને જૂઠાં પાડે છે, જ્ઞાનને ગરલ બનાવી દે છે, આપણને કામનાના ચક્કરોએ ચઢાવી અનિવાર્ય વિનાશે પહોંચાડે છે.

એમનો પ્રસરતો પ્રભાવ સર્જને સકંજામાં લઈ લે છે, ને એકલો ત્યાં જ નહિ, પણ જ્યાં આત્મરહિત મન હોય છે, જ્યાં જિંદગીઓ સાચા માર્ગદર્શન વિનાની હોય છે, જ્યાં પ્રેમ હોતો નથી, પ્રકાશ હોતો નથી, ને જ્યાં ઉદારતાની ઊણપ હોય છે ત્યાં આ કુટિલ કાળાં બળો પોતાનું કુકાર્ય આરંભી દે છે, અને દેહને જ સર્વકાંઈ સમજીને જીવતા જીવોના જગતમાં પોતાનું પાપરાજ્ય વિસ્તારી મૂકે છે.

આ લોકમાં પણ એ ક્ષુદ્ર બળો આપણાં હૃદયોને હંકારે છે. અહીં એ આપણા સ્વભાવની સાંધ્ય-છાયામાં છુપાઈ રહે છે, ને અંધારામાં અટવાતાં હૃદયો એમનાં પ્રેરણોને આધીન થઈ જાય છે. શર્વરીને સ્વરે એ બોલે છે ને બચાવવા આવતી ઉદ્ધારક જ્યોતિને વચમાંથી આંતરી લઈ અટકાવે છે. ભૂલેચૂકે જેઓ એમને વશ

વર્તે છે તેઓ અંધકારમાંથી ગાઢતર અંધકારમાં જાય છે ને એમની ખોજનો અનર્થ-કારી અંત આવે છે.

એકલી પૃથ્વી જ આપણને પાઠ પઢાવતી નથી. અન્ય જે અનેક જગતો છે તેમના પ્રભાવો પણ અહીં પ્રવેશી શકે છે. તેમનો સ્વભાવ એનો એ જ રહે છે ને માત્ર એમના સ્વભાવનાં સ્વરૂપો ને કાર્યવ્યવસ્થા જ બદલાય છે. પરિણામે એક ખદબદતો ખીચડો ઊભો થાય છે. એક સંગ્રામ શરૂ થઈ જાય છે ને મેળની મુશ્કેલી ઊભી થાય છે. અકાળ પરમાત્માની પરમજ્યોતિ ને પરમાનંદ પ્રાપ્ત ન થાય, અને સર્વને એક એવું પોતાનું મૂળ ન મળે ત્યાં સુધી આવું આવું ચાલતું રહે છે, ત્યાં સુધી જીવનના ચકરાવા ને મનની અશાન્ત શોધ અટકતાં નથી. પરંતુ એક સમય અવશ્ય આવે છે જ્યારે એક અદૃષ્ટ હસ્ત મનનાં વ્યોમોને પાછાં વાળી દે છે, અનંતતા સાંતનું કાર્ય ઉપાડી લે છે ને પ્રકૃતિ પરમના પ્રકાશમાં પગલાં માંડે છે. આ સિદ્ધ થતાં અવચેતન જીવનના સ્વપ્નની સમાપ્તિ થઈ જાય છે.

અચિત્‌માંથી ઉદ્‌ભવેલું આ જગત એક જડસા યંત્ર જેવું જણાય છે. આત્મા ધીરે ધીરે એમાં પ્રકટ થતો જાય છે. પ્રભુ છે પણ તે ત્યાં પોતાને ભૂલીને દેખાય ના એવો રહેલો છે. તેમ છતાંય અહીં એનો સંકલ્પ જ પ્રવર્તે છે. પ્રભુ પોતે જ આ અચેતન જણાતું જગત બનેલો છે. અદ્‌ભુતચરિત અચિત્‌માં એનું ચમત્કારી કાર્ય ચાલી રહેલું છે. બુદ્ધિના વિચાર વગર અચિત્ એનું કાર્ય કરે છે. પરંતુ પ્રકૃતિના ગૂઢ ગર્ભમાં ચેતના છુપાઈ રહી છે, જે આનંદે વિશ્વોની કલ્પના કરી છે તે ત્યાં અનનુભૂત અવસ્થામાં ઉપસ્થિત છે. જડ પદાર્થનું રૂપ ધારી રહેલી બ્રહ્મસત્તા અંદરની શક્તિથી સંચાલિત થતી રહે છે.

આરંભમાં અવકાશ આકાશતત્ત્વમય હતો. એમાં ઘૂમરીઓ લેતાં ઉત્કંપનોમાં કોઈ એક ઉપક્રમ ચાલતો હતો. આદ્યકાલીન માતરિશ્વાને આધારે શક્તિના વિઘટન દ્વારા વિકશન ને સંકોચનની રહસ્યમય કલાએ વિસ્તરતા વિશ્વને અસ્તિમાં આણ્યું. એક અગ્નિ અવકાશમાં પેટાવાયો ને એના સ્ફુલિંગો નવલખ તારા બન્યા. એક ઉઘાડા ચમત્કાર જેવું અશક્ય જગત આમ અસ્તિત્વમાં આવ્યું છે એવું મનુષ્યનું મન ધૃષ્ટતા કરી કહે છે. એણે જીવનનો કોયડો ઉકેલવાનો છે ને તે કાર્ય માટે સ્ખલનશીલ ઇન્દ્રિયો ને યાંત્રિક ઓજારો ઉપયોગમાં લેવાનાં છે. એવું પણ બને છે કે મન ને ઇન્દ્રિયો પરથી માણસનો વિશ્વાસ ઊઠી જાય છે, એનું જ્ઞાન એને અજ્ઞાનના અંગ જેવું લાગે છે ને બધું જ કોઈ એક અજબ તરેહથી બનાવાયું હોય એવો આભાસ થાય છે, માયાએ કરેલી મશ્કરી જેવું બધું બની જાય છે.

જડ જગતનો આ આભાસ પ્રાણની, ઇન્દ્રિયસંવેદનાની ને મનની વાટ જુએ છે ને કાળમાં કુદરત સચેતન બનવા માંડે છે. અચેતન રજકણમાંથી જીવન માટેની ઇચ્છા જાગે છે, પ્રાણચેતના પ્રકટ થાય છે ને પ્રાણમાં દટાઈ રહેલું મન ધીરે ધીરે ઉપર આવે છે, હૃદય પ્રેમ અનુભવતું બને છે, ચૈત્યાત્માની સાક્ષી દૃષ્ટિનો ચમત્કાર

પ્રકટ થાય છે.

આ પ્રકારે પશુપંખીની સર્પતી, દોડતી ને ઊડતી સૃષ્ટિમાંથી વિચાર કરતો માનવ જીવ આવ્યો. એના દ્વારા પ્રકૃતિ અજ્ઞાત તરફ વળી, પરમાત્માનો ઉચ્છ્વાસ અનુભવવા લાગી. હૃદયે આત્માનું ઓજ ઝીલ્યું, પ્રેમ પ્રકટયો, આનંદ અતિથિ બની આવ્યો. મનુષ્યને એક અજ્ઞાત શકિતએ ઉદ્ધાર્યો. શરીર સાથે સમાપ્ત ન થતી એક સત્તાની શારીરિક જીવન પાછળ ઝાંખી થઈ, પરંતુ એ સત્તાએ દેહ ઉપર પોતાનો અધિકાર સ્થાપ્યો ન હતો. માણસ પ્રાકૃત પરિશ્રમ સેવતો હતો, હજુ એણે પોતાના સાક્ષી સ્વરૂપનો સાક્ષાત્કાર કર્યો ન 'તો. દિવ્ય મહિમા હજુ પ્રકટયો ન 'તો. જ્ઞાન ગૂઢ રહીને રાજ્ય ચલાવતું હતું, મૌને જીવનના નાદ પ્રત્યે કાન માંડયા હતા. પળોનો પ્રવાહ દૂરની દિવ્યતા પ્રત્યે વહેતો હતો.

પ્રાણમાંય મન છે, પણ તે એક વિચાર કરતા કઠપૂતળા જેવું છે. અવચેતનનું જીવન અસુન્દર, ઉગ્ર અને અધમ વસ્તુઓથી ભરેલું છે. ત્યાં રહેતો માણસ ત્યાંનાં બળોનો એક ઢિગલો બની જાય છે, એમનો ઠેલાયો સેંકડો ઠેકાણાંએ ઠેલાય છે, ધક્કા ખાય છે, પણ ધક્કા મારનારા હસ્તને જોઈ કે જાણી શકતો નથી. અંધકારનાં ને અધમતાનાં ઓજાર બનેલાં ત્યાંનાં બળોને વશ વર્તનારો જીવ રમતમાં આમતેમ ફેંકાતા દડા જેવો બની જાય છે. ઉચ્ચતર સત્ય સામે એ બળોએ બળવો કરેલો હોય છે. એકાદ અસુર સિવાય કોઈ એમને કાબૂમાં રાખી શકતું નથી.

વિરૂપ વાસનાઓ, કાદવમાં લોટવાની મજા, ઘૃણાજનક ગંદકી, બેઢંગું ને બેહૂદું બધું એમને અપરસ આપે છે. તુચ્છ જીવનની તરસોથી ભર્યું કરુણાન્ત નાટક એમનું સર્જન છે, અને એમને વશ રહી ઝેરવેરનું આ નાટક ભજવતા માણસને અંતે તેઓ પરલોક ભેગો કરી દે છે.

આ છે અલ્પાયુ અલ્પ જીવનું નિત્યનું જીવન. માનવ ઉપર પશુનું પ્રભુત્વ હોય છે ત્યાં સુધી પાતાળોના અવચેતનનો પડદો એના આત્માને ઢાંકી રાખે છે. પૃથ્વી ઉપર પ્રાણનું પ્રાકટય થયું ત્યારથી માંડીને હજી સુધી જમીનનાં જીવજંતુઓનું, પશુપંખીનું, વાનરનું ને મનુષ્યનું જીવન આ પ્રકારનું રહ્યું છે. હા, મનુષ્યમાં વધારાનું એક વિચારતત્ત્વ ઉમેરાય છે ખરું, પણ તે છતાંય એનામાં બીજું બધું તો મૂળમાં હતું તેનું તે જ હોય છે. મનુષ્યે જરૂર ઘણી ઘણી સફળતાઓ મેળવી છે, પરંતુ એની એ સફળતાઓ એના ચૈત્યાત્માની નિષ્ફળતાઓ જ છે. માણસનું જીવન એટલે દુ:ખની દીર્ઘ કથની, સુખ તો એમાં આવતા અલ્પવિરામો છે. જીવન ટકાવી રાખવા માટે પાર વગરનાં કષ્ટો ભોગવવાં પડે છે અને અંતે મૃત્યુ રૂપ ભાડું ભરવું પડે છે.

જડભાવ અને મૃત્યુ સમાન નિદ્રા, એ બે જ માણસ માટે વિશ્રામ છે. માણસને કોઈ કોઈ વાર સ્વર્ગીય સુખોનાં સ્વપ્નાં આવે છે, પણ નજીવી મોજમજાઓમાં એનું આયુષ્ય ખર્ચાઈ જાય છે. જરા જેટલો પ્રેમ, થોડોક મૈત્રીનો સ્પર્શ અને બાકી

ઈર્ષા, દ્વેષ અને દુ:ખ એના હૃદયમાં લાય લગાડેલી રાખે છે. કોઈ વાર કોઈ મોટી વસ્તુ આવવા માગે છે ત્યારે તેને ધારવાની ને વ્યક્ત કરવાની એનામાં તાકાત હોતી નથી. ક્લેશોથી કંટાળી ગયેલો એ કુદરતનો આશ્રય લઈ વ્યથાને વિસારે પાડવા વાંછે છે ને પ્રકૃતિ માતા એને થોડી શાંતિ આપે છે ને પ્રકૃતિનું સૌન્દર્ય એનો પરમાનંદ બની જાય છે.

આત્માનો ઉચ્છ્વાસેય આવે છે પણ તે ઝાઝી વાર ટકી રહેતો નથી. માણસના રીઢા સ્વભાવમાં એને ધારી રાખવાનું સામર્થ્ય હોતું નથી. એનામાં લાલસાની લાય લાગેલી રહે છે, આવેશો એને લાલ લાલ બનાવી દે છે. લડતો ને ઝગડતો માણસ સંહારની રમતે ચઢી જાય છે. અંતરમાં દૃષ્ટિ કરી આત્માને શોધવાનો એને વખત મળતો નથી. એ તો પોતાની નાનકડી ધરી ઉપરનો ભમરડો બની જાય છે ને એની ગતિ અવિરામ અંત વગરની બનેલી રહે છે.

માણસનું જ્ઞાન અજ્ઞાનના આવાસમાં વસેલું છે. માણસનું બલ કદીય સર્વશકિત-મત્તાને સ્પર્શતું નથી. દિવ્ય આનંદ એને ઘેર જવલ્લે આવે છે. પરંતુ સુષુપ્ત આનંદ જાગવા પ્રયત્ન કરે છે ને જીવનના ઉલ્લાસ રૂપે વખતે જરા ફૂટી નીકળે છે. આ કારણે એનો બોજો થોડોક હળવો બને છે ને એક પ્રકારની સમાધાની સાથે એ પોતાના જરા જેટલા જગતમાં જીવે છે. પ્રભુને વેગળો રાખવા માટે માણસે ફરતી વાડ બાંધી રાખી છે, અગોચર સાથેની પોતાની આત્મીયતાને અંતરનાય અંતરમાં પૂરી રાખી છે. અને આવું હોવા છતાંય માણસ પોતાને કુદરતનો સિરતાજ માને છે!

પણ આ એક વચગાળાની સ્થિતિ છે. પદાર્થવિજ્ઞાન આવું માને છે. જડતત્ત્વની અનંતતાને એ આગળ કરે છે ને બધું ગાણિતિક બનાવી દે છે. ફિલસૂફોની ફિલસૂફીઓ હવાઈ વિચારોના વિહારો કરે છે ને આ દેવાળિયાપણામાં ધર્મ આવીને ખાતા વગરના ચેક ફાડવા બેસી જાય છે. વ્યર્થ જીવન જીવતા જીવો આખરે અજ્ઞાતના અંધકારમાં જાય છે, પણ મૃત્યુએ આપેલો અમૃતત્વનો પરવાનો પોતાની સાથે લેતા જાય છે.

આ તો કેવળ કામચલાઉ યોજના છે. એ છે એક આભાસ, અધૂરી શોધ, પ્રથમ પ્રયોગ. એટલામાં જ્ઞાન પરિસમાપ્ત થતું નથી. એક ગહન ગભીર દૃષ્ટિ છે, આત્માનો જ્યોતિર્મય આલોક છે. ને અંતે જ્યારે સાક્ષી આત્મા જાગે છે ત્યારે અણદીઠેલાં સત્યોને એ અવલોકે છે. અંતર્યામી પ્રભુના પ્રકાશથી જગત ઝણેણાટી અનુભવે છે, પ્રાણની પરિસીમાઓ પડી ભાગે છે ને એ અનંત શું એકાકાર બની જાય છે. ત્યાર પછી સર્વ કંઈ દેવોની દીપ્તિમંતી ક્રીડાનું રૂપ લે છે. મૂક અકલ્પ્ય શકિત પોતાના સત્યમય અને આનંદમય સ્વરૂપ સાથે સહયોગ સાધવા સર્વ કંઈની ચકાસણી કરી રહી હોય એવું દેખાય છે, એને પ્રકાશના ઉત્સ જોવા છે, ચાલી રહેલાં કાર્યોનો કર્તા કોણ છે તે જાણવું છે. માર્ગદર્શક અંતર્યામીનાં દર્શન કરવાં છે, ઊર્ધ્વસ્થ બ્રહ્મરૂપ અજ્ઞાત લક્ષ્યને પ્રત્યક્ષ કરવું છે. અહીંનું બધું જ કંઈ અંધ

પ્રકૃતિનું કાર્ય હોતું નથી. એક પરમ શબ્દ, એક પરમ પ્રજ્ઞાન ઉપરથી અવલોકી રહ્યું છે; સંમતિ આપતો એક સાક્ષી છે, દેખતા વિરાટમાં એક દેખતી આંખ છે. ઉપરની પ્રભાનો એક પ્રભાવ, એક અકળ હેતુ સૂર્યોનું ને સિતારાઓનું સંચલન કરી રહ્યો છે. જડ જગતમાં જહેમત ઉઠાવતી ચેતનાશકિતની પ્રતીક્ષા કરતી પરા પ્રકૃતિ સ્થળકાળની સેવા કરી રહી છે. આ જગત જેવું દેખાય છે તેવું નહિ પણ તેનાથી કંઈક જુદું જ છે. આપણાં જીવનો અકલ રહસ્યોથી ભરેલાં છે. મન પ્રભુની દિશામાં પ્રારંભ કરાવે છે, પણ આપણા આત્માઓ પરમાત્માના પ્રતિનિધિઓ છે. ભુવનોનો નાથ ભિખારીને વેશે શેરીએ શેરીએ ફરે છે. એક શકિત સર્વને સહાય કરતી રહે છે ને તે જ આ દુ:ખની દુનિયાને ટકાવી રાખે છે. પ્રકૃતિનાં પયઃપાન કરતો બાલસ્વરૂપ પ્રભુ ચમત્કારી વૃંદાવનમાં બંસરી બજાવી રહ્યો છે. એના સૂર સાંભળીને આપણે એના આલિંગન પ્રતિ વળીએ, તેની એ રાહ જોઈ રહ્યો છે.

માંસમાટીના માળખાના જીવનમાં ચિદંબરની ચિનગારી રૂપ ચૈત્યપુરુષ રહેલો છે. જડસા પડદા પાછળ રહેલો એ કોઈ કોઈ વાર પાવક સ્વરૂપે પ્રકટ થાય છે ત્યારે આપણે અર્ધ-દેવ બની જઈએ છીએ. આપણા દેહાણુઓમાં એક નિલીન શકિત રહેલી છે અને તે આપણે માટે સનાતનના સુદર્શનની આયોજનાઓ કર્યા કરે છે. સુવર્ણ સંદેશવાહકો આપણી પાસે આવે છે. આપણી જાતની જંબાલની દીવાલોમાં બારણું કરાય છે ને દેવદૂતો એમાં થઈને અંદર પ્રવેશે છે અને આપણામાં પ્રભુની પ્રતિમા રચે છે. કાલના તાલથી ઘેનમાં ઊતરેલી એક શાશ્વતતા આપણામાં પોઢી રહી છે. ઊંડાં મૌનોમાં એક મહાન કાર્ય થતું હોય છે. મૃત્યુની પાછળ રહેલી એક સનાતન સત્તા આપણા સીલબંધ હૃદયમાં નિજાનંદના તત્ત્વને અને સ્વર્ગીય સામ્રાજ્યને સર્જ કરી રહી છે. અવગુંઠિત પ્રભુના પરમાનંદમાંથી જે જગતો જન્મ પામ્યાં છે તે સનાતન સૌન્દર્યનું સ્વરૂપ ધારવા માગે છે ને તે કારણે આપણાં હૃદયો, રે ઇન્દ્રિયો સુધ્ધાં પરમ સૌન્દર્યની ને અમર આનંદની ઝંખના કર્યા કરે છે.

પરમાત્માના સત્યને આપણે ક્રોસ પર ચઢાવ્યું છે, જેથી શ્વસંતા દિવ્ય દેહમાં એ અવતાર લે અને આપણે એને સ્પર્શવા ને આશ્લેષમાં લેવા શકિતમાન બનીએ. એ બૃહતી બ્રહ્મસત્તા જે સમે મહાસાગર સમાન ઊતરી આવશે અને આપણી ભંગુરતાને ભરી દેશે તે સમે સર્વ કાંઈ આનંદ આનંદ બની જશે; પ્રાણ, હૃદય, ઇન્દ્રિયો અને દેહ એક અલૌકિક રૂપાન્તર પામી જશે. કાળનાં તમોગ્રસ્ત વામન જીવનો ક્ષુદ્ર વ્યાપારોમાંથી બહાર નીકળી ઉપર આરોહશે. માનવ દિવ્ય અતિથિની મૂર્તિમાં ઢળાશે, પરમાત્મશકિતનાં શુભ્ર પયઃપાન કરશે, રાત્રિની માયાજાળમાંથી ને ગર્તોની ગુલામીમાંથી છૂટશે. પછી તો એ પ્રેમને સિંહાસને હૃદયમંદિરે વિરાજમાન બાલપ્રભુને પાયે પડી, એના સૌન્દર્યથી મુગ્ધ થઈ, એના આનંદથી આંદોલિત થઈ, એના પ્રેમથી પુલકિત થઈ ધન્ય ધન્ય બની જશે.

પણ તેને માટે પ્રથમ તો આત્માએ પ્રકૃતિના પાતાલમાંથી બહાર નીકળી ઊંચે આરોહવાનું છે, નામરૂપની પાર ઊંચે ઊડવાનું છે, મનની અર્ધનિદ્રા પારનાં શિખરોએ પહોંચવાનું છે. આપણાં હૃદયોમાં દિવ્ય બળની દૃઢતા આવે, આપણી અંદરનો પશુ દેવસ્વરૂપને જોઈ દિગ્‌મૂઢ બની જાય એવી ઓજસ્વી અવસ્થાએ આપણે પહોંચવાનું છે.

અધોગત પ્રાણનાં ધુમ્મસોમાં ધીર સાહસ કરતો અશ્વપતિ આગળ ચાલ્યો. આસપાસ હતી અંધાધૂંધી અને અરાજકતા, પિશાચી દેવતાઓનાં ઘૃણાજનક મુખ, ભૂતના ભડકાઓ, મેલા મર્મરાટો અને જાદૂગરી ભરી શકિતઓનો ઘલાયેલો ઘેરો ઘેરો. પગની નીચેની જમીન જાણે સરકી જતી હતી, છતાંય રાજા પલાયન કરી જતા અંત વગરના માર્ગોએ પગલાં ભરતો હતો. એક અશરીરી મર્મરાટ એને પડખે પડખે ચાલતો હતો. ઘવાયેલો અંધકાર પ્રકાશ સામે ફરિયાદ કરતો હતો. વિરોધી સત્ત્વોની આંખો તીરની માફક એની સામે તકાઈ હતી, બુઝાઈ રહેલી મશાલના અંધકાર જેવો અંધકાર આસપાસ તગતગતો હતો. છાયામય સ્વરૂપોથી નિવસાયેલા એ પ્રદેશમાં આવેલી આકૃતિઓ ઊંધી દિશામાં દોરતી હતી. એ હતી અચિત્‌ની ઊંડી ગુહા, કાળી ને કળાય ના એવી. એનું માપ નીકળે એવું નહોતું. ત્યાં રાજા અશ્વપતિની આત્મજ્યોતિ જ એનો સૂર્યપ્રકાશ બની ગઈ હતી.

# વિશાળતર પ્રાણનાં રાજ્યો અને દેવતાઓ

પ્રકાશની આશાથી બોગદામાં ચાલતો કોઈ માણસ જેમ એના ઉજાશવાળા ઊઘડતા મોં તરફ જાય તેમ અશ્વપતિ અવચેતનની ધૂંધળી અરાજકતામાંથી સાચવીને નીકળી જવા માટે ચાલતો ચાલતો એક પ્રભાવરહિત પ્રદેશની મોકળી હવામાં આવ્યો. પ્રદેશ વિલક્ષણ હતો. ચેતના ત્યાં અચેતન સાથે રમત રમી રહી હતી. ઉત્પત્તિ ત્યાં એક પ્રયત્ન કે પ્રસંગ જેવી જણાતી 'તી, એક આકાંક્ષા રાખતી શક્તિ હતી, પણ તેને માર્ગ મળતો ન 'તો, એક વિચિત્ર પ્રકારનું ગણિત યદૃચ્છાનો વિષય બન્યું હતું. જીવન ત્યાં એક નવાઈના ને રહસ્ય ભર્યા વાતાવરણમાં મહેનતને કામે મચ્યું હતું, પણ એણે પોતાના ભવ્ય ભાસ્કરો ગુમાવ્યા હતા. સ્વપ્નો ત્યાં સેવાતાં, પણ તેમને સિદ્ધ કરવા માટે કોઈ રોકાતું નહિ. સાંધ્ય પ્રકાશના એ પ્રદેશમાં ચમત્કારી હોવા છતાં મોઘ સુન્દરતા સર્જાઈ હતી. આંખોમાં આકાંક્ષા જાગતી, વિચાર ઉપર વશીકરણ થતું, પણ એમનું કોઈ લક્ષ્ય નહોતું. અપૂર્ણતાની મોહિનીને માગતા પૂર્ણાત્માઓ, અજ્ઞાનની જાળમાં ઝલાયેલા જ્ઞાનીઓ, દેહલાલસા ભર્યાં હવાઈ સત્ત્વો અંતવંત જીવનની મોજ માણવા અદૃશ્ય પાંખો પર ઊડતાં ઊડતાં ત્યાં આવતાં હતાં, પણ મર્ત્યનું ભાગ્ય ભોગવવા ને સર્જાયેલી ભૂમિ પર પગ માંડવા માટે એમની દિવ્યતા તત્પર થતી નહિ. અમર અભિલાષા જેમની પાછળ પડી છે એવાં અમૂર્ત્ત પ્રકાશનાં બાળકો ત્યાં પસાર થતાં જોવામાં આવતાં હતાં.

જીવન ત્યાં એક ખોજ રૂપ હતું, પરંતુ એ પ્રાપ્તિએ પહોંચતું નહોતું. કશુંય ત્યાં સંતોષતું ન 'તું, છતાં બધું જ ત્યાં પ્રલોભાવતું હતું. જન્મ લેવા વૃથા મથતા જીવો ત્યાં આવતા, પણ જે ફસાતા તેમને માટે ત્યાં હરહંમેશ ભટકવાનું જ રહેતું. કશુંય ત્યાં સલામત નહોતું. બધું જ ત્યાં ચમત્કારક ને અર્ધ-સત્ય હતું. પાયા વગરનાં જીવનોનો એ પ્રદેશ હતો.

ત્યાર બાદ આકાશ ઊઘડ્યું ને એક મહત્તર શક્તિની પ્રસારેલી પાંખો નીચે શોધ આગળ ચાલી. પ્રથમ આવ્યું પ્રભાતતારકનું રાજ્ય, વિશાળતર જીવનની આશા ઉદ્‌ભવી. એક મોટો સંદેહાત્મક સૂર્ય ઊગ્યો અને એના પ્રકાશમાં પ્રાણ-શક્તિએ એક ભુવન ઊભું કર્યું. એક આત્મા ત્યાં પોતાના ગહન સ્વરૂપની શોધમાં હતો. સમગ્રના ત્યાં ટુકડા હતા ને એ ટુકડા ભેગા કરતાં સમગ્ર સર્જાતું. પણ કંઈક તો ત્યાં સિદ્ધ થયું હતું. ઊંડા આત્માની એક શક્તિ ત્યાં પ્રસ્ફોટન પામી હતી,

પ્રાણ અને જડદ્રવ્ય આનંદને ઉત્તર આપતાં બન્યાં હતાં, ક્ષણને અમર બનાવી દેતું ચિરંજીવ સૌન્દર્ય પ્રકટ્યું હતું, સર્વોચ્ચ સત્યને સંમૂર્ત્ત કરતો શબ્દ ચૈત્યમાંથી છલંગીને બહાર આવ્યો હતો, કેવલસ્વરૂપની રંગ-છટા જીવન ઉપર છવાઈ હતી, જ્ઞાનને અંતઃસ્ફુરણાનો મહિમા મળ્યો હતો, પ્રેમનું પ્રહર્ષણ પ્રકાશમાં આવ્યું હતું, અશરીરી રહસ્યમયતાનો અરાધક સંકલ્પ અર્ધ-માર્ગ કરીને આગળ આવ્યો હતો ને એ ગોચર પાર ધકેલાતો હતો. વચ્ચેથી એણે આનંદને પકડી પાડયો હતો અને આચ્છાદિત સત્યતાને અડધી પડધી પ્રકટ કરવા માંડી હતી.

આ વિશાળતર પ્રાણનો પ્રદેશ આપણામાં વિશાળતર આશાઓ જગાડે છે, આપણા ભાગ્યનિર્માણને માટે પ્રધાન પ્રવૃત્તિ પૂરી પાડે છે. આપણા જીવનના ઉલ્લોલો એના ભૂલા પડેલા તરંગોનાં પ્રેરણો હોય છે. આપણે જેની શોધમાં છીએ ને જે માનવ હૃદયમાં એક દિવસ જન્મવાનું છે તેનું પ્રથમરૂપ ત્યાંથી મળી આવે છે. જયાંથી પાછા ફરવાની ખાતરી નથી ત્યાં જવા માટે ક્ષણભંગુરતાની એક શકિત પ્રવર્તી રહી છે. એ છે પ્રકૃતિની અજ્ઞાત પ્રત્યેની યાત્રા ને એની વણજાર આગળ ને આગળ વધી રહી છે.

પ્રાણપ્રકૃતિ એકદા અનાદ્યનંતને ખોળે ઢળેલી હતી, પરંતુ અત્યારે એ પરમાત્માના અમર આનંદથી વિરહિત થઈ ગઈ છે. હવે એ પોતાના પૂર્વના આનંદો જેવા આનંદોની રચના કરવા માગે છે. ઉભયને વિયુકત રાખતો વિશાળો ગાળો કૂદી જવાની ને શાશ્વતની સુવિશાળ ઉત્તુંગતાઓ સાથે સમાગમમાં આવવાની આશા રાખે છે. કાળની ઘડીમાં એ સનાતનને બંદી બનાવવા માગે છે, અલ્પ જીવને અનંતથી ભરી દેવાની આકાંક્ષા રાખે છે. અનહદને કાંઠે એ ઊભી છે, અંત-ર્વાસીને જુએ છે, અનંતના આલિંગનનું સંવેદન સેવે છે. અસીમને જન્મની જાળમાં ઝાલવા ને આત્માને સ્થૂલ સ્વરૂપ આપવા, અનિર્વચનીયને વિચાર ને વાણીમાં ઉતારવા એ પ્રયત્નશીલ રહે છે. અકાલને કાલના આશ્લેષમાં એ લલચાવીને લાવી છે; એક કાલાતીત રહસ્યમયતાને કાલમાં એ સિદ્ધ કરે છે.

એના પરિશ્રમમાં હોય છે ભાવાવેશ અને આર્ત્તતા, પ્રહર્ષ અને પીડા, મહિમા અને શાપ. પણ છતાંય એનું બળવાન હૃદય અટક-છટક જાણતું નથી. સ્વપ્ન સેવતું મન અને ચૈત્ય પુરુષ ઉપર વીરતાથી વિશ્વાસ રાખતું વિશ્વ એણે વિરચ્યું છે. હજારો પ્રણાલિઓમાં એકમાત્ર સત્યતાને સંમૂર્ત્ત કરવાની ક્ષુધા એનામાં રહેલી છે. અધ્યાત્મ તથ્યોનો એ શિકાર કરે છે, અદૃષ્ટ ઉપર મુગ્ધ રહે છે, પારના પ્રકાશને આવાહન કરીને બોલાવે છે, આત્માને મુકિત આપનારા મૌનને સંવેદે છે. 'સત્યં-શિવં-સુન્દરમ્'ની એ ઉપાસિકા છે. સ્વર્ગોનાય સ્વર્ગની એ સમીપમાં છે, દેવ અને દાનવ—ઉભય સાથે એનો નાતો છે. એના હૃદયમાં અદ્‌ભુત ઉત્સાહ ઊભરાય છે; શૃંગો માટે એ તલસી રહી છે, પરમોચ્ચ માટે ભભૂકતી ભાવનાથી ભરેલી છે પૂર્ણ શબ્દ અને પૂર્ણ રૂપ એનું લક્ષ્ય છે. રૂપમાં અરૂપને એ નિકટવર્તી બનાવે છે

સર્વ પૂર્ણતા પરમાત્માના સાન્નિધ્યમાં રહેલી એ જુએ છે.

એ સ્વર્ગનું સંતાન છે, પણ એણે પોતાનું સદન કદી જોયું નથી. બહુ બહુ તો એ અનંતની નજીક જઈ એનો સ્પર્શમાત્ર મેળવી શકે છે. શોધવામાં અને સર્જવામાં એની મહત્તા સમાયેલી છે. આ મહિમાશાળી શક્તિએ પ્રત્યેક ભૂમિકામાં સર્જન કરવાનું છે. સ્વર્ગલોક, મૃત્યુલોક અને પાતાળલોક—એ ત્રણેયમાં એ એકસમાન પ્રવર્તે છે. પ્રત્યેક નિર્માણમાં એનો ઓજસ્વી હિસ્સો છે. પોતાની સર્વ દિવ્ય વસ્તુઓથી વંચિત થયા છતાંય અંધકારમાં રહી, પારાવાર કષ્ટો સહી એ પોતાનું કાર્ય કર્યે જ જાય છે. પોતાના વક્ષ:સ્થળ ઉપર ક્રોસે ચઢાવેલા પ્રભુને એણે રાખ્યો છે. નિરાનંદ અચિત્ ગર્તોમાંય એને એની સ્મૃતિ રહે છે અને ત્યાંય એ સર્વ અદ્ભુતોના કર્ત્તાએ એને આપેલી કલા પ્રયોજે છે, અને જ્યાં કશું જ નહોતું ત્યાં એક સૃષ્ટિને સાકાર બનાવે છે. એના પ્રભાવથી કાદવમાંથી દૈવી ચમત્કાર ખડા થાય છે, જડમાં ચેતન આવે છે, ચેતન વિચાર કરતું બની જાય છે. નિશ્ચેષ્ટ દેહને એ ચૈત્યાત્મા સમર્પે છે ને એને સંકલ્પ કરતો ને બોલતો બનાવી દે છે. એની પાસે એક જાદૂઈ લાકડી છે. એને ફેરવીને એ અસંખ્યાત સત્ત્વોને, આકારોને ને દૃશ્યોને બોલાવી લાવે છે ને સ્થળ-કાળની એની યાત્રામાં એ એના જ્યોતિર્ધરો બની જાય છે. સૂર્યો ને ગ્રહો એના માર્ગ-પ્રદીપકો છે, આપણી બુદ્ધિ એના વિચારોની વિશ્વસ્તા છે, ઈન્દ્રિયો સજીવન સાક્ષીઓ છે. પ્રાણચેતના પોતાની લુપ્ત અનંતતાની સ્મૃતિને સ્થાને સિદ્ધ કરેલાં સ્વપ્નાંની સ્થાપના કરવાનો પરિશ્રમ સેવે છે.

જગતના જબરજસ્ત અજ્ઞાનમાં આ એનાં મહાકાર્યો છે. પડદો હઠી જાય ને રાત્રિ મટી જાય ત્યાં સુધી આ પ્રાણચેતના કાળમાં અખંડ યાત્રા કરતી રહે છે. અહીં જાણવું જોઈએ કે એની સઘળી પ્રવૃત્તિના મૂળમાં એનો નિત્યનો પ્રેમી રહેલો છે. એ પ્રેમીને ખાતર તો એ અદૃષ્ટમાંથી અહીં આવી છે. એ પ્રેમીના પ્રેમભાવમાં એનું હૃદય ઢળાય છે, એના સ્મિતને એ સૌન્દર્યમાં સંઘરે છે, પોતાના આલિંગનમાંથી પોતાનો પ્રેમી રખે ને સરકી જાય એવા ભયથી એ એને હૈયા સરસો ચાંપી રાખે છે.

સચેતન અનંતને ઝાલવા માટે એ એક જાળ ગૂંથે છે. પોતાનાં પગલાંને છુપાવનારું જ્ઞાન એની અંદર રહેલું છે. અદ્ભુતોને વાસ્તવિક બનાવનારી શક્તિથી એ સજ્જ છે. એના ઉદ્દેશો આપણે માટે કોયડા જેવા છે, ને એમને સમજાવવા જતાં એ વધારે ન સમજાય એવા બની જાય છે. સત્યો ને મિથ્યા કથાઓમાંથી એ એક વિશ્વ વિરચે છે, પણ પોતાને જેની સૌથી વધારે જરૂર છે તેને એ બનાવી શકતી નથી. શાશ્વત સિવાયનું બીજું બધું એ મેળવે છે, એક અનંતને જ ચૂકી જાય છે.

ઊર્ધ્વના સત્યથી અજવાળાયેલી એક ચેતનાનો રાજાને ત્યાં અનુભવ થયો. એક ભાવ પકડાયો હતો ને એમાંથી જગત ઊભું થયું હતું. એક મૂર્ત્તિને ઈશ્વરનું નામ મળ્યું હતું.

એ વિશાળતર પ્રાણના જગતના જીવોને જીવવા માટે શરીરની આવશ્યકતા

હોતી નથી. બાહ્ય વસ્તુઓ એમની અસ્તિ માટે આવશ્યક બનતી નથી. ત્યાંનાં બધાં જ બળો પ્રાણની તહેનાતમાં રહે છે. બધાં જ ત્યાં પ્રાણમય પ્રકૃતિનાં ઓજારો છે. પોતાની જાતને જ તેઓ પોતાનું જગત બનાવી દે છે. ત્યાં પહોંચેલાંઓ અજન્માનો અવાજ સાંભળે છે, એમની દૃષ્ટિ સમીપ સર્વના માથાનો મુગટ બનેલું મૂર્તિમંત બને છે. પ્રત્યેક ત્યાં એક મહત્તાનું સ્વરૂપ છે ને એ ઊંચે વાધે છે કે અંદરથી સાગર સમાન વિસ્તરે છે. પ્રત્યેક ત્યાં પોતાનું નાનકડું રાજ્ય રચી એની ઉપર રાજ્ય કરે છે. પૃથ્વી ઉપરની જીવજાતિ સાથે એમની સગાઈ છે. આપણી મર્ત્યતાની કિનાર પર એમનો દેશ આવેલો છે.

આ વિશાળતર વિશ્વ આપણને આપણી વિશાળતર પ્રવૃત્તિઓ પૂરી પાડે છે. ત્યાંનાં સત્ત્વો આપણી ઉજ્જ્વલતર પ્રતિમૂર્તિઓ છે. એમનાં જીવન એક હૃદયસ્થ નેતાને અનુસરે છે ને અંતરના નિયમનને વશ વર્તે છે. ત્યાં મહિમાઓનો ભંડાર છે, મહાવીરોનો ઢાળો છે. પોતપોતાના દેવને પસંદ કરી તેઓ સત્ય અને અસત્ય વચ્ચેની લડાઈમાં જોડાય છે. પાપના કે પુણ્યના, નરકના કે સ્વર્ગના પક્ષમાં જોડાઈ તેઓ સંગ્રામ આદરે છે, પાપના પૂજારીઓ કે પુણ્યના પુરસ્કર્તાઓ બની તેઓ ધમસાણ મચાવે છે. મહાન વિજય કે મહાન પતન, સ્વર્ગનું સિંહાસન કે નરકનો ઊંડો ખાડો—એ બેમાંથી એક એમને માટે હોય છે.

પ્રાણની આ ભૂમિકામાં જડદ્રવ્ય આત્માનું પરિણામ છે, કારણ નથી. ત્યાં અંતર આડે આવતું નથી, સ્થૂલ કરતાં સૂક્ષ્મનું ગૌરવ વધારે છે. અંદરખાનેથી કોઈ એક ઓજ ત્યાં સ્પંદમાન થાય છે, મન ઇન્દ્રિયોના કાર્ય ઉપર આધાર રાખતું નથી. એક અશરીરી શક્તિ શરીરને સ્ફુરણોથી ભરે છે. ગૂઢમાં રહેલું ત્યાં પ્રકટ રૂપ લે છે, અદૃશ્ય રહેલું દૃશ્ય રૂપોને ધકેલે છે, વિચાર વિચાર સામે મીટ માંડે છે, ભાવ ભાવને ભેટે છે, દેહ દેહનાં સંવેદનોનો પરસ્પર અનુભવ કરે છે. દ્વેષ દ્વેષની સામે મલ્લ-યુદ્ધમાં ઊતરે છે, પ્રેમ પ્રેમની ઉપર ચડાઈ કરે છે. દૂર રહેલાંય ત્યાં સર્વથા પરસ્પર આપલે કરે છે, સત્ત્વ સત્ત્વને ને ચેતન ચેતનને પ્રત્યુત્તર આપે છે, તેમ છતાંય ત્યાં આખરી એકતાનો અભાવ હોય છે. અચિત્‌ની ચમત્કારી વાડ વટાવવામાં આવેલી હોય છે, છતાં ત્યાં પારનો ચમત્કાર હજી અજાણ્યો હોય છે. બધું જ હોય છે અપૂર્ણ, અર્ધ-જ્ઞાન ને અર્ધ-સમાસ. આદિ ને અંત હજી ત્યાં રહસ્યલીન રહે છે; કોઈ ત્યાં પોતાને કે પોતાના જગતને સાચી રીતે જાણતું હોતું નથી. નીચે છે અંધકાર, ઊંચે છે પ્રકાશમાન પોલાણ. કશાયનો ત્યાં નિશ્ચય નથી. ગૂઢતા ત્યાં ગૂઢતા વડે સમજાવાય છે, સમસ્યા સમસ્યાને ઉત્તર આપે છે. આવા આ એક કોયડા જેવા જગતમાં થઈને જતા અશ્વપતિને પોતાની જાત પણ કોયડા જેવી જણાઈ સર્વને એ પ્રતીકરૂપ જોતો 'તો ને એમનો અર્થ સમજવાનો પ્રયત્ન કરતો હતો.

જન્મમરણના ઊછળતા સ્રોતો પાર કરી એ આગળ ચાલ્યો. એના જોખમ ભર્યા સાહસનો અંત આવતો ન'તો. પ્રાણ પ્રકૃતિ પાર્થિવ રેખાઓ ઉપરથી પાછી હઠતી

હતી. અજ્ઞાતનું આકર્ષણ એ અનુભવતી દેખાઈ. મહત્ત્વાકાંક્ષાનું એક ક્ષેત્ર ખુલ્લું થયું હતું, પરંતુ જે પ્રકટ થયું હતું તેના કરતાં વધારે ઢંકાયેલું રહ્યું હતું. જાદૂઈ તીરથી તે અદૃશ્ય લક્ષ્યે નિશાન લેતી હતી. વિચિત્ર તો એ કે જે પાસે જ હતું તે એને દૂરનું લાગતું હતું.

અશ્વપતિની આંખ સર્વનો તાગ લેવા લાગી. સર્વ કંઈ ગોટાળામાં નાખી દે એવા કોયડા જેવું હતું. નિશાનીઓ ખોઈ એ નિષ્ફળ નીવડતા અનુમાન પાછળ પડતો. સૂર્ય પોતાની જ આંખને આંજી દેતો. લોપાયેલી સત્યતાને શોધતો રાજા ઉપરાઉપરી ઝબકતી વીજળીઓના પ્રકાશમાં ચૈત્યાત્માનાં પ્રકરણો વાંચતો. જિંદગીની ચિત્રવિચિત્રતાઓ એના જોવામાં આવી. ચક્કરમાં નાખી દેતાં સત્યનાં સેંકડો મુખ દૃષ્ટિગોચર થયાં. વાટ જોતાં અદૃશ્ય જગતોમાંથી અવાજો આવ્યા, અવ્યક્તના અક્ષરો ઉચ્ચારાયા. ચમત્કારી યંત્રાકૃતિઓમાં ગૂઢ નિયમો સંવાદિતાને સીલબંધ રાખતા હતા. જોખમ જ્યાં આનંદને આલિંગન આપે છે ત્યાં એની ગાતી આશાઓ અવલોકાઈ. નીલ, સ્વર્ણ ને કસુંબલ અગ્નિનો ઝળહળાટ જોવાયો. અધ્યાત્મ પ્રેમના આત્મબલિદાનના તરુવર પર ઐહિક પુષ્પનો ઘેરો લાલ પ્રસ્ફોટ પ્રત્યક્ષ થયો.

પ્રાણમય પ્રકૃતિની સાથે અશ્વપતિ એકાકાર બની ગયો. ખરેખર, એ અદ્‌ભુત હતી અને અદ્‌ભુત કાર્યો કરતી હતી. એની જાદૂગરીએ એનામાં ભાવાવેશ ભર્યો. શિખરો પર ઊભા રહી એણે જોયું કે પાર આવેલી સત્યતાને જીવન અને સત્ત્વ અર્ચનામાં અર્પાતાં હતાં. પરંતુ એનો આત્મા ભીતરમાં રડતો હતો, કેમ કે એના પ્રયાસો નિષ્ફળતા પામતા હતા. પકડવા ધારેલું સત્ય પકડાતું નહોતું. આશાઓને નિરાશા સાંપડતી. પરિણામે અસંતોષ મનનો મહેમાન બની ગયો હતો. એનું હૃદય એકમાત્ર પોતાના પ્રેમીને બંદિ બનાવી શકતું નહોતું. હરહંમેશ એ ઢૂંઢતી જ રહેતી. બનાવટી સ્વર્ગો બનાવતી દેશનિકાલ થયેલી એ એક દેવી હતી. સંતાયેલા સૂર્ય તરફ મીટ માંડી રહેલી એ રહસ્યમયી નારસિંહી મૂર્ત્તિ હતી.

પ્રાણનાં રૂપોમાં અશ્વપતિ એક આત્માને સંવેદતો તો હતો, પણ બાહ્યમાં એની નામનિશાની કયાંય મળતી નહિ. જીવનનો ગૂઢાર્થ ભીતરમાં અને ઊર્ધ્વમાં લખાયેલો છે. બંસીધરની બંસરીના સૂરથી દોરાયેલો રાજા પ્રાણના હાસ્યની અને પોકારની વચ્ચે થઈ પૂર્ણતાપૂર્ણ અનંતતાની દિશામાં ચાલ્યો. પ્રાણની શકિત સઘળા માર્ગો પર લઈ જતી હતી, પણ એમાંનો એકે માર્ગ ખાતરીબંધ નહોતો. એ જ્યાં જ્યાં ગયો ત્યાં ત્યાંથી પાછો હડસેલાયો. પ્રાણના જગતની ગલીકૂંચીઓમાંથી એનું રહસ્ય હાથમાં આવતું ન 'તું.

છતાંય જીવતા રહેવું અને સર્જવું એ મહાસુખ છે. પ્રેમ કરવો ને નિષ્ફળ તો નિષ્ફળ પ્રયત્ન કરવો એય આનંદદાયક છે. શોધેલું સઘળુંય છેતરી જાય તો પણ શોધતા રહેવામાં મજા છે, કેમ કે દુ:ખનાં મૂળમાં આનંદ છુપાઈ રહેલો છે અને

એકસ્વરૂપ પરમાત્માનું બનાવેલું કશુંય નિરર્થક નથી. હારેલાં હૃદયોમાંય પ્રભુનું બળ હયાત છે. આપણા આ મરણને અવનવાં ભુવનોમાં લઈ જતો માર્ગ બનાવી દેવાય છે. ક્ષણભંગુરતા પાછળ શાશ્વતતાને ખરચી નાખતું અલ્પજીવી સંગીત પુનરાવર્તનો પામતું રહે છે. દેહધારી બનેલો આત્મા વિશ્વના વિશાળ વાદ્યને વગાડવા માટે આવેલો છે. પણ સનાતન શબ્દનો એક સબળ મર્મરાટ, મહામુદાનો એક સ્વર, રૂપાંતર પમાડતું સૌન્દર્ય, સર્વોચ્ચ સામર્થ્ય અને માધુર્ય જે અત્યારે નથી તેનું સ્મરણ કરાવે છે.

પ્રકૃતિની પાર વગરની ગલીકૂચીઓમાં પ્રભુ ગુમ થઈ ગયો છે. પણ જ્ઞાનને સર્વજ્ઞતા આપવાનો, કાર્યમાં સર્વશક્તિમત્તા આણવાનો, વિશ્વને પ્રભુથી પૂર્ણપણે પરાક્રાન્ત કરવાનો પ્રયત્ન પ્રકૃતિ કર્યે જાય છે. પ્રાણમય પ્રકૃતિ પૃથ્વીને સ્વર્ગની પડોશણ બનાવવાનો, પરમાત્માની સમોવડિયણ બનાવવાનો, સનાતનનું પાતાલ-ગર્ત સાથે સમાધાન સાધવાનો સંકલ્પ પરિશ્રમપૂર્વક સાધી રહી છે.

અહીં નીચેથી પ્રકૃતિ સ્વર્ગ સામે તાકે છે. ઊર્ધ્વમાં દેવજીવન ને નીચે વાનર-માંથી વિકાસ પામેલો અર્ધ-દેવ એને દેખાય છે. આ મહત્તર પ્રાણ પૃથ્વીલોક અને સ્વર્ગલોકના વચગાળામાં ડામાડોળ સ્થિતિમાં રહે છે. વસ્તુમાત્રનું યાથાતથ્ય એનામાં ઋતરેખાએ યાત્રા કરતું રહેલું છે, છતાં એને એનું આંશિક જ્ઞાન જ હોય છે. અજ્ઞાનનો ભાર એના વિચારની પાંખો પર લદાયેલો છે. સંતોષ અને શાન્તિ એને ક્યાંય મળતાં નથી.

અશ્વપતિને મન પ્રાણચેતનાની મોહિની ઝલક વિનાની બની ગઈ. રાજાના મહાન આત્માને ગહનગહન આનંદ જોઈતો હતો. એ પ્રાણની ભુલભુલામણી-માંથી બહાર નીકળી જવા માગતો હતો, પણ એ સ્વપ્નસમાન અવકાશમાંથી બહાર નીકળવાનો માર્ગ એને મળતો ન હતો. આપણી ચેતનસત્તાને હરહંમેશ કાળના રાજ્યમાં રહેવાનું છે. મૃત્યુ આપણને મદદ કરતું નથી. વિરામની આશા વ્યર્થ છે. એક ગુપ્ત સંકલ્પ આપણને આ અવસ્થામાં બળે બળે ચાલુ રાખે છે. પરંતુ આપણા જીવનનો આરામ છે અનંતમાં ને એનો અંત છે પરમાત્મજીવનમાં.

અત્યારે પરંતુ આપણે એક જન્મથી અન્ય જન્મમાં, એક ભુવનથી બીજા ભુવનમાં કોઈ એક છૂપી દોરીથી ઘસડાઈ જઈએ છીએ. આ જગતમાં કર્મનો ધબકાર છે, શોધનો પોકાર છે, એકની એક વસ્તુ હજારો નવાં રૂપ લઈ હાજર થાય છે. સિદ્ધ ન થયેલી શક્તિનો શ્રમ અહીં પરસેવો ઉતારે છે. પોતાની પતિત અવસ્થાની પાર ઊંચે પ્રાણની દૃષ્ટિ મંડાયેલી છે. એક વાર જે પોતાનો હતો પણ અત્યારે નથી તે મહિમા એના અંતરમાં સ્પંદી રહ્યો છે. હાલ દૂર દૂર થઈ ગયેલાં છે તે પોતાનાં સોનેરી સુખ, સૌન્દર્ય, સામર્થ્ય, પ્રભુની ને પાતાલની વચ્ચે અધ રસ્તે રહેલું પોતાના અમર આનંદનું રાજ્ય એને યાદ આવતાં રહે છે.

આપણને આપણા જે આત્મસ્વરૂપનું હાલ સ્મરણ નથી તેણે આપણી પૂઠ

લીધી છે. આપણે જેના સ્વરૂપમાં ઢળાવાનું છે તે પરમાત્મા આપણને ચલાવી રહ્યો છે. આત્માનું રાજ્ય આપણે ગુમાવ્યું છે, છતાં આપણી દૃષ્ટિ આપણા દિવ્ય જન્મ પ્રત્યે પાછી વળે છે. પતંગ જેમ પાવકજ્યોતિ માટે ઝંખના કરે તેમ ઝંખન ભર્યા આપણે અત્યારે વિપરીતતા પામેલાં આપણાં સહજ સુખ, હૃદયનો આનંદ, શરીરનો રોમહર્ષ તથા પ્રભુનો પરમાનંદ મેળવવાને માટે વ્યગ્ર રહીએ છીએ. આપણી આરાધક આંખ આકાશ પ્રત્યે ઊંચકાય છે, અને હજી સુધી અહીં નહિ આવેલા પ્રભુના વરદ હસ્તની અને સૃષ્ટિ જેની રાહ જોઈ રહી છે તે સનાતન સ્વરૂપના સુન્દર વર વદનના કાળના માર્ગો પર થવાવાળા આવાગમનની પ્રતીક્ષા કરતા આપણે આશાભરી પ્રાર્થના કરીએ છીએ કે—

"જરૂર, આપણી પ્રાર્થનાનો પોકાર સાંભળીને એક દિન એ આવશે ને આપણાં જીવનોને નવેસર સર્જશે, શાંતિનો મોહક મંત્ર ઉચ્ચારશે અને પૃથ્વી ઉપર પ્રભુની પૂર્ણતા પ્રકટાવશે. જરૂર, એક દિન એ અવતાર લઈ પૃથ્વી ઉપર પધારશે, પોતાનાં સનાતન દ્વારોની ગુપ્તતા તજી પૃથ્વીને ધન્ય ધન્ય બનાવશે, આત્માને મુક્તિ આપનારું મહાસત્ય લાવશે, જીવાત્માને દિવ્યતાની દીક્ષા દેતો ભૂમાનંદ અહીં ઉતારશે. એના પ્રસારેલા બાહુઓ ત્યારે આપણું મહાબળ બની જશે. શિવ-સુન્દરને સંતાડતો પ્રચંડ પડદો એક દિન એ અવશ્ય ઉપાડી લેશે, ધરાના ધડકતા હૈયાને પ્રહર્ષણીથી લાદી દેશે અને પોતાના અમૃત ને આનંદમય જ્યોતિ:સ્વરૂપનાં આ આંખોને દર્શન કરાવશે."

પણ આ શુભ સમય આવે ત્યાં સુધી તો આપણી જીવનમૃત્યુની ને મૃત્યુ-જીવનની પરંપરા ચાલતી રહેવાની, ને જેને માટે જન્મ-મરણ નિર્માયાં છે તે બધું કરવાનું જ રહેવાનું. અને ત્યાર પછી પણ પૂર્ણ વિરામ છે એવું કોણ કહેશે? પ્રભુની લીલા અનંતકાળ ચાલતી જ રહેવાની.

દેવોની કોઈ એક ભૂલે જગતનું સર્જન કર્યું છે, યા તો સનાતન પરમાત્મા કાળનું નિરીક્ષણ કરી રહ્યો છે.

સર્ગ ૭

# રાત્રિ મધ્યે અવતરણ

પ્રાણના પ્રભાવમાંથી મુક્ત થઈ, જ્ઞાન માટે શાન્ત અવસ્થામાં આવી, અંધતા અને દુ:ખમાંથી હૃદયને બહાર કાઢી લઈ, અશ્રુની આડમાંથી અળગા થઈ જઈ, અજ્ઞાનના પાશમાંથી છુટકારો મેળવી રાજા અશ્વપતિ વિશ્વની નિષ્ફળતાનું કારણ શોધવા લાગ્યો. દૃષ્ટિહીન વિરાટમાં એણે દૃષ્ટિપાત કર્યો. જોયું તો જગતના સ્થાયી દુ:ખનો ઉત્સ, અજ્ઞાનના અંધારા ખાડાનું મુખ ત્યાં આવેલાં જોવાયાં. જીવનના મૂળમાં આવેલા મહાઅનિષ્ટે માથું ઊંચું કરી રાજાની આંખ શું આંખ મિલાવી. પાછળ જાણે કંડારેલું હોય એવું રાત્રિનું મુખછદ્મ દેખાયું. કોઈ એક અસ્પષ્ટ છૂપી હાજરી ત્યાં હતી; દુર્ભાગ્યની દુર્દાન્તતા ત્યાં હતી; જીવનના કાળા બીજરૂપ મૃત્યુ ત્યાં હતું. જગતને સર્જનાર અને સંહારનાર ગુપ્ત શક્તિ ત્યાં સભાન પ્રવર્તતી જણાતી હતી. ત્યાંથી એક વિનાશક પ્રભાવ ચૂપચાપ પ્રાણીઓ ઉપર પ્રસરતો હતો. એક વિરોધી અને વિકૃતિઓને જન્મ આપનાર માનસ ગુપ્ત કાર્ય કરી રહ્યું હતું. ખૂણેખાંચરે ભરાઈ રહેલું એ સત્યને ભ્રષ્ટ બનાવતું, જ્ઞાનને સંદેહોથી સતાવતું, સ્વર્ગીય શ્રુતિની આડે આવતું, માર્ગદર્શક ચિહ્નોને મિટાવી દેતું, પ્રેમને દ્વેષમાં અને જ્યોતિને અંધકારમાં ઊલટાવી દેતું. કોઈ દેખાતું તો નહોતું, પણ તેમ છતાંય એનું વિનાશક કાર્ય તો ચાલ્યા જ કરતું. એક તરફ જીવનનું મનોહર સ્વરૂપ હતું તો બીજી તરફ ભીષણ શક્તિઓ માણસની અહંતાને નરકનું ઓજાર બનાવી દેતી. અદૃશ્યમાંથી આવતાં કાળમુખાં આસપાસની હવાને જોખમભરી બનાવી મૂકતાં. મારનાં સૈન્યો માનવના અધ:પતન માટેનાં કારસ્તાનો કરતાં જ રહેતાં. ત્યાં બધાંની આસપાસ ઘેરો ઘલાયેલો હતો, પણ કોઈનેય એ ઘેરાનું ભાન નહોતું; કોઈનેય પોતાનું પતન આણનારો દેખાતો નહોતો.

ઘોર બળોનાં પડેલાં પગલાંને અનુસરતો અશ્વપતિ ચાલ્યો. ‘નહિ કિસી કી જમીન’ આવી. ત્યાં હતી સરહદ, પૃથ્વીલોકની અને પાતાલગર્તની. વિધવિધ અને વિપરીતકારી માયાવી બળોનો ત્યાં વસવાટ હતો. છળકપટનાં ત્યાં કારસ્તાનો હતાં. દારુણ દૈત્ય દૈવતો ત્યાં જીવનના દુર્ભાગ્યની હાંસી ઉડાવતાં. ક્યારે, ક્યાંથી ને કેવે પ્રકારે એ ઓચિંતો હુમલો કરશે તેની ખબર પડતી નહિ. એમનું ધાર્યું પાર પાડવા માટે એ ધર્મ-અધર્મ, શુભ-અશુભ, પુણ્ય-પાપ, જ્ઞાન-અજ્ઞાન, શાસ્ત્ર-અશાસ્ત્ર, એમ બધાં ને જ પોતાનાં હથિયારો બનાવતાં. ઠગવા માટે જ્ઞાન કામમાં લેવાતું,

મારવા માટે પુણ્ય પ્રયોજાતું, અનિષ્ટ અને આપત્તિ આણવા માટે નીતિ અને સદાચારનું ઓથું લેવાતું. અણધાર્યાં આક્રમણો થતાં ને બેફામોના ભોગ મળી જતા. ઊજળું સ્વરૂપ લઈ દફનાવી દેવા માટે સેતાનો આવતા. નિદ્રા ને નિ:શસ્ત્રતા ત્યાં નાશકારક બની જતી. સત્ય ત્યાંથી દેશનિકાલ થતું, જ્ઞાન ત્યાં નિષિદ્ધ હતું : કેવળ અંધાધૂંધી જ ત્યાં ફેલાયેલી હતી.

પછી દૃશ્ય બદલાયું, પણ તેમ છતાંય એની અંદરની ભયાનકતા તો એની એ જ હતી. રાજ્ય વગરની રાજધાની ને અજ્ઞાનનું હતું નગર. અહંકાર ત્યાં અસત્યની શકિત સાથે મયૂરાસને વિરાજ્યો હતો. સ્વર્ગ જેમ સત્યની ને પ્રભુની પ્રત્યે વળે તેમ ત્યાંનું જગત અહંકાર અને અસત્યની પ્રત્યે વળતું. બળજબરીથી અન્યાયને ત્યાં ન્યાય ઠરાવાતો. મોટી મોટી ઘોષણાઓ કરતો સ્વચ્છંદ ત્યાં રુઆબ દાખવતો હતો. સાચી સ્વતંત્રતાનો ત્યાં શિકાર થતો. સુમેળ અને સહિષ્ણુતા ત્યાં ક્યાંય જોવામાં આવતાં નહિ. શકિત અને ઉપયોગિતા ત્યાં સાચાં ને ધર્મરૂપ મનાતાં. ક્રૂર લોલુપતા દુર્બળોને દમતી ને વિદારતી, છૂપાં પાપ ત્યાં પ્રચાર પામ્યાં હતાં. પ્રભુની ત્યાં કોઈને કશી પડી ન 'તી. ભિન્ન માન્યતાઓ ઉપર ઘોર અત્યાચાર થતો. ધર્મ લોહીખરડી ગાદી ઉપર બેઠો હતો. કાળા કપટથી ને જોરજુલમથી ત્યાં સૌને એક બનાવવામાં આવતા. અસત્ય ત્યાં સત્ય ને સત્ય અસત્ય મનાતું. બળ, સ્વાર્થ, લોભ અને લાલસા ત્યાં બેફાટ બહેકયાં હતાં. પ્રભુને સ્થાને ત્યાં પાપ પૂજાતું હતું. એ પ્રદેશ એવો તો ખતરનાક હતો કે ત્યાં પગલાં માંડનાર પ્રભુને પોકારે નહિ ને પ્રાર્થનાનો આશ્રય લે નહિ તો તેનું આવી જ બનતું. જેમણે હૃદયમાં પ્રભુને પધરાવ્યા હોય તેઓ જ ત્યાં સલામત હતા. હિંમત તેમનું બખ્તર બનતી, શ્રદ્ધા સમશેરનું કામ કરતી. ચકોર આંખે ત્યાં ચાંપતી ચોકી રાખવી પડતી, સત્વર સામો ઘા કરવાને સાવધાનીથી સજ્જ રહેવું પડતું. આ 'નહિ કિસી કી જમીન' વાદવિવાદ વગર વટાવી રાજા હવે રાત્રિ તરફ વળ્યો.

ત્યાંય હવે વધારે ગાઢ અંધકાર અને વધારે ખરાબ રાજ્ય એની વાટ જોતાં જોવામાં આવ્યાં. પ્રભુ, પરમસત્ય, અને પરાત્પર જ્યોતિ ત્યાં કદી હતાં જ નહિ, યા તો ત્યાં તેમનું કશું ચાલતું નહોતું. અશ્વપતિ એક અઘોર અંધકારમય પ્રદેશમાં પ્રવેશ્યો હતો. ત્યાં હતા આસુરી બળોના મોટા મોટા મહેલો, પણ એ મહેલોની આસપાસમાં હતાં અમાનુષી પૈશાચિક સત્ત્વોનાં ગંદકી ભર્યાં કંગાલ ખોરડાંઓ. બદસૂરત ને બદતમીજ નીચ લાલસાઓનાં ઘૃણાજનક કરતૂકો ત્યાં બેશરમ બનીને બેફાક બહલાયાં હતાં. અસ્વાભાવિક અનિષ્ટ અને વિપરીત રીતિઓ ત્યાં રમણે ચડી હતી. મલિનતા, દુર્ગન્ધ, પાશવ આવેશોના ઉછાળા ત્યાં ઊભરાતાં હતાં. વશીકરણ કરતી આંખો ત્યાં અંધકારમાં ઊઘડતી દેખાતી. રાત્રિના હૃદયમાં નરકનું નર્યું નગ્ન સ્વરૂપ ત્યાં છતું થતું હતું. ઉચ્છૃંખલ ને ઉદ્ધત પાશવતાનો પ્રમોદ ત્યાં અટ્ટહાસ્ય કરતો હતો. બધું જ ત્યાં વિકૃત અને વિરૂપ, ઘૃણાજનક અને ઘોર

હતું. દિવ્યથી વિપરીતની ત્યાં આરાધના થતી. લાસ્યે મચેલી લાલસાઓમાં નંગા નરકનાં દર્શન થતાં.

વિભાસ્વર વિચારની શેહ નીચે દબાઈ રહેલાં આસુરી, રાક્ષસી અને પૈશાચી શક્તિઓનાં દલ કોઈ વાર મોકો મળતાં જબરજસ્ત જ્વાળામુખી માફક ત્યાંથી ફાટી નીકળે છે, ને સારી સૃષ્ટિને શિયાવિયા કરી નાખે છે. એવે સમે મૃત્યુનું ને મહા-વિનાશનું ઘોર સંગીત ગાજી ઊઠે છે. શોર, દોર અને સ્વામિત્વ પાપને માટે સારી પૃથ્વી ઉપર દાવો કરે છે અને પ્રાણીમાત્રને માટે પ્રચંડ નિર્દયતાનું શાસન પ્રવર્તે છે. બધાંને કાળમુખાની જોહુકમીના ભોગ બનવું પડે છે. સ્વર્ગીયતાને માટે સર્જાયેલી બુદ્ધિ દારુણ દૈત્ય કાર્યોમાં પલોટાય છે. ડાહ્યાડમરા બની બેઠેલા દાનવોનાં દર્શન થાય છે અને અંતરાત્માની અચૂક દૃષ્ટિ ના હોય તો ભલભલા ભોળવાઈ જાય છે ને વિચાર વાપરવામાં ઉસ્તાદ ક્રૂર હિંસક બળોનાં હીન હથિયાર બની જાય છે.

એ દૈતેયોમાં જરાજેટલીય દયા ને પ્રેમ હોતાં નથી. મધુરતાનું એમનું પાસું છેક ઉધાર હોય છે. એમનાં પ્રેરક બળ હોય છે લોભ, લાલસા અને દ્વેષ. એમની સામે કોઈ ચેંચું કરવા જાય તો જીવલેણ ઘા એમને માથે ઊતરે છે. દુઃખમાં એમને કોઈ સહાય કરી શકતું નથી, એમને કોઈ બચાવી શકતું નથી. એ રાજ્યમાં જૂઠાણું ઢળેલાં હૈયાં ઉપર અમલ ચલાવે છે, આસુરી મતો અને માન્યતાઓ જીવતું મૃત્યુ પ્રયોજે છે. અસત્યની વેદિ ઉપર આત્માનું બલિદાન આપવામાં આવે છે. ત્યાંની ગૂંગળાવી મારતી હવામાં સત્ય જીવી શકતું નથી. એ જગતના જીવો હીનતાની જ હવા લે છે. ત્યાં કોઈ દિવ્ય પ્રકારના છુટકારા માટે ઝંખતું નથી. ઉચ્ચ આત્માવસ્થા-ઓનો ત્યાં ઉપહાસ થાય છે. ત્યાંની ઉદ્ધતાઈ સૂર્યનો તિરસ્કાર કરે છે, ગર્તોમાં ગરકી રહી પોતાની હીનતામાં ગૌરવ લે છે, પોતાની કાળી અને કઠોર સ્વચ્છંદતાને બાઝી રહે છે. ત્યાંનું બેશરમ ને બેઅદબ બુમરાણ કાનના પડદા ઉપર પ્રહારો કરે છે. સત્યને સાંભળવાનું સાહસ કરનારનું દારુણ દમન થાય છે. એકવારનો દેવ મનાતો પતિત જીવ ત્યાં અતલગર્તનું અભિમાન રાખતો બની ગયેલો હોય છે.

સૂર્યપ્રકાશ જ્યાં પહોંચતો નથી એવા ઉધેઈના રાફડા જેવા આ પ્રદેશમાં શોધમાં નીકળેલો રાજા અશ્વપતિ એકલો આગળ ચાલ્યો. એક અંધકારમાંથી બીજા વધારે ગાઢ અંધકારમાં માનસિક જ્યોતિને ઝૂંટવી લેતી શક્તિઓ સાથે એ મલ્લ-યુદ્ધ કરતો હતો, અને એમના વળગી પડતા પ્રભાવને ખંખેરી નાખતો હતો. પછી તો એ એક દીવાલો વિનાની અંધારી જગાએ આવી પહોંચ્યો. એની આસપાસ ભયાનક અવકાશ હતો. ત્યાંની તમોમયતાના માર્ગો ઉપર એક ટપકા જેવો એ ચાલતો હતો. એની સામે મૃત્યુ હોય એવું એને લાગતું હતું. ત્યાંનું શૂન્ય સચેત હતું ને અદૃશ્ય રહેલાં વિરોધી બળો જ્યોતિનો ને સત્યનો પ્રતિરોધ કર્યે જતાં હતાં.

સત્યની સત્તાનો ઇનકાર કરનારા ઘોર અવાજો કાને પડ્યા. ભૂતાવળ જેવા વિચારોએ આક્રમણ કર્યું. મોં ફાડીને આગળ આવતી કારમી છાયાઓ એનો શિકાર

કરવા માગતી હતી. રાજાએ પોતાના આત્માને નિરાશાથી બચાવી લેવાનો પ્રયત્ન કર્યો. વધતી જતી રાત્રિની અઘોરતામાં આત્મા ઉપર દાવો કરતો અતલગર્ત એણે પ્રત્યક્ષ કર્યો. નીરવ એકાંતે એને પોતાની અંદર લઈ લીધો. જંગી અજગર જેવી કાળી રાત્રિમાં હવે એ એકલો પડી ગયો. તન અને મન વિનાનો એક ઘોર શૂન્યાકાર રાજાની આત્મસત્તાને નાબૂદ કરી નાખવાને લાલાયિત થઈ રહ્યો હતો. એ એકલો જ નગ્ન સ્વરૂપે ત્યાં નિરંતર રહે એવું એ જાણે ઇચ્છતો હતો. કોઈ એક જંગલી જનાવરના જડબામાં ઝલાયેલું પ્રાણી ગળાતું ગળાતું એના પેટમાં ઊતરી જાય, તેમ રાજાનું સત્ત્વ એની પોતાની દૃષ્ટિ આગળથી અદૃશ્ય થઈ ગયું. એક નિરાકાર રિક્તતાએ એના મથામણ કરતા મસ્તિષ્કને દાબી દીધું. ઠંડાગાર ઘોર અંધકારે એની માંસમાટી ઉપર અત્યાચાર આદર્યો. વિષાદ વમતી કાનફૂંકણીએ એના હૃદયને સ્તબ્ધ બનાવી દીધું. કો સર્પાકાર શક્તિના દૌરથી ખેંચાતા એના પ્રાણ જેમતેમ કરીને પોતાના સ્થાનને પકડી રહ્યા. એક કાળીમેંસ જીભે એનાં અંગોને ચાટવા માંડયાં. અસ્તિત્વ ટકી રહેવા તરફડતું હતું. આશા ગૂંગળાઈ ગઈ હતી. આસ્થા અને સ્મૃતિ સમેટાઈ ગયાં. આત્માને સહાય કરનાર સર્વ મરી પરવાર્યું. એક અવ્યક્ત ને અનામી ભય એની તંગ બનેલી નસોમાં ને નાડીઓમાં સર્પણ કરવા લાગ્યો. એક અશામ્ય અને અમાનુષી અસહ્ય દુઃખની દુરંતતાએ રાજાના મૂગા મનને ભયથી ભરી દીધું. પ્રાણરહિત રિક્તતા, શ્રદ્ધા ને આશાનો અભાવ, આત્મ-પરાજયને લીધે પ્રકટેલી અનાસ્થા રાજાને વ્યાકુલ કરવા લાગ્યાં. પરંતુ તેમ છતાંય એ આત્મનાશમાં, પ્રભુ વિનાની પરિસ્થિતિમાં, સ્વર્ગના સ્પર્શના અભાવમાં અશ્વપતિએ સર્વ સહન કર્યું, ત્રાસને શમાવ્યો ને મહાયાતનામાં ધૈર્યની ધારણા કરી.

પરિણામે શાન્તિ પાછી આવી, આત્માની દૈવી દૃષ્ટિ ફળદાયી નીવડી, કાળી શૂન્યતાને શાન્ત જ્યોતિએ જવાબ વાળ્યો. અવિકારી, અમર, અજન્મા ને નિઃશબ્દ મહાસમર્થ દેવ એનામાં જાગી ઊઠયો, અને એણે એ અઘોર જગતના જોખમને આહ્વાન આપ્યું. દૃષ્ટિમાત્રથી એણે પ્રકૃતિના ભરતી વેગોને વશમાં આણ્યા. દિગંબર સ્વરૂપ આત્માએ દિગંબર નરકનો ભેટો લીધો.

# જૂઠાણાનું જગત, પાપની માતા, અને અંધકારના આત્મજો

ત્યાર પછી અશ્વપતિ રાત્રિના ગૂઢ હૃદયને જોવાને સમર્થ થયો. ત્યાં હતી આત્મા વિનાની ખાલી અનંતતા. સત્યને નકારતી પ્રકૃતિ પ્રભુનું વિલોપન કરી એક પોતે જ રાજ્ય કરે એવી આશા રાખતી હતી. ન 'તો ત્યાં અતિથિ બનેલો પરમદેવ કે ન 'તી સાક્ષી જ્યોતિ. પાપે અને પીડને દાનવ જીવને જન્મ આપ્યો હતો. પાતાલગર્તની કાળુડી ભાવનાઓ મહાસુરો ને દૈત્યો રૂપે મૂર્ત્ત થઈ હતી, ને એ મૂર્ત્તિમંત મહાત્રાસ લાલસાઓ સાથે લપકી પડતો હતો. યંત્રણાઓનું યંત્ર ધમધોકાર ચાલતું હતું. હુંકાર કરતો અહંકાર દોર ચલાવતો હતો. આત્મા ઉપર નરકાલયની કુકલ્પનાઓ લદાઈ હતી. એકવારનું જે સ્વયંપ્રકાશ હતું તે તત્ત્વ ત્યાં કાળા વિપરીતમાં પલટાઈ ગયું હતું. મહાનંદ મૂર્ચ્છામાં પડયો હતો. પ્રભુના પરમ-સુખને ક્રોસ પર ચઢાવાયું હતું. વિચારશકિત વિકૃતિની પૂજારણ બની ગઈ હતી. જીવનનું પ્રભુમય સ્વરૂપ જાદૂગરીને જોરે વિરૂપ ને વિપરીત બની ગયું હતું. દુઃખ હતું રોજનો ખોરાક, રિબામણી હતી સુખનું સૂત્ર. પ્રભુના બાગનો બેવફા માળી બનેલું શુભ વિષવૃક્ષને પોષવા પાણી પાતું હતું. ત્યાંના સ્વાભાવિક અનિષ્ટની ઉપર પુણ્યનાં બનાવટી પુષ્પો આરોપાતાં હતાં. દેવોને ત્યાં દાનવ રૂપ અપાયું હતું. સ્વર્ગ નરકનું મોરું બની ગયું હતું. જગતના જાયા સર્વને ગળી જતા મૃત્યુ ઉપર અસવાર એક અત્યંત ઘોર સ્વરૂપધારી શકિત રાજાએ ત્યાં જોઈ. એના છાયામય હસ્તમાં હતું ત્રાસજનક ત્રિશૂળ ને એ ત્રિશૂળથી એ એક સમાન ઘાથી સૌને વીંધી નાખતી હતી.

ચૈત્યાત્મા વિનાના જડદ્રવ્ય સિવાય જ્યારે બીજું કંઈ નહોતું ત્યારે અચેત પાતાલગર્તને પ્રાણે પ્રથમ સ્પર્શ કર્યો. પ્રભુએ જ્યાં પોતાને પોતાની દૃષ્ટિથીય છુપાવી રાખ્યો હતો ત્યાં અગાધ રાત્રિ પર પ્રાણના પાંડુર કિરણે પ્રહાર કર્યો ને એ નિદ્રિત નિગૂઢ સત્યને શોધવા લાગ્યો. અચેત આકારોને પ્રેરતો શબ્દ એને સાંભળવો હતો. અદૃશ્ય ઋતનિયમ એને જોઈતો હતો. અવચેતનના અંધકારમાં મનને માટે એ ફંફોળતો હતો. પણ રાત્રિના હૃદયમાંથી જુદો જ જવાબ આવ્યો. પ્રકૃતિના આસુરી ગર્ભાશયમાંથી એક અનામી ને ઓછાયામયી શકિત ઉત્પન્ન થઈ, એક અસત્ રૂપધારી બન્યું, અને એણે શાશ્વતીને છાવરી દીધી.

પછી દેખતા ચૈત્યનું સ્થાન ઢૂંઢતા મને લીધું. જીવને ભૂખ્યા મૃત્યુનું સ્વરૂપ ધારણ કર્યું. આત્માનો આનંદ વિશ્વવ્યાપી વ્યથામાં પલટાઈ ગયો. એક જબરજસ્ત

વિરોધે વિશ્વાવકાશને કબજે કરી લીધો. જૂઠાણાએ, મૃત્યુએ અને દુ:ખે દુનિયા ઉપર દોર ચલાવવા માંડયો. આદિ સંકલ્પ રહ્યો નહિ. ધૈર્યધારી શકિતનું કાર્ય મથામણોનો ને પલટાઓનો ભોગ થઈ પડયું. અજ્ઞાનતા નિયમ બની ગઈ. માનવતા વિકૃત થઈ ગઈ, જીવન મંદ ને સ્ખલનો કરતું બની ગયું, માણસ પાશવતા પ્રત્યે પાછો ધકેલાયો. માનવ ઢાળામાં પરમાત્મા પોષાઈ રહ્યો છે અને એની વૃદ્ધિ થતાં પોતાની સેતાની સત્તા જતી રહેશે એ ખ્યાલથી ડરીને કાળમુખી આસુરી શકિત દિવ્યતાને દાબી દેવા માટે રોષભેર રમખાણ મચાવે છે. પ્રકાશના આગમનને એ આંતરે છે ને સનાતન શિશુને એના પારણામાં જ પૂરો કરી નાખવા માટે ચોરપગલે આત્માલયમાં ઘૂસી જાય છે. એનું કપટ કળાતું નથી, છળવેશ ઓળખાતો નથી; એનો સ્પર્શ વશીકરણ કરીને મારી નાખે છે. શુભનેય એ આંકડી બનાવી આપણને નરકે ખેંચી જાય છે. એને કારણે દુનિયા દારુણ દુ:ખ તરફ દોડતી વળે છે. યાત્રીને એ આડે માર્ગે ચઢાવી દે છે, માર્ગ વગરના રણમાં એની ઉપર તરાપ મારી સિંહપંજે એને પૂરો કરી નાખે છે. પ્રભુ ને પ્રકાશને માટે જે આત્મા આવેલો છે તે આ વિરોધી શકિતને હાથે હણાઈ જાય છે, અને આત્મા જતાં મરાવાને માટે બાકી રહે છે માત્ર મન અને તન.

આ વિનાશકારી ઘોર વિરોધી સત્તાઓ અજ્ઞાનની ઢાલથી રક્ષાયેલી રહી હોય છે. અંધકારગર્તોમાંથી એ જન્મે છે ને કાળી શકિતની આડત આદરે છે. મિત્ર અને માર્ગદર્શક હોવાનો એ દીપી ઊઠતો દાવો કરે છે. માણસના હૃદયમાં રહી પ્રભુના સંકલ્પનો એ સામનો કરે છે. એમના સંપ્રદાયો ચાલે છે ને સંપ્રદાયની ચાવીથી એ પ્રભુનાં બારણાં તાળાબંધ કરી દે છે. પ્રભુની અશ્રાન્ત કૃપાને એમનો કૂટ કાયદો અંદર આવવા દેતો નથી. પ્રકૃતિના માર્ગો પર એમણે થાણાં નાખ્યાં છે ને જ્યોતિની વણજારોને તેઓ વચમાંથી જ રોકી રાખે છે. જ્યાં જ્યાં દેવોનું દિવ્ય કાર્ય આરંભાય છે ત્યાં ત્યાં તેઓ આવીને આડા ફરી વળે છે ને એની ગતિને અટકાવે છે.

આ ધૃષ્ટ કાળુડાઓ જગતમાં જીતતા જણાય છે. પ્રકૃતિના પ્રદેશને તેઓ પાપની સંસ્થાઓથી ભરી દે છે. સત્યના વિજયોને તેઓ પરાજયોમાં પલટાવી દે છે. સત્યધર્મને નામે તેઓ અસત્યનો જ ઉદ્‌ઘોષ કરે છે. કાળના કારભારમાં કર્તા-હર્તા તેઓ કિરીટધારીઓ બની બેસે છે. કારમી માયાના કામમાં તેઓ ઉસ્તાદો છે. આત્મરહિત પોતાના પ્રદેશમાંથી બહાર નીકળીને પરમોચ્ચ સત્તાની સામે તેઓ મોરચા માંડે છે. તમિસ્રાના તમિસ્રમાં એમણે અડ્ડા નાખ્યા છે ને દિવ્યતાના પ્રકાશને તેઓ પ્રવેશવા દેતા નથી. સ્વર્ગધામનાં સંતાનોનેય હરાયો ને હીણો હક કરી તેઓ તમોગ્રસ્ત બનાવી દે છે. એ દારુણ દૈતેયો છદ્મવેશમાં છૂપા રહી પૃથ્વીલોક ઉપર ભજવવાના પાપના પ્રવેશોની યોજનાઓ ઘડી કાઢે છે. એમના આ નરકમાં થઈને પસાર થયા વિના સ્વર્ગે જવાતું નથી.

ભુવનોના યાત્રીએ આમની સામેય સાહસ કરવાનું હોય છે. રાજા અશ્વપતિ આ વિષાદઘેર્યા રાત્રિના અંધકારમાં પ્રવેશ્યો ને નિજાત્માનાં જ્યોતિર્મય પગલાં ભરતો, પાપને પડકાર આપતો આગળ વધ્યો. જોયું તો ત્યાં બધું જ વિપરીત હતું. ત્યાંના જન્માંધ જીવો પાપને પુણ્ય માનતા. યાતનાઓ ત્યાં સામાન્ય નિયમ બની ગઈ હતી, રિબામણી ત્યાં રોજની મિજબાની હતી. હાસ્ય અને પ્રમોદ મોટું પાપ મનાઈ ત્યાં મનાઈ પામ્યાં હતાં. આનંદને ત્યાં શિક્ષા થતી. ત્યાંના જીવો દુ:ખના દંડની મોજ માણતા અને બીજાઓને દુ:ખદંડ ભોગવવાની ફરજ પાડતા. એક ઉપર બીજી વધારે ઘોર યંત્રણા ત્યાં આવતી. ત્યાંનું જીવન એટલે લંબાતી સજા. પર-પીડા ત્યાં પરમાનંદ આપે છે, શાંતિ ત્યાં અશાંત બનાવી દે છે. ત્યાંના જીવોને ઝેરવેરનું ખૂનખાર ઝનૂન ચઢેલું જ રહે છે. નિર્દય, કાળમીંઢ, કારમી શકિતની ત્યાં આરાધના થાય છે. દ્વેષ ત્યાંનો મોટો ફિરસ્તો છે. દ્વેષ ત્યાં દુ:ખને ને દુ:ખ દ્વેષને મિજબાનીની જેમ માણે છે. દુ:ખોપભોગ ત્યાંના જીવનમાં રંગ આણે છે.

નિષ્ઠુર બળ અને લોખંડી સ્વભાવનો દોરશોર ત્યાં દારુણ કાર્યોની કહાણીઓ માટે જવાબદાર છે. ટટળાવવું, બાળવું ને કાસળ કાઢી નાખવું એ ત્યાં રમતવાત છે. એકાદ બૉમ્બ ફેંકી બધું જમીનદોસ્ત બનાવી દેવું, એક યા બીજી રીતે સામે થનારને ખતમ કરી દેવો, એમાં ત્યાં ગૌરવ લેવાય છે. પોતાની મોટાઈનાં બણગાં ફૂંકવામાં મહત્ત્વાકાંક્ષાના મહારથીઓ ત્યાં સ્પર્ધા કરે છે. ઈશ્વર હોય તો એક કાળમીંઢ ઈશ્વર ત્યાં આરાધાય છે.

ત્યાંની નિર્જીવ વસ્તુઓમાં પણ દુષ્ટતાનો સ્વભાવ જોવામાં આવે છે. એવી વસ્તુઓને ઉપયોગમાં લેનારનું સત્વર અમંગળ થાય છે. એ વસ્તુઓ હાથપગ વગરની હોવા છતાં હાનિકારક બની જાય છે. ઓચિંતાના હણી નાખવાની શકિત એમનામાં રહેલી છે. ત્યાંની એકેએક ચીજ અંદરખાને ભાનવાળી ને વિપરીત ભાવથી ભરેલી હોય છે. એમના દ્વારા દારુણોની દુષ્ટતા દોજખનું કામ કરે છે.

અશ્વપતિ આવા અંધકારના પ્રદેશમાં પ્રવેશ્યો હતો. રાત્રિનું અઘોર હૃદય, નરકનું મૂળ અને નરકનું કારણ જાણવા માટેનું આ એનું સાહસ હતું. અંધકારમાં એણે વિનાશની દિશાએ વાળતા ભૂતના ભણકારા સાંભળ્યા, દાનવોની મોહિની-ઓને પ્રત્યક્ષ કરી, લોહીતરસ્યું લાલ વરુ વાટ જોતું વિલોક્યું, માનવી હૈયાને ફાડી ખાનારા શિકારી કૂતરાઓનું ભષણ સાંભળ્યું. એની ઉપર નરકના હુમલા થયા, રુઝાતાં વાર લાગે એવા આસુરી પ્રહારો થયા; પણ અશ્વપતિ વિષના ઘૂંટડા ગળતો ગળતો, અગ્નિપરીક્ષાઓમાંથી પસાર થતો થતો, આશા ને આનંદ જ્યાં આવવા અસમર્થ છે એવા એ જગતમાં ચાલતો રહ્યો. મહામહેનતે એણે પોતાના આત્માના ઓજસ્વી સત્યને સાજુંસમું સાચવી રાખ્યું. જડતત્ત્વના કાળા અચિત્‌માં કીલિત થવા છતાંય એણે પોતાના ચૈત્યની ઝબૂકતી જ્યોતિને બે હાથ વચ્ચે જોર કરીને ઝાલી રાખી; એણે અસહિષ્ણુ ઊંડા ખાધરામાં ઊતરવાનું સાહસ કર્યું હતું ને ત્યાં

એ પોતાના આત્માના મહામૂલ ખજાનાને ખોઈ નાખવા માગતો નહોતો. વિચાર વિરમી ગયો હતો, ઇન્દ્રિયોનાં સંવેદન અટકી પડયાં હતાં, છતાંય અશ્વપતિનો ચૈત્યાત્મા તો જોતો ને જાણતો હતો. અચિત્ અંધકાર ગૂંગળાવી રહ્યો હતો, સ્થૂળ વિશ્વ અર્થરહિત લાગતું હતું, તેમ છતાંય એણે ત્યાં એ અસંવેદી જગતની સીલબંધ રહસ્યમયતા લહી, અજ્ઞાન રાત્રિમાં રહેલું એક મૂક પ્રજ્ઞાન અનુભવ્યું. પોઢી રહેલા નિર્વિકલ્પ પરમાત્માનાં એને ત્યાં દર્શન થયાં. એણે જ જગતનું નિર્માણ કર્યું છે, ને પોતે શું વિરચી રહ્યો છે તે વિચારથી જાણ્યા વગર. અજ્ઞાત ભાવિ ત્યાં પોતાની પળની રાહ જોઈ રહ્યું હતું. લુપ્ત થઈ ગયેલા તારાઓનો ઇતિહાસ ત્યાંની વહીમાં લખાયેલો હતો. વૈશ્વ સંકલ્પની સુષુપ્તિમાંથી અશ્વપતિને પ્રકૃતિના રૂપાંતરની ગુપ્ત ચાવી મળી.

એક પ્રકાશનો એને સથવારો હતો. એક અદૃશ્ય હસ્ત માથે મુકાયેલો હતો અને એના સ્પર્શથી ભૂલભ્રાંતિ ને પીડા આનંદની ઝણઝણાટીમાં ફેરવાઈ જતી હતી. રાજાએ જોયું કે રાત્રિ તો સનાતનનું છાયામય અવગુંઠન છે, મૃત્યુ જીવનગૃહનું ભોંયરું છે. વિનાશમાં એણે સર્જનની ઝડપી ગતિ જોઈ; નરક એને સ્વર્ગે લઈ જતો ટૂંકો માર્ગ જણાયું.

પછી તો અચિત્‌નું જાદૂઈ કારખાનું તૂટી પડયું, આદિ રાત્રિના ફરમાઓ છિન્નભિન્ન થઈ ગયા, અજ્ઞાનના ઢાળાનાં પાટિયાં બેસી ગયાં. આધ્યાત્મિક ઉચ્છ્વાસ લેતી પ્રકૃતિની યાંત્રિક પદ્ધતિ રદ થઈ, બદ્ધ જીવના કરારોની કલમો કપાઈ ગઈ. અસત્યે પોતાનું વિકૃત સ્વરૂપ સત્યમાં સમર્પી દીધું. દુઃખદુરિતના ધારાઓનો અંત આવ્યો. પૃથ્વી ઉપર પ્રકટેલાં રૂપો દિવ્યતાના દસ્તાવેજો બની ગયાં. અજરામરના હીરક અક્ષરો વસ્તુજાતમાં લખાયેલા દેખાયા. મુક્ત અનંતનું આનંદસ્તોત્ર સુણાયું. નામ-મંત્રનું ગાન ધ્વનવા લાગ્યું. વાટ જોઈ રહેલા પ્રેમનું ઊર્મિગીત આરંભાયું. પારના પાવકનો સંદેશો શ્રુતિગોચર થયો. દુઃસ્વપ્નની સમાન રાત્રિ ઓગળી ગઈ. પોહ ફાટયો ને પ્રભુનું પ્રભાત પ્રકટયું. કાળના વિદીર્ણ હૃદયના ઘા રુઝાઈ ગયા. ભેદો ભૂંસાયા ને શોકસંતાપને માટે સ્થાન રહ્યું નહીં. કેમ કે હવે પ્રભુ પોતે ત્યાં ઉપસ્થિત હતા. ચૈત્ય આત્માએ સચૈતન્ય શરીરને પોતાની પ્રભાથી દેદીપ્યમાન બનાવ્યું. જડદ્રવ્ય અને બ્રહ્મસત્તા હળીમળીને એકાકાર બની ગયાં.

# પ્રાણના દેવતાઓનું સ્વર્ગ

અશ્વપતિની આસપાસ સુખશર્મનો મનોહર દિવસ પ્રકાશ્યો. કો એક આનંદમય અનંતનો એનામાં ઉલ્લાસ હતો. એના સોનેરી સુહાસમાં મુક્ત હૃદયાનંદ રમતો હતો. પ્રભુના મદ્યથી ઉન્મત્ત એ જ્યોતિમાં ઝબોળાઈ સદાને માટે સ્વર્ગીય બની ગયો હતો. પોતાની શક્તિનો એ સ્વામી હતો, નિજાનંદનો નાથ હતો. શોક, ભય અને દૈવ આઘાત કરી એને આકુળ કરી શકતાં નહિ. મૃત્યુને આમંત્રતી આપણા દેહની ભંગુરતાનો એ ભોગ બન્યો નહોતો. પ્રભુના હાસ્યના મધુર મેળમાં રહેતો એ વિશ્વવ્યાપી પ્રેમને હૃદયે પોઢયો હતો. આનંદનો આત્મા સૂર્યપ્રભા ને ચંદ્રપ્રભાનાં વૃન્દોને લઈ, અલૌકિક પુષ્પોની સુવાસ સેવતો, ઊર્મિગીત આલાપતા અશોક સ્રોતોને કિનારે કિનારે વિહરતો હતો. મહીધરોનાં મસ્તકો પર મહસો હાસ્ય કરતાં હતાં. કાળની ઘડીઓ સાથે પ્રહર્ષણનો પ્રાણોચ્છ્વાસ પ્રવહમાન બની ગયો હતો. અશ્વપતિ ત્યાં અમર આનંદનાં દૃશ્યોમાં થઈ સુખસૌન્દર્યની અગાધતાઓનાં દર્શન કરતો જતો હતો. આસપાસ પ્રસર્યો હતો સચેતન સૂર્યોનો પ્રકાશ. ઝગમગતી શાન્તિના વિસ્તારો વિલોકાતા હતા. ધન્યાત્માઓના પર્વતો પ્રત્યક્ષ થતા હતા, ગિરિકંદરાઓની કાંતિ આકર્ષતી હતી. નીચેની બાજુએ સ્વપ્ન સેવતાં ગંધર્વનગરો રત્નખચ્યા વિચારો જેમ વિરાજતાં હતાં. સુમધુર સંગીતો સંભળાતાં હતાં ને વાગી રહેલી વીણાઓ પાસે થઈને પસાર થઈ જતી હતી. સ્વર્ગીય સૂરે પ્રેમનાં ગીત ગવાતાં હતાં. સાંધ્ય સુરખીએ શોભતી સુરધામોની ગિરિમાલાઓ ને નીલ ગગનનાં સ્તોત્રગાન કરતાં નાચતાં કૂદતાં ઝરણાંઓ ઝંકારથી આનંદિત કરી દેતાં હતાં. પ્રાણના દેવતાઓના આ સ્વર્ગોએ અશ્વપતિનો ઉદાર સત્કાર કર્યો.

કાળને હૃદયે પ્રસ્ફુટ થયેલું સર્વ ત્યાં પૂર્ણાવસ્થાને પ્રાપ્ત થયેલું હતું. શાંતિ ત્યાં વિલાસી પવિત્રતાના રોમહર્ષનું રૂપ લેતી. પ્રેમનાં ગુલાબી સ્વપ્નાં ત્યાં સિદ્ધ થયેલાં હતાં. શક્તિને એનાં ચિંતનોનાં શિખરો સાંપડયાં હતાં. કામનાએ સવેગ આરોહતી જ્વાળાનું રૂપ લીધું હતું. પ્રમોદે દેવોનું પરિમાણ પ્રાપ્ત કર્યું હતું. સ્વપ્ન તારકમંડલને માર્ગે વિહરતું હતું. સામાન્ય વસ્તુઓ પણ ચમત્કારી બની ગઈ હતી. બધું જ ત્યાં કોઈ એક જાદૂઈ કરામતે સુખમયતામાં પલટો પામી જતું. આત્માના લાંબા સંગ્રામ પછી વીર રાજાના ઘા ત્યાં રુઝાયા ને એને અમરોનો આરામ મળ્યો. દૃષ્ટિને દિવ્ય બનાવી દેતાં દૃશ્યો દેખાયાં, મનને અમર અને હૃદયને વિશ્વવિરાટ બનાવી દેતું

સંગીત સુણાયું, વિશ્વની નવરચના કરવાનું સામર્થ્ય ધરાવતા વિચારો મૌનનિલય-માંથી આવ્યા. અશ્વપતિના આત્માનું આભામંડળ આનંદનું બની ગયું. આકાશીય સાગરની શુકિત જેમ એનું શરીર શોભવા લાગ્યું. પ્રકાશના પારાવારો એના દેહનાં દ્વારો ઉપર ઊમટયા. એની માનવ માટીમાં દેવોની યોગ્યતા આવી. દાણચોરી કરીને માનવતામાં દિવ્યતા લાવવી ન પડે એવું સામર્થ્ય એનામાં આવ્યું. એનો આનંદનો અનુભવ અશ્રાંત બની ગયો. આત્મા ને શરીર એકાકાર બની જઈ જ્યાં પરમ મુદા માણે છે તે સમાધિલય સહજ બની ગયો.

અશ્વપતિની દૃષ્ટિ હવે આપોઆપ અધ્યાત્મ શકિત ખેંચી લેતી બની ગઈ; એના શબ્દમાં આત્માનું સામર્થ્ય આવ્યું; એની ઈન્દ્રિયો અગોચરે પહોંચવાનો માર્ગ બની ગઈ; એનો પાર્થિવ સ્વભાવ નવો જન્મ પામી સ્વર્ગનો સહચારી બની ગયો. કાલાતીત દિવ્ય રાજાધિરાજોનો એ સખા ને પ્રાણવંત પ્રભાકરોનો સમોવડિયો બની ગયો. અજન્માની સાથે એણે રમતોમાં ભાગ લેવા માંડયો; અદૃષ્ટ રહેતા લીલા-ધરના એણે કર્ણે જપ સુણ્યા; મોહિનીથી હૃદયને મુગ્ધ કરતો સૂર એણે સાંભળ્યો ને એ પ્રેમના પ્રભુના હૈયા પ્રત્યે આકર્ષાયો. સ્વર્ગની સરિતોની જેમ મુદાનું મધુ એની નસેનસમાં વહેવા લાગ્યું. એનું શરીર પરમાત્માના અમૃતનું પરમ પાત્ર બની ગયું. અવિજ્ઞાત આનંદોની ધારે એ પહોંચી ગયો. એક અલૌકિક સ્પર્શે એના હૃદયને ચકિત બનાવી દીધું. અદ્ભુતસ્વરૂપના આશ્લેષમાં એ લેવાઈ ગયો. પ્રેમનું રૂપ લઈ અનંતતા એની પાસે આવી અને કાળના શરીર પર એનો હસ્ત સ્થપાયો.

અનંતતાઓમાંથી ઊતરી આવતો જરાજેટલોય ઉપહાર જીવનને પારાવાર આનંદ આપી જાય છે, પરાત્પરનું પ્રતિબિંબ ઝિલાય છે. એક ભીમકાય બ્રહ્માનંદનું બિન્દુ અજ્ઞેયમાંથી ઊતર્યું અને અશ્વપતિનાં અંગો એમાં નિમગ્ન બની ગયાં. રાજાનો આત્મા મહાસુખનો મહસો-ભર્યો મહાસાગર બની ગયો. માધુર્યપૂર્ણ અર્ચિષ્માન વિરાટોમાં રાજા ગરક થઈ ગયો. મર્ત્ય માટીને શીર્ણવિશીર્ણ કરી નાખે એવો નિર્વિશેષ આનંદ, દેવો જ જેને ધારવાને સમર્થ છે એવો પ્રહર્ષ એણે ધારણ કર્યો. અમર પ્રમોદે એને પોતાના તરંગોથી નવડાવી પાવન બનાવી દીધો અને એના બળને અમર શકિતમાં રૂપાંતર પમાડી દીધું. અમૃતત્વે કાળનો કબજો લીધો અને જીવનનો ભાર વહેવા માંડયો.

# ક્ષુદ્ર મનનાં રાજ્યો અને દેવતાઓ

પ્રાણની ભૂમિકાનાં સુખમય સ્વર્ગોનેય પાર કરીને ઊંચે જવાનું હોય છે. જ્યાં સુધી પરમોચ્ચની પ્રાપ્તિ ન થાય અને એની અંદર જીવ અને જગત સત્યરૂપ અને એકરૂપ ન બની જાય ત્યાં સુધી આપણી યાત્રાનો અંત આવતો નથી. માર્ગમધ્યે આવેલાં આ સુખધામોની પાર ઉચ્ચોચ્ચમાં આવેલાં લક્ષ્યો બોલાવતાં રહે છે અને એથી આગળના સાહસ માટેનાં એમનાં નિમંત્રણો આવ્યા કરે છે. નીચેની સલામત સીમાઓની સોડમાં ભરાઈ રહેલા જીવ માટે જે પરમાત્મીય પૂર્ણ અનંતતા છે તેની પ્રત્યે આગળ વધતી યાત્રાને એ સ્વર્ગો અધવચ અટકાવી રાખે છે, આરોહતા આત્માને સોનેરી સુખને ખીલે બાંધી દે છે.

પ્રાણના સ્વર્ગીય પ્રદેશોથી ઉપરની દિશે શુભ્ર શાંતિના વાતાવરણમાં મનનાં વિશાળ રાજ્યો આવેલાં છે. દિવસ અને રાત્રિ ત્યાં વિવાહિત થઈ એકરૂપ બની રહે છે. જ્ઞાન અને અજ્ઞાનનું એ મિલનસ્થાન છે. એમને નીચલે છેડે મનનો આરંભ થાય છે. જમીન ઉપરથી આકાશે અને આકાશમાંથી જમીનને એ મન જુએ છે, પરંતુ એને નથી હોતું નીચેનાનું જ્ઞાન કે નથી હોતું ઉપર પાર આવેલાનું. એને કેવળ પોતાની જાતનું તથા બાહ્ય વસ્તુઓનું જ સંવેદન થાય છે. પશુજીવનની અર્ધ-સચેતતામાંથી આ મન દ્વારા આપણે ઊંચે ચડયા છીએ. અજ્ઞાન જીવનનાં રૂપો અહીં રચાય છે; શાશ્વત વસ્તુ માટે નહીં પણ જે તાત્કાલિક છે તેને માટે અહીં પરિશ્રમ સેવાય છે. મંદ પ્રક્રિયાઓવાળું આ પાર્થિવ મન જ્યાં શરીર ઉપર રાજ્ય કરવાનું હોય છે ત્યાં શરીરની સેવામાં પોતે પ્રવૃત્ત રહે છે; ભૂલ કરતી ઇન્દ્રિયોનો એ આશ્રય લે છે; સંદેહ અને તર્કવિતર્કમાં પડેલું એ અર્ધજ્ઞાતમાંથી અજ્ઞાતમાં ઊતરી જાય છે. ક્ષણથી ક્ષણમાં એ જીવે છે ને છાયાને મૂળ સ્વરૂપ માની બેસે છે, રાજા હોવા છતાં પોતે અનુચરોને આધીન રહે છે, મંત્રીઓનાં કાર્યો ઉપર એ કેવળ મતું મારી આપે છે. નિજ ઓજારોનો બંદીવાન ગુલામ બનેલું આ બળવાન મન પોતાને પંકની પેદાશ માને છે અને પોતે જેને બનાવ્યું છે તેને જ પોતાનું કારણ મૂઢ ભાવે માને છે. પરંતુ આપણે નિત્યની જ્યોતિ ને સનાતન જ્ઞાનને માટે સર્જાયેલા છીએ. અધ્યાત્મ અગ્નિના ઓજથી આપણા સ્વભાવને શોધવાનો છે, કીટના સર્પણથી આરંભ કરી આપણે ભવ્ય ઉડ્ડયનોનો મહિમા માણવાનો છે. આપણી અવસ્થા ભવિષ્યના દેવ-બાલકનું પારણું છે. આપણી માનવીય દુર્બલતા અમર શક્તિને ઝુલાવશે.

એ ઝાંખા પ્રદેશોના આગિયા જેવા પ્રકાશથી પરિવ્યાપ્ત મસ્તક ઉપર, ત્યાંના આછા અંધારા સાથે પ્રભાતની ઝલક ગેલ કરતી હતી ને દિવસને વધવામાં ને રાત્રિને લય પામવામાં સહાય કરતી હતી. એ આરંભની જ્યોતિના પ્રદેશમાં અશ્વપતિ આવ્યો. વિચાર અને સંદેહ ઉપર સમાન અવલંબતી દક્ષ બુદ્ધિ ત્યાં અવિરામ કામ કરતી હતી. જડદ્રવ્યના કીચડમાંથી એ જિંદગીની અજાયબીઓ ઉપજાવતી હતી. સૂક્ષ્મ વસ્તુઓને સ્થૂળ જગતને રૂપે પલટાવી દેવા માટે પ્રકાશના ને વિદ્યુતના અણુપુંજો સેવાકાર્ય કરતા હતા. પરિણામે જે અદૃશ્ય હતું તે દૃશ્ય ને અસ્પૃશ્ય હતું તે સ્પર્શગમ્ય બનતું હતું. માધ્યમ બનેલો પ્રકાશ શરીરમાંની શક્તિને, વૃક્ષ આદિની નિદ્રાને ને સ્વપ્નને, પશુની સ્ફુરતી સંવેદનાને ને મનુષ્યમાં જાગતા વિચારને ઉપરની ઝળહળ ભૂમિકા સાથે સંયોજી દે છે, અજ્ઞાનને સજ્ઞાન બનાવવાનાં સાધનો શોધી કાઢે છે ને આંધળા ઓજને એનાં કાર્યોનું ક્લન કરતાં શીખવાડે છે. પરંતુ હજી બધુંય ચેષ્ટા કરતું અજ્ઞાન હતું, જ્ઞાન વિશ્વને પકડમાં લઈ શકતું નહોતું. આવિષ્કારક બુદ્ધિએ સત્યના ટુકડા કર્યા ને ટુકડા દ્વારા એને ઉપયોગમાં લેવાનું સુગમ બનાવ્યું. યાંત્રિકતાએ દેવતાનું કામ કરવા માંડયું.

ત્યાર પછી છૂપાં શિખરો ઉપરથી એક મોજું ધસમસ ઊતરી આવ્યું, ને એને પરિણામે બંડખોર પ્રકાશની અંધાધૂંધી ઊભી થઈ. એણે ઊંચે જોયું તો આંજી દેતાં શિખરો દેખાયાં, અંદર જોયું ને ત્યાં સૂતેલા દેવને જગાડયો. કલ્પનાએ ગુપ્ત અદ્ભુતોના પ્રદેશમાં સાહસ કર્યું; પ્રેરણાનો સહયોગ સાધી એણે વિચારનાં વ્યોમોને નિહારિકાઓથી ભરી દીધાં. તમિસ્રા પ્રજ્ઞાના નિગૂઢ સૂર્યની ધાત્રી બની, પુરાણ-કથાએ જ્ઞાનને જ્યોતિર્મય ધાવણે ધવડાવ્યું. એકથી બીજે સ્તને બાળક ધાવતું બની ગયું. બુદ્ધિના સૂકા પરાળને ને હકીકતોના ઘાસચારાને બદલે રસસભર કલ્પનાની વાતોએ પોષણ આપ્યું. આમ આરંભની જ્યોતિના જગતમાં સ્વર્ગીય વિચારોનો સ્રોત પ્રવેશ્યો. જાતને ને જગતને જાણવા માટેનું ને સૌન્દર્યને સંવેદવા માટેનું કાર્ય એનાં પ્રભાતોએ શરૂ કર્યું. સુવર્ણ શિશુએ વિચારવાનું ને વિલોકવાનું આરંભ્યું.

એ ઉજ્જવળ પ્રદેશોમાં મનનાં પ્રથમ પગલાં આગળ ભરાય છે. પોતે અજ્ઞાન હોઈ સર્વ કંઈ જાણી લેવા એ આતુર હોય છે. મહત્તર વસ્તુઓને શોધી કાઢવાની આશા રાખી એ આસપાસના આકારો તરફ બાચકા ભરે છે. વિશ્વ એનું બાલોદ્યાન બને છે, પ્રાણ અને મન એ જબરજસ્ત બાળકનાં રમકડાં છે. મહાસમર્થ શક્તિએ એક નાનું શું ધારદાર હથિયાર પસંદ કર્યું છે. અજ્ઞાનને પઢાવવાનું મુશ્કેલ કામ એને સોંપાયું છે. વળી એને જે શિખવાડવાનું છે તે પ્રથમ તો એણે પોતે શીખી લેવાનું હોય છે. પણ જ્ઞાન કંઈ બહારથી આવતું નથી. એ તો અંદર ગુહામાં સૂતેલું છે, ને જીવનના ઝગમગાટો નીચેથી એને ધીરે ધીરે જગાડી બહાર આણવાનું છે.

આવા આ મને ગાઢ ધુમ્મસોમાં થઈ પોતાની અંદર દૃષ્ટિ કરી ને જોયું તો ત્યાં

પ્રભુ નહોતો. વિશ્વના અજ્ઞાનમાં જ્ઞાન આવે તે માટે દેવને છૂપો રખાયેલો છે; ક્ષણજીવી સત્યોને જીવવાનો અવકાશ મળે તે માટે પરમસત્યને નકારાયું છે. પૃથ્વી માત્ર મંદ પ્રગતિને જ નિભાવી શકે છે. પ્રાણનાં ને પિંડનાં કામચલાઉ ઓજારોનો એને ઉપયોગ કરવો પડે છે. જ્ઞાનની કરચોને રેણીરેણીને એને આખું બનાવવાનું હોય છે. આ મન સત્યને સેવામાં રાખે છે. નિસર્ગની એકતાને એ દેશનિકાલ કરે છે. પોતાના અજ્ઞાનના ગજથી એ સર્વને માપવા જાય છે. મનની એ મહત્તર શકિત મર્યાદાઓમાં રહી કાર્ય કરે છે ને એમાં પોતાનું પ્રભુત્વ પ્રકટાવે છે. કાળી કિનારી પર આવેલી એની દૃષ્ટિમાં દેવદૂતની દૃષ્ટિ રહેલી છે ને એ દૃષ્ટિ પોતાના ક્ષેત્રમાં સ્ખલિત થતી નથી. રાત્રિમાંથી પ્રકાશે લઈ જતો માર્ગ એ કાપી કાઢે છે અને અપ્રાપ્ત જ્ઞાનની ખોજ કરે છે.

મનની એક વામણી ત્રિદેહી ત્રિપુટી પાસે પ્રકૃતિ ગુલામીનું કામ કરાવે છે. એ ત્રણમાંની પ્રથમ નાનામાં નાની હોવા છતાં બાંધે મજબૂત છે. નહિ જેવું કપાળ ને ચોખંડું ભારે જડબું એનું ઓળખાણ આપે છે. આ મન વિચારનું ઠિંગુજી છે. હકીકત અને આકાર એના હથોડાનું ઘડતર છે. પ્રકૃતિના નક્કર પાયા ઉપર એના પાય ઠરેલા છે. એ છે પ્રશંસાપાત્ર શિલ્પકાર, પરંતુ વિચારની બાબતમાં એ અણઘડ છે. જીવનને એ ઘરેડોમાં ગોંધી રાખે છે, અરે! પોતે જ પોતાનાં બનાવેલાં બીબાંમાં બંદી બની જાય છે. જગતની ટેવોને એ કુદરતના કાયદા કહે છે. મનની ટેવોને એ સત્યનું નામ આપે છે. ફેરફારોને એ પાપ માને છે. નવી શોધમાં એનો વિશ્વાસ બેસતો નથી. પગલે પગલે સાવધાન રહી એ આગળ જાય છે. એણે લીધું છે અજ્ઞાનના ખજાનચીનું કામ. ઉચ્ચ અને વિશાળથી એ સંકોચાય છે. રૂઢિનાં ચક્કરોમાં એ ચાલ્યા કરે છે. ઇન્દ્રિયગમ્ય જગતને સાચવી રાખવા માટે એ ચોકીદાર કૂતરાની જગા લે છે. ને આમ હોવા છતાંય એની પાછળ એક મહાબળ રહેલું છે. વિશ્વની વિશાળ યોજના, આકાશના તારાઓની કક્ષાઓ, લાખો જીવજાતિઓ એક મૂક નિયમને અનુસરે છે. પ્રકૃતિશકિત કાર્ય કરે છે, એની મુદ્રા સ્થાયી છે, એનું વિરાટ નૃત્ય શિવના નિશ્ચલ વક્ષઃસ્થલ ઉપર અખંડ ચાલ્યા કરે છે.

ત્યાર પછી આવે છે ત્રણમાંની બીજી, જોશ અને જોમથી ભરેલી ખૂંધાળી બુદ્ધિશકિત, અવિનીત ને રાતા રાસભે અસવાર. એ છે અવિચારી. વિશ્વને વીંટળાયેલી ગૂઢ જ્વાલામાંથી એનો જન્મ થયો છે. એની અંદરથી અભિલાષાનું જ્વાલામય દર્શન જાગે છે. એ લે છે લાખો આકારો ને ધારે છે અસંખ્યાત નામ. જ્વાલાછલંગે એ ઊપડે છે આકાશમાં ને ત્યાંથી પડીને નરકમાં ગરક થઈ જાય છે. સત્યને નીચેના કીચડમાં ઘસડી લાવવા માટે એ ઉપર ચઢે છે. એની ઉજ્જવલ શકિત મેલા ઇરાદાઓ માટે વપરાય છે. આ શકિતથી સજ્જ મન બહુરંગ ધારતા કાચીડાના જેવું છે. વિષયસુખનાં જંતુઓને ઝાલવા એ જીભ લપકાવે છે. કાળા વાદળાની પૂંછડીવાળો એ જ્વાલામય સર્પ છે. ધૂમ-જિહ્વાથી એ જ્ઞાનનું અવલેહન

કરે છે. પણ જાણે અજાણે જે સર્વમય કંઈક છે તેની દિશામાં એ આગળ ધપે છે. શોધવા માટે એ ઉત્સાહી છે, પણ ધારણ કરી રાખવા અસમર્થ છે. ભૂલ કરવી એ એનો સ્વભાવ છે. વિવેકબુદ્ધિથી કે અંતરાત્માની દૃષ્ટિથી નહિ પણ એની પોતાની આશાભિલાષાઓથી એ દોરાય છે. કૂદીને સ્વર્ગે પહોંચવા માટે એ ઊંડી ખાઈ ઉપરની ઊભી ભેખડ પસંદ કરે છે. આત્માના ગહન માર્ગોનો એને પરિચય નથી. વિજય નહિ પણ પ્રયત્ન એને આકર્ષે છે. શાંત વિચારની પકડમાં જે આવતું નથી તે એના આવેશના આલિંગનમાં આવી જાય છે. ખાલીખમમાં ખોજ કરી ત્યાંથી એ ખજાનો કાઢે છે. વિદ્યુતનું ત્રિશૂલ નાખી અજ્ઞાતને એ એમાં પરોવી દે છે. અજ્ઞાન એનું ક્ષેત્ર છે અને અજ્ઞાત એના વિજયનો મહાલાભ.

ત્રણેમાં મોટામાં મોટી છે ત્રીજી શકિત ને તે છે તર્કબુદ્ધિ. ચિંતનશીલ મુખે ને ઝીણી નજરે જોતી આંખે દૃઢ આસન વાળીને એ બેઠી છે. જોવા માટે લેન્સ, માપવા માટે ગજ, ને ઊંડી તપાસણી માટે ઘાલવાની સળી એનાં શસ્ત્ર છે. ગોચર જગતને એ જુએ છે ને એમાં જીવનારાં ને મરનારાંનું નિરીક્ષણ કરે છે. દિશા અને કાળ, પૃથ્વી અને આકાશના તારા હાથમાં લઈ એ બધી વિચિત્ર વસ્તુઓનું વિલોકન કરતી રહે છે. ગૂઢ જગતને એ નિયમબદ્ધ બનાવવા માગે છે. એ કશું જાણતી તો નથી તો પણ બધું જાણી લેવાની આશા રાખે છે. અંધારામાં રહેલા અનહદ ઉપર એ પોતાનું કિરણ નાખે છે ને ઇન્દ્રિયની, વિચારની ને શબ્દની મદદ લઈ કુદરતની કાર્યપદ્ધતિ, એની દ્રવ્યસામગ્રી અને કારણ શોધી કાઢવાની ચેષ્ટા કરે છે. સમસ્યા અને અજ્ઞાત પ્રત્યે એ અધીર બની જાય છે. બેનિયમ ને નિરાળું એ નિભાવી શકતી નથી. બધાયને નિયમબદ્ધ બનાવી દેવાનો એ જબરો આગ્રહ રાખે છે. જગતને અજ્ઞાનમાંથી ઉગારી લેવા માટે તો એ આવી છે. વિશાળ સત્યને સાંકડી જગામાં સંકોચાઈ જવાની એ ફરજ પાડે છે. એનાં નિશ્ચિત ને નિરપેક્ષ વિજ્ઞાનશાસ્ત્રો રેલના પાટાઓનું કામ કરે છે, ને તેમની ઉપર જગતના જાદૂગરની ગાડીઓ દોડે છે. ઇન્દ્રિયોના સકંજામાંથી છૂટયા છતાં એ મનની મર્યાદાઓ વટાવી શકી નથી. એના વિચારોની વણજાર લક્ષ્ય વિના ચાલ્યા કરે છે. પગ માંડી ઊભા રહેવા માટે એને એકે સ્થિર શિખર મળ્યું નથી. એક દૃષ્ટિમાં એ અનંતને સમાવી શકતી નથી. સંદેહ એને સતાવતો રહે છે. એનાં કિરણો કેવળ દીપકનું કામ કરે છે. રાત્રિનો અંધકાર એના દીવાઓથી ટળતો નથી, એનું જ્ઞાન કોટિક મસ્તકવાળું છે, પણ પ્રત્યેક મસ્તકે પાઘડી બનેલી હોય છે શંકા.

તર્કબુદ્ધિનો પરિશ્રમ કોઈ નિર્ણય પર આવતો નથી. વાગ્-યુદ્ધ એને વહાલું છે. એનો ધંધો છે વકીલાતનો. એ જેને સાચું ઠરાવવું હોય તેને સાચું ઠરાવવા દલીલબાજી ખેલે છે. એના પાકામાં પાકા નિર્ણયોય ખાતરીબંધ નથી હોતા. હકીકતોને ગાડે જોડાયેલા બળદિયાની માફક જડદ્રવ્યની ધૂળમાં થઈ એ ઉપયોગિતાના બજારમાં ગાંસડીઓ પહોંચાડે છે. સત્યના કુશકા રાખી લઈ સત્યને એ ઉશેટી

દે છે. જડદ્રવ્યને જ એ એકમાત્ર સત્ય તરીકે સ્વીકારે છે. આત્માની ને પરમાત્માની એને આવશ્યકતા હોતી નથી. જમાનાઓનું જ્ઞાન એને મન અમસ્તકું બની જાય છે. એ માત્ર યાંત્રિક કુદરતની કૂંચીઓની શોધમાં રહે છે, કેમ કે જડદ્રવ્ય જ એનું સર્વ કંઈ બની ગયેલું હોય છે. આવા આ વૈજ્ઞાનિક વિચારે જડ દ્રવ્યની અજ્ઞાન-સમાધિમાં સૂતેલા અચેત જીનોને સાધ્યા છે ને સેવામાં જોતરી દીધા છે.

પણ રૂપોનું નિર્માણ કરનારી જે એક અરૂપ શકિત છે તેનો એને ભેટો થઈ ગયો ને એની જૂની ઈમારતો તૂટી પડી. વણશોધાયેલા સત્યમાંથી એક વીજ ઝબૂકી અને એણે સદ્-વસ્તુ ને વિજ્ઞાત વચ્ચે મોટો અખાત ઊભો કરી દીધો. તર્કબુદ્ધિને હવે સમજાયું કે પોતાનું બધું જ્ઞાન અજ્ઞાન હતું. ફરી પાછું જગત જાદૂની જાળ બની ગયું. અવર્ણ્યમાં અતકર્ય ચમત્કારનું મૂળ વિલીન થઈ ગયું. ઊભું કરવામાં આવેલું જગત હવે રહ્યું નહીં. રહ્યું માત્ર પદાર્થમાત્રાઓનું નૃત્ય અને ઓજ:શકિતની અફાટ ફેરફૂદડીમાં યદૃચ્છાનો ફેલાવો. કાલીના નૃત્યના જગતમાં બધું જ ચકરાઈને જતું હતું.

હવે એને અણુઓનું વિરલ વિરાટ વિશ્વ દેખાયું ને એમાં ઊભા રહેવા માટે એને નક્કર જમીન મળી. પ્રસ્ફોટ પામેલા પરમાણુમાં એક અપાર શકિતમાન બળ હતું. પ્રલય અને સર્જન, ઉભય સાધવાનું એનામાં સામર્થ્ય હતું. એની સહાયથી મનુષ્યને પૃથ્વી પર મોટું પ્રભુત્વ પ્રાપ્ત થઈ શકે એવી સંભાવના હતી. એ મૂળ શકિત ઉપર સ્વામિત્વ સ્થાપી કાળના માર્ગો પર એ પોતાનો મહારથ રમતો મૂકવાને સમર્થ હતો. આ સિદ્ધ થતાં વિચારશકિતથી સજ્જ માનવજાતિ સારા સંસારને પોતાની સેવામાં સંયોજી શકત. આદર્શ રાજ્ય, આદર્શ નિયમ, એક આદર્શ ધોરણ અસ્તિત્વમાં આવત અને અન્ય સર્વ વસ્તુઓ સાથે સમાજવ્યવસ્થા પણ એકધારી બની જાત. આ અવસ્થા સૃષ્ટિ વિકાસક્રમનું સર્વોચ્ચ શિખર બની જાત, જો આત્મા સૂઈ રહ્યો હોત તો, જો જીવને બળવો ન કર્યો હોત તો, જો અંતરતર અંતર્યામીને બીજી મહત્તર યોજના ન મળી હોત તો. પરંતુ વિશ્વાત્મા સહસ્રશીર્ષા છે. એનો એક અમોઘ સ્પર્શ નિર્માણના આખા મોખરાને પલટાવી ને ઉલટાવી શકે છે. જગતની ગતિમાં ઓચિંતાનો એક વળાંક આવી જાય છે, જવાનો માર્ગ દેખાય છે, એક મહત્તર માનસ મહત્તર સત્યનાં દર્શન કરે છે. તો વળી જ્યારે બધું જ નિષ્ફળ નીવડ્યું હોય છે ત્યારે આપણામાં જ રહેલી પૂર્ણ રૂપાંતરની ચાવી આપણને મળી આવે છે. માટીમાં દફનાયેલી પાર્થિવ ચેતના ઊર્ધ્વે આરોહીને સનાતન સૂર્યની સાથે સંલગ્ન થઈ જાય છે. આપણું મર્ત્ય જીવન પરમાત્માની પાંખો પર સવાર થઈ જાય છે ને આપણા અંતવંત વિચારો અનંત સાથે અનુસંધાનમાં આવી જાય છે.

ઊગતા સૂર્યનાં રાજ્યોમાં સર્વ કંઈ જ્યોતિની એક શકિતમાં જન્મરૂપ બની જાય છે. અહીં જે વિરૂપ છે તે ત્યાં પોતાના મંગળમય માહાત્મ્યમાં મહાલતું હોય છે. અહીં જે સંમિશ્ર અને સદોષ છે તે ત્યાં પવિત્ર ને પૂર્ણ છે. મધ્યસ્થ બુદ્ધિ

પોતાનાં કાર્યોને વિલોકતી બેઠી છે. એને અપાયેલા જ્ઞાનને આધીન રહી એ એનું કામ કર્યા કરે છે. પણ એનું ઊંડું હૃદય આદર્શ વસ્તુઓની ઝંખનાથી ભરેલું છે. એનાં અત્યારનાં કાર્યોની પારના મહત્તર સત્યની પ્રત્યે એ સજાગ છે. પોતે મર્યાદિત ક્ષેત્રમાં પ્રવૃત્ત રહેતી હોવા છતાં એ જાણે છે કે એનાં સમર્થમાં સમર્થ કાર્યો માત્ર એક સંચારમાર્ગ છે, એક અવસ્થા છે. તર્કબુદ્ધિએ સૃષ્ટિનું સર્જન કર્યું નથી અને તર્કબુદ્ધિથી સત્યનાં દર્શન થઈ શકતાં નથી.

ક્ષુદ્ર મન ક્ષુદ્ર વસ્તુઓમાં પુરાઈ રહેલું હોય છે. કાળા અજ્ઞાનના જગતમાં એ માત્ર અર્ધ-જાગ્રત છે. અજ્ઞાનની રાત્રિમાં એ ફાંફાં મારતું ને ફંફોસતું રહે છે. મહાસુખ માટે એનામાં આવેલી અભિલાષા બાળકની માફક રડે છે. અને આપણી તર્કબુદ્ધિ માત્ર રમકડાં બનાવી જાણે છે, ઠોકરાતી રમતના નિયમો ઘડી કાઢે છે, અજ્ઞાનમાંથી અજ્ઞાનમાં મુસાફરી કરનારના વચગાળાના અહેવાલો માત્ર આપે છે. કેમ કે જ્યાં સુધી કશુંય છુપાયેલું રહે છે ત્યાં સુધી કશુંય જાણવામાં આવ્યું નથી. અખિલ અવલોકાય ત્યારે જ સત્યનું જ્ઞાન થયું કહેવાય.

એકસ્વરૂપ એવા એક સર્વમયથી આ બુદ્ધિ આકર્ષાય છે. મતો ને પંથો ને સંપ્રદાયોની પાછળ છૂપા રહેલા પરમેશ્વરના મુખની એને ઝાંખી થાય છે. એ જાણે છે કે એને પોતાને માત્ર બહારના વાઘા જ મળ્યા છે. હૃદયમાં એનાં દર્શન કરવાની એ આશા કરે છે. કોઈ કોઈ વાર એને બે તગતગતી આંખો દેખાય છે ખરી, પણ અવગુંઠનને એ અળગું કરી શકતી નથી. એના નાનકડા હાથ માટે સત્ય બેશુમાર મોટું હોવાથી એ એના ટુકડા કરે છે. અનંતતાનાં અનંત વદનો માત્ર એ વિલોકે છે.

પણ એક દિવસ ઓઝલમાં રહેલું મુખ પ્રકાશી ઊઠશે. અજ્ઞાનના કોષમાં પરમ જ્ઞાન છે. આપણાં સ્ખલનો માર્ગના નવા જ્ઞાનનો સંપર્ક સાધે છે. સૂર્ય પ્રત્યે જતા ધૂસર માર્ગ પર વિચાર અજ્ઞાનને સાથમાં લઈ નાચે છે. કોઈ કોઈ વાર પ્રકાશક પાવકજ્વાળા ઝબૂકી ઊઠે છે. અત્યારેય ભવ્ય ભવ્ય વિચારો એકલવાયા વિચરી રહ્યા છે. એમનામાં અમોઘ શબ્દની શકિત છે. પ્રભુની દૃષ્ટિનો એમને પરવાનો મળેલો છે. સુદૂરના. સત્યની તેઓ ઘોષણા કરે છે. અનંતતાઓમાંથી એક અગ્નિ આવશે. વિભુનું વિશાળતર વિજ્ઞાન વિશ્વની ઉપર દૃષ્ટિપાત કરશે ને આત્માના તેમ જ વસ્તુજાતના ઊંડા હૃદયને અજવાળશે. મનને માટે એ કાળ પારનું જ્ઞાન પ્રકટાવશે, જીવનને એ એનું લક્ષ્ય આપશે, અને અજ્ઞાનને માટે એ એનું અવસાન આણશે.

મનની આ વામણી ત્રિપુટીથી ઉપરના સમશીતોષ્ણ વાતાવરણમાં પારપારની અસીમતાની અભીપ્સા રાખનારા બે દેવતાઓ છે. જે કંઈ અસ્તિત્વમાં આવેલું છે તેના એ દિવાકર-દૃષ્ટિથી સાક્ષી બનીને રહેલા છે.

મંદ જગતને ઉદ્ધારવાની શકિતએ સજ્જ પ્રાણમય વિચાર જબરજસ્ત પાંખોએ

ઊર્ધ્વે આરોહેલો છે. જમીન પર ચાલવાને એ ટેવાયેલો નથી, આસમાની અનંતતાનો જ એને અભ્યાસ છે. સૂર્યપ્રકાશિત આકાશમાં ને તારકતેજી હવામાં એ સરકે છે. અપ્રાપ્ત અમરાત્માનું ધામ એણે જોયું છે ને દેવોના સ્વરો એણે સાંભળ્યા છે. કાળના કિલ્લાઓને એ જમીનદોસ્ત કરે છે, સૈકાઓને અજવાળતા વિચારોના પ્રદીપ પ્રકટાવે છે, અતિમાનુષ શક્તિનાં કાર્યોને સંચાલિત કરે છે. એની પાંખો એને લઈ જાય ત્યાં સુધી જઈ એ ભવિષ્ય ઉપર છાપા મારે છે, ને જેનાં સ્વપ્નાં સેવાય છે તે નિર્માણનાં ક્ષેત્રોને ઢૂંઢે છે. મર્ત્ય અવકાશ જેમને માટે નાનો પડે છે તે પારની વિશાળતાઓના નકશા ને દર્શનયોજનાઓને એ તૈયાર કરે છે.

બીજો દેવતા છે શુદ્ધ વિચારમય મન. એ છે પારની વિશાળતામાં આવેલું, જ્યાં પગ માંડવાનું સ્થાન નથી ત્યાં. એનું અવલોકન વિશ્વકાર્યને વિષય બનાવે છે. પાર પહોંચતા શુભ્ર પ્રદેશનો એ ફિરસ્તો છે. એકાંત શિખરો ઉપરથી એ જગતને જુએ છે. દૂર સુદૂરની ખાલી હવામાં એ ત્યાં અવસ્થિત રહે છે.

# વિશાળતર મનનાં રાજ્યો અને દેવતાઓ

શ્રમ ભર્યા કામે લાગેલી એ ક્ષુદ્ર મનની શકિતની સીમાઓનો ત્યાં અંત આવ્યો. પરંતુ ચેતનસત્તા અને સૃષ્ટિ ત્યાં અટકી પડતાં નથી. મર્ત્ય માનસનાં વલયોની પાર જતો વિચાર પોતાનાં પાર્થિવ કરણોથી મહાન છે. અશ્વપતિનો આત્મા વિચારની દૃષ્ટિની પાર વિસ્તર્યો. આત્મા કંઈ સર્જાયેલી વસ્તુ નથી; એ છે સનાતન. વિચાર એના મહિમાનો સર્જનહાર નથી. એનું જ્ઞાન વિચાર દ્વારા આવેલું નથી હોતું. એ પોતે પોતાને જાણે છે, પોતે પોતામાં રહેલો છે. એની પાંખો અનંતને ઓળંગવાનું સાહસ કરી શકે છે. વિચાર જ્યાં વિચાર પારના દર્શનનું અવલંબન લે છે અને અચિંત્યમાંથી એક લોકને આકાર આપે છે ત્યાંના એક અલૌકિક પ્રદેશે રાજાનાં પગલાંને હવે આમંત્રણ આપ્યું. કલ્પનાતીત કૂટો ઉપર આદર્શ મનના વૈભવો દૃષ્ટિગોચર થયા. જે અલ્પ જેવા આપણે અહીં છીએ તેનું મૂળ ત્યાં આવેલું છે અને આપણે જે કંઈક હજુ થવાનું છે તે સર્વ ત્યાં અંદર ભરેલું છે. સ્વપ્નની સરહદો પાર ને પ્રાણનાં ઉચ્ચોચ્ચ ઉડ્ડયનો પાર એ વિસ્તરેલું છે. એનું ઓજ કાળમાં વિજયી પગલાં ભરે છે, એનું સામર્થ્ય મનુષ્ય અને પ્રભુ વચ્ચે રહેલી ખાઈ ઉપર પુલ બાંધે છે, એના પ્રકાશો અજ્ઞાનની ને મૃત્યુની સામે મોરચા માંડે છે. સુન્દરતા અને શકિત સખીઓ બની હાથ શું હાથ મિલાવી ત્યાં હરેફરે છે. એના આદર્શ આકાશમાં પરમાત્માનાં સત્યો પ્રાણવાન દેવસ્વરૂપ ધારણ કરે છે અને એવો પ્રત્યેક દેવ એક સૃષ્ટિ સર્જવાનો અધિકાર ભોગવે છે.

એ પ્રદેશમાં મનની શંકાઓને અને સ્ખલનોને સ્થાન મળતું નથી. ત્યાં તો સત્યનું સીધેસીધું અંતરંગ અનુસંધાન થાય છે. દૃષ્ટિ ત્યાં ડગમગતી નથી, વિચાર ત્યાં રઝળતો નથી, જગતનાં અશ્રુઓનો અત્યંત આકરો કરવેરો ત્યાં ભરવો પડતો નથી. ત્યાંની પ્રકાશમય સૃષ્ટિઓની મીટ શાશ્વતમાં નિવાસ કરતી ચિંતનમયી ભાવનાઓ ઉપર મંડાયેલી રહે છે. આદર્શ ભાવનાઓના સિંહાસન પર સુરક્ષિત મહાસુખમાં એ પ્રદેશના ઈશ્વરો વિરાજે છે. એમનાં આ રાજ્યો ઘણાં દૂર છે. ત્યાં આપણા શ્રમો, ઝંખાઓ અને પોકાર પહોંચી શકતા નથી. આપણા અસ્થિર વિચારોને માટે ત્યાં બંધી છે. મર્ત્ય જીવનની મલિનતા ત્યાં પગ માંડી શકતી નથી. પણ છતાંય આપણા ગુપ્ત આત્માઓનો એમની સાથે પાસેની સગાઈનો સંબંધ છે, ને એ કારણે અપ્રાપ્ત દિવ્યતાનો ઉચ્છ્વાસ આપણી અપૂર્ણ પૃથ્વીને મળવા

માટે ત્યાંથી અહીં આવે છે, ત્યાંના પ્રભાવો આપણા પરિશ્રમો ઉપર ઊતરે છે, અને એમને સ્પર્શે આપણા આત્માઓ પરિસ્થિતિની આડ તોડીફોડીને બહાર નીકળે છે. એમને પ્રતાપે ભવિષ્યનું ચમત્કારી મુખ સમીપમાં આવે છે અને એનો દેવ આપણને પ્રત્યક્ષ થાય છે. એમની સહાય આવતાં અશક્ય મનાતાં કાર્યો સાહજિક બની જાય છે અને મહાવીરોની અમરતા આપણો અનુભવ બની જાય છે, મૃત્યુ જેને સ્પર્શી શકતું નથી એવું સાહસ અને બળ મર્ત્ય દેહમાં ને હૃદયમાં જાગી ઊઠે છે.

આ બધું આવે છે ત્યારે તે કોઈ વિજાતીય ગોલકમાંથી નથી આવતું. એ જ્યાંથી આવે છે તે આપણી માતૃભૂમિ છે. જડતાના જગતમાં અધિવાસ કરવાને માટે આપણે ત્યાંથી જ સાહસ કરીને અહીંની રાત્રિમાં આવેલા છીએ. આપણે જાતે જ દેશવટો લીધો છે, આપણા સ્વર્ગીય સદનને પાછળ છોડયું છે. અને તે કારણે જ આપણા આત્માને આપણા એ અસલ વતનનાં સ્વપ્નાં આવતાં રહે છે, જે પ્રભુત્વ અને પરમસુખ અત્યારે આપણું રહ્યું નથી તેનાં સ્મરણો સ્ફુરે છે. પૃથ્વીલોકના ધુમ્મસમાં, કીચડમાં અને પાષાણમાં આપણા લુપ્ત થયેલા લોકના ભણકારા વાગે છે. આપણો રાજહક આપણે પાછો મેળવવાનો છે, મનીષાનો રાજપોષાક પહેરવાનો છે, આદર્શ વસ્તુઓના દ્રષ્ટા અને સત્તાધારી બનવાનું છે, સત્ય જ્ઞાન પ્રાપ્ત કરી અમૃતના ને આનંદના વારસદાર બનવાનું છે.

અહીં આપણને સ્વપ્નમય લાગતી વસ્તુઓ ખરેખર સાચી છે. એમનું સત્ય આપણાં ઊંડાણોમાં સુષુપ્ત છે. આપણે જ્યાં આરોહ્યા નથી તેવાં આપણાં આત્મ-શિખરો પર એમની સત્તા ચાલતી હોય છે. કોઈ કોઈ વાર ધ્યાનાવસ્થામાં એ આપણી પાસે આવી જાય છે. આપણો વામણો સંકલ્પ અને વ્યવહારલક્ષી ઇન્દ્રિયો એ દિવ્ય આગંતુકોને આવવા નથી દેતાં, પણ એમનો મહિમા અને સૌન્દર્ય અને શકિત આદર્શ શિખરો પર આપણી વાટ જોતાં હોય છે, અથવા તો આપણા ગુપ્તાત્મામાં અદૃશ્યપણે સચવાઈ રહેલાં હોય છે. છતાંય કદી કદી આપણા માનસના ગલિયારામાં એમનો પદધ્વનિ સંભળાય છે. આપણો આત્માય એ ઝળહળજોત ભૂમિકાઓમાં આરોહીને જઈ શકે છે.

મનીષી અશ્વપતિ અમરોના અંબરમાં પ્રવેશ્યો, અને એણે પોતાના આદિ ઉત્સનું પાન કર્યું. વિચારની સૃષ્ટિઓમાં એની બાધારહિત બનેલી દૃષ્ટિ વિહરવા લાગી. જ્ઞાન ત્યાં કર્મને દોરતું હતું; જડ દ્રવ્ય ત્યાં વિચારનું જ સઘન સ્વરૂપ હતું; સ્વપ્નપાંખે ઊડતું દિવ્ય વિહંગમ, એવો ત્યાં ભાવ હતો; સત્ય ત્યાં સત્યના સાદને જવાબ આપતું હતું; સંકલ્પ હતો દેવોનો ચેતનવંતો રથ; જીવન હતું ધ્યાનનિમગ્ન શકિતનો દીપ્તિપ્રવાહ ને નિગૂઢ સૂર્યના સૂર એ પ્રવાહમાં લહેરાતા હતા. સુખ ત્યાં કાનમાં વાતો કરી જતું અને સમસ્તને મધુર મધુર બનાવી દેતું હાસ્ય મુદાના હૃદય-માંથી ફૂટતું. અકાળતાનો આનંદ, જ્ઞાનનો મર્મર ધ્વનિ, અનંતતાનો ઉચ્છ્વાસ ત્યાંનો અનુભવ હતો. શૃંખલામુકત સર્વસમર્થ મનોમય પુરુષ ભાવનાના નીલ

કમલમાં ત્યાં ચિંતનમગ્ન રહેલો હતો. વણજન્મ્યાં ઊંચાણોએ લઈ જતી વિચારની સીડીઓ ત્યાં ગોઠવાયેલી દેખાતી હતી. કાળની કિનાર ત્યાં શાશ્વતીના આકાશને સ્પર્શતી 'તી અને આત્માની એકલતા સાથે પ્રકૃતિનું સંભાષણ ત્યાં ચાલતું હતું.

પ્રથમ દેખાયો વ્યવસ્થિત વિચારનો ત્રિગુણ પ્રદેશ. જબરજસ્ત ચડાવનો આરંભ ત્યાં થતો હતો. ઉપર હતાં મનનાં સૂક્ષ્મ આકાશો, શૂન્યની સામે ટેકવાયેલાં. એમાંનું સૌથી ઊંચું હતું શાશ્વતતાનું પડોશી; વિશાળતમમાં વિસ્તરેલું. આમાંના આરંભના પ્રદેશો અમર, ઓજસ્વી અને અલૌકિક હોવા છતાં આપણા માનવ મનની સાથે નિકટનો સગાઈ-સંબંધ રાખનારા હતા. આપણે માટે એ બેહદ ઊંચા નહોતા. ત્રેવડી સીડી ત્રેવડા ભુવનમાં લઈ જાય છે ને એના એક ઢાળે ઊભા રહી મર્ત્ય લોક ઉપર દૃષ્ટિ નાખી શકાય છે.

સીડીના એ સમર્થ સંરક્ષકો છે. સર્વસર્જક શબ્દ માટે તેઓ મધ્યસ્થનું કામ કરે છે ને યાત્રી આત્માની રાહ જોતા પાર જવા માટે જરૂરની હજાર ચાવીઓ લઈને ત્યાં ઉભેલા હોય છે. આરોહતા મનને તેઓ પોતાનું જ્ઞાન આપે છે અને વિચારના પ્રાચુર્યથી જીવનને સંપન્ન બનાવી દે છે. ગૂઢ ઋતધર્મના તેઓ પયગંબરો છે, સ્વર્ગીય સત્યના અધ્વર્યુઓ છે. માનવ મનની ને પ્રભુના મનની વચ્ચે રહી તેઓ દુભાષિયાનું કામ કરે છે. મર્ત્યોને માટે તેઓ અમર્ત્ય અગ્નિ આણે છે. પાસે જઈને જોતાં તેઓ દેવો છે, જીવંત સાન્નિધ્યો છે એવું સ્પષ્ટ થાય છે.

સૌથી નીચેનાં પગથિયાંએ હતી ચિત્રવલ્લરી, વિલક્ષણ અને ઝીણવટ ભરી શોભાએ સભર. સારા જગતનો ભાવાર્થ એનામાં સ્થાન પામ્યો હતો. આનંદનાં પ્રતીકો, પ્રકૃતિનાં બળોને જીવમાન બનાવતાં પશુસ્વરૂપો અને પોતાની અદ્‌ભુત ભૂમિકાના ભાનથી ભરેલો માનવી પ્રભુની અવિકૃત પ્રતિમામાં પલટાતો દેખાતો હતો. વસ્તુઓ હતી તે સૌન્દર્યના રાજ્યના સિક્કા જેવી. ત્યાંની આ ભૂમિકાઓ વિશાળા પ્રદેશોની સેવાઓ સાધી રહી હતી.

સામે હતા કાળના ભોકતાઓ, વિશ્વાનંદના વહાલા, ઊછરતી પ્રકૃતિના અને બાલપ્રભુના રમતગમતના સાથી. મનના દબાણથી તેમણે જડદ્રવ્ય અસ્તિત્વમાં આણ્યું હતું. એમના સૂક્ષ્મ વિચારો સ્થૂલ ઘટનાઓને એમની સ્વચ્છંદલીલામાં દોરવણી આપતા હતા. એ હતા પ્રજ્ઞાના પાટવી પુત્રો. સનાતન બાજીગરના તેઓ સર્વોત્તમ શિલ્પીઓ હતા. વૃદ્ધિ પામતા આત્માઓ માટે એમણે આ જગતને મોટા કિન્ડરગાર્ટનનું રૂપ આપ્યું છે. બ્રહ્મની ભાવનાઓને તેઓ રૂપના ઢાળામાં ઢાળે છે. શાશ્વતમાંથી છલંગીને બહાર નીકળી આવતી એકેએક શકિતને તેઓ વિશ્વનૃત્યમાંનું એક પૂતળું બનાવી દે છે. પ્રત્યેક ઘટના ઉપર તેઓ નિયમની મુદ્રા મારે છે, કાર્ય કરી રહેલાં બળોમાંનું કોઈ એકેય જગતનો ઈજારો ન રાખી લે એવું નિયંત્રણ રાખે છે. કાર્ય-કારણની સાંકળ ગૂંથી અકાળને તેઓ કાળની ઘડીઓમાં ગુલામ બનાવી કામ કરાવે છે. જે બંધનરહિત છે તેને જન્મનો જેલી બનાવે છે.

આ સર્વને પરિણામે મનની પકડમાં રહે અને મન જેની ઉપર અમલ ચલાવી શકે એવું એક જગત રચાય છે. હજારો સૂર્યો તરફ નજર નાખી રહેલી પૃથ્વી ઉપર જેનો જન્મ થયો છે તે પ્રકૃતિનો પ્રભુ બને તથા જડ દ્રવ્યના ગહન ગર્તો ચૈત્યાત્માથી પ્રકાશિત બને, એ હેતુથી એમણે એકસ્વરૂપ બ્રહ્મની કોટાનુકોટી રહસ્યોથી ભરેલી ગતિને તિથિના ચોકઠામાં, પ્રતિમાનમાં અને ક્ષેત્રની મર્યાદામાં બદ્ધ બનાવી છે.

એથી ઉપર મહાન દેવોની શ્રેણી વિરાજે છે. એમની આંખોમાં મુક્તિદાતા પ્રકાશ છે. મનમાં એ રહે છે અને અંતરથી સત્યને જાણે છે. કાળનાં કાર્યોના પડદા પારની તેમ જ દૃશ્યમાન વસ્તુઓની પાર તેઓ વેધક દૃષ્ટિથી જોઈ શકે છે. તેઓ છે શક્યના શિલ્પીઓ ને અશક્યના ઈજનેરો. અનંતતાઓની ગણિતવિદ્યામાં તેઓ પારંગત છે, અજ્ઞેય સત્યોનું તત્ત્વજ્ઞાન એમનો વિષય છે, કોયડામાં રહેલી વસ્તુને તેઓ સૂત્રબદ્ધ બનાવે છે. અકાળ યોજના તેઓ પરિચરો છે ને એનાં કર્મચક્રોની એમણે તપાસણી કરી છે. એમની અભ્યાસી આંખો આગળ જે અદૃષ્ટ છે તે દૃષ્ટ બને છે. અચિત્‌ની અસીમ મોટી યોજના એમની સમજમાં આવેલી છે. વિશ્વના સંચાલક નિયમોને તેઓ ઘડી કાઢે છે, કુદરતના છૂપા છંદોલયોનો સમન્વય સાધે છે. સંખ્યાની ને આંકડાની એમણે ચાવી બનાવી છે. અદૃશ્ય સ્વરૂપના મનોભાવોની અરાજકતામાંથી ગણતરી કરીને તેઓ દૈવનિર્માણના નિશ્ચય પર આવે છે. એમના વિચારને ઈશારે સનાતનની શક્તિઓ ઊતરી આવે છે, ગુપ્ત રહેલો દેવતા પ્રકટ થાય છે. પ્રભુના કાર્યની ને મનોભાવની તેઓ આગાહી આપે છે. એમને માટે ચમત્કાર ચમત્કાર રહ્યો નથી. અજ્ઞાતનો ને જ્ઞાતનો તેઓ સંયોગ સાધી આપે છે. જે સ્વરૂપે એક છે તે એમના દ્વારા ત્રિગુણા વ્યવસ્થામાં સ્થપાઈ જાય છે. મહામાતાના તરંગોને અને વિદ્યુદ્‌વેગી ભાવોને એમણે કાંસામાં ઢાળ્યા છે. પરંતુ માની ચિન્મયતા એમાં આણી શકાઈ નથી. જગતના જન્મમરણની તિથિ તેમણે નક્કી કરી છે, અનંતતાનો વ્યાસ આંક્યો છે. ટૂંકામાં કહીએ તો કાળમાં જે સંભવી શક્યું છે તે સર્વ જણાઈ ગયા જેવું બની ગયું છે. આમ એમને અન્ય સર્વનું જ્ઞાન તો થયું છે, પણ જે એકમાત્ર કેવળ સત્ય છે તે તેમના હાથમાં આવ્યું નથી. અતિશય જાણવાથી તેઓ અખિલને ઓળખી શક્યા નથી. પરાત્પર એમને માટે રહસ્યમય જ રહ્યો છે.

ત્રિગુણ સીડીને વિશાળ શિખરે જવાનું સાહસ કરનાર ઝગમગ થતાં સુવર્ણ-શિલાના સોપાનો પર પગ માંડી ઊંચે ચડે છે. ગણ્યાગાંઠ્યા વિચારક્ષેત્રના રાજા-મહારાજાઓ ત્યાંના વ્યોમમાં રહી સર્વદર્શી દૃષ્ટિથી બધું અવલોકે છે. એક મહાન શાસકચેતનાનું ત્યાં ચલણ છે, ને મન એક ઉચ્ચતર શક્તિને જાણ્યેઅજાણ્યે સેવે છે. જે મૂળ નહિ પણ માત્ર વહનમાર્ગ છે ત્યાં એક પ્રજ્ઞાન રહસ્યમય વિશ્વને જાણે છે ને દોરે છે. એક જ્ઞાન, એક સત્યદૃષ્ટિ, એક સ્વયંભૂ શબ્દ કાળના લોકોમાં શાશ્વતનો સ્વર સ્વનાવે છે, રૂપોમાં ઊર્ધ્વનો અર્થ ભરે છે. આપણી દૃષ્ટિ પારની તુંગતાઓ પર સર્વજ્ઞ જ્ઞાન વિરાજમાન છે. અહીંયાં અચિત્‌માં રહેલી ગુપ્ત શક્તિ અંધ બનાવી

રાખેલા દેવને પ્રકટતા પામવાની ફરજ પાડે છે.

જેને આપણે અહીં દેવ કહીએ છીએ તે એક મૂળની પૂર્વદૃષ્ટિ છે. વિશ્વની ઘૂમરીમાં એણે સ્થિરતા ધારણ કરી છે. પ્રકૃતિનું અજ્ઞાન પણ એમ તો સત્યનું જ શસ્ત્ર છે. એક સચેત શકિત આપણામાં કાર્ય કરી રહી છે ને દૈવનિર્માણ એ શકિતના સંકલ્પનું અસ્વીકૃત બાળક છે.

પરમ સત્યના પ્રેરણથી સર્વે પોતાની અંદર જે છુપાવી રાખેલું છે તેને પરાણે પ્રકટ કરે છે. જે નિત્ય વિદ્યમાન છે તે કાળનાં સંવત્સરોમાં આવિર્ભાવ પામે છે ને જીવદ્રવ્યની અવસ્થામાંથી કોષકારામાં રહેલું દેવસ્વરૂપ ઉત્ક્રાન્ત થઈ અમૃતત્વે આરોહે છે.

પણ બ્રહ્મસ્વરૂપનું સત્ય વર્ણનાતીત છે. આત્માની આંખ જ એને પકડી શકે છે. અહંભાવ અને મન જ્યારે મટી જાય છે ત્યારે પરમાત્મસત્યનો સાદ સંભળાય છે. આપણા વિચારો માટે એ સત્ય પરદેશીય છે. પરંતુ ઉચ્ચતર વિચારના અધિનાયકો ઈશ્વરદત્ત બળનું ભાન હોવાથી સંપૂર્ણ સત્યને પકડી પાડવાની હામ ભીડે છે. મન જેને કદી પહોંચી શકતું નથી તેને તેઓ મનની સમીપ લાવે છે, સત્યનું ઉચ્ચ આસ્થાન જીતી લેવાની આશા સેવે છે, અચિંત્યને વિચારમાં ઉતારે છે.

સનાતન શબ્દના બીજાક્ષરો, એનો છંદોલય ને એનું સંગીત એમણે શોધી કાઢયાં છે. વસ્તુજાતમાં રહેલો અશરીરી સંકલ્પ એમણે પકડયો છે, અપરિમેયનું માપ આંકડાથી કાઢયું છે, અકાળને કાળ આગળ જવાબ આપવા હાજર કર્યો છે, અતુલનીય પરમોચ્ચનું મૂલ્યાંકન કર્યું છે. વાણી અને વિચારની દીવાલો ઊભી કરી એમણે એમાં અગૃહીત અનંતતાઓને પૂરી છે, જે કેવળ એકસ્વરૂપ છે તેને ધારણ કરવા માટે ખાલીખમ શૂન્ય સર્જ્યું છે. નિસર્ગને એક વિધિસૂત્રમાં દડબીને ઘાલ્યો છે. આખા વિશ્વપ્રસંગ માટે એમણે એક જ નિયમ બનાવી રાખ્યો છે. બેશુમાર શ્રમ લઈ એમણે જ્ઞાનસમસ્તને એકરૂપતા આપી છે, પરમાત્માનું બીજગણિત બનાવ્યું છે, જીવંત દિવ્યતાને હવાઈ બનાવી દીધી છે. મનનું ડહાપણ આટલાથી અટકી પડયું છે. પોતે પરિપૂર્ણ છે એવું એને જણાયું છે. વધુ વિચારવા જેવું ને જાણવા જેવું એને માટે કશું જ બાકી રહ્યું નથી. અધ્યાત્મ શૂન્યાકારમાં એણે પોતાનું સિંહાસન સ્થાપ્યું છે, એમાંના વિરાટ મૌનને અનિર્વચનીયનું નામ આપ્યું છે.

આ હતી વિચારના દ્યુતિમંત દેવતાઓની રમત. સત્યની દેવીને એમણે મહારાણી બનાવી છે ને એને બંદી રાખીને આરાધી છે. મનીષીની અકાળ જ્યોતિને એમણે કાળમાં આકર્ષી છે, ને મનીષીના આનંદ માટે એને શબ્દની સોનેરી જાળમાં રાખી છે. હૃદયમાં આરાધાતી બંદી દેવી માણસના સ્વભાવને ને સંકલ્પને અનુમોદન આપે છે, એના શબ્દોને ને કર્મોને પ્રેરે છે. માનવની પ્રગતિમાં એ સાથ આપે છે ને એ પ્રગતિને લિપિબદ્ધ બનાવે છે. એ દૈવી શકિતને સહારે માણસ પ્રણત પ્રકૃતિનો શાસક બનશે. આરાધિતા દેવીએ એનો જીવનના નેતા બનવાનો અને અમલ

ચલાવવાનો અધિકાર પ્રમાણિત કર્યો છે. એ બનેલી છે એના જીવનની દેવતા, એના દેહનો ને દેહીનો એકમાત્ર આનંદ. પોતાની એ પ્રિયતમામાં એ પ્રલીન થઈ જાય છે. એ એનું અહીંનું સ્વર્ગ છે. આમ આ રમણીય રમત ચાલે છે ને સત્ય એને સ્મિતપૂર્વક સમર્થન આપે છે.

સત્યની આ પરમ દેવતા પોતાનાં નિત્યનાં વ્યોમોમાંથી લળીને આવી છે અને એણે પોતાની રહસ્યમયતાઓનાં સૂર્યસમુજ્જ્વલ માધુર્ય સમર્પવાનો સુંદર અભિનય આદર્યો છે. જેના મહિમા માટે સ્વર્ગેય નાનું પડે છે તેણે પૃથ્વી પર પોતાનું ધામ બનાવ્યું છે. માનવ હૃદયમાં એનું નિગૂઢ સાન્નિધ્ય છે. માણસે પોતાની જાતને કંડારી એની પ્રતિમા ઘડી છે. મનના આશ્લેષને અનુરૂપ રૂપ એ દેવીએય લીધું છે. વિચારની નાનકડી કોટડીમાં દેવીએ નિજ મહિમાને દડબીને ભર્યો છે, એકાકી મનીષીના અવબોધનો બંધ ઓરડો વાસ માટે સ્વીકાર્યો છે, માણસના પ્રમાણને અનુરૂપ પ્રમાણ રાખવા માટે પોતાની ઊંચાઈને નીચી બનાવી છે.

આ પ્રમાણે મર્ત્ય માનવોમાંનો પ્રત્યેક પોતાને ધન્ય માને છે, પોતાને સત્યનો સમ્રાટ સમજે છે. કાળના ક્ષેત્રમાં સત્યના મહિમાનો એકાદ અંશ મેળવી પોતાને પૂર્ણ પ્રકાશ અને સકલ સૌન્દર્ય મળી ગયાં હોય એવો ભાવ રાખે છે. પરંતુ વિચાર કે શબ્દ, બેમાંથી એકેય સનાતન સત્યને પકડી શકતો નથી. સત્યના સૂર્યના એક એકાકી કિરણમાં આખું જગત જીવે છે. વિચારના દીવડાથી અજવાળાયેલા બંધ ને સાંકડા ઘરમાં સત્યની દેવીને ઘાલીને મર્ત્ય મન મિથ્યાભિમાનથી માને છે કે 'મેં એને મારી બનાવી દીધી છે.' પણ એને બાંધવા જતાં આપણે આપણી જાતને જ બાંધી દઈએ છીએ. એનું એક અત્યલ્પ સ્વરૂપ જ આપણી પાસે છે તે આપણે મોહવશ બનેલા હોવાથી સમજતા નથી. એ પવિત્ર દેવીની પ્રેરક અસીમતાનું ભાન આપણામાં જાગતું નથી, એની અમર મુક્તિનો મહિમા આપણે ભાગે આવતો નથી.

દ્રષ્ટાઓની ને ઋષિઓની બાબતમાં પણ આવું જ બને છે, કેમ કે માનવીયતા દિવ્યતાને પરિસીમિત બનાવી દે છે. આપણે વિચારમાંથી કૂદીને દૃષ્ટિએ પહોંચવાનું છે, સીમામાં સમાઈ ન શકે એવી હવામાં શ્વાસોચ્છ્વાસ લેવાના છે, પરમ સત્યની સર્વોપરિતા સ્વીકારવાની છે, શુદ્ધ સત્યને સમર્પાઈ જવાની હામ ભીડવાની છે. ત્યાર પછી જ નિ:સ્પંદ બનેલા માનસમાં અવ્યક્તનું પ્રતિબિંબ પડવાનું, આપણા હૃદયમાં અકાળની આભા ઊતરી આવવાની, આપણે સનાતનની સત્તામાં આનંદ-લીન બની જવાના.

સત્ય પોતાનાં વ્યક્ત સ્વરૂપોથી ક્યાંય વિશાળ છે, ક્યાંય મહાન છે. મનુષ્યોએ એની અગણિત મૂર્ત્તિઓ કલ્પી છે ને પ્રત્યેક પોતાની પ્રિય પ્રતિમાને પૂજે છે; પરંતુ સત્ય પોતે પોતાના પરાત્પર સ્વરૂપમાં છે અવિકારી અને અનંત.

# આદર્શનાં સ્વર્ગો

આદર્શ આઘેથી સંકેત કરી હરહંમેશ બોલાવતો હતો. અણદીઠના સ્પર્શથી જાગ્રત થયેલો વિચાર પ્રાપ્ત કરેલી વસ્તુઓના સીમાડા છોડી મહાપ્રયત્ને નવું નવું શોધવાની અભીપ્સા રાખતો હતો. એને પગલે પગલે એક જ્યોતિર્મય જગત પ્રકાશમાં આવતું હતું. જન્મમરણને નહિ જાણનારી જ્યોતિ માટે એની ઝંખા હતી. યાત્રાને માર્ગે ડગલે ને પગલે કોઈ નવું આશ્ચર્ય જોવા મળતું, કોઈ નવો આનંદ પ્રાપ્ત થતો, આત્માની સીડીનું કો નવું પગથિયું રચાતું. શાશ્વતને સમાગમે ઉતાવળે પગે જતા યાત્રીનો ચરણસ્પર્શ માણવા માટે કોઈ દેદીપ્યમાન દેવનો આત્મા જાણે જ્વલંત સોપાન બની ગયો ન હોય એવું અનુભવાતું.

ઝળહળજોત સીડીને બન્ને છેડે આદર્શ માનસનાં સ્વર્ગો શોભતાં હતાં. એક બાજુએ રંગ પર તરતા રંગમાં અમર ઉત્કૃષ્ટતાના ઉલ્લાસ જેવાં ફૂલગુલાબી મનોહર રાજ્યો મુગ્ધ કરતાં હતાં. મર્ત્ય ક્લેવરમાં કારાવાસ ભોગવતા જીવાત્માનાં ઉપરની દિશે સ્વર્ગીય શાંતિનાં પરમચૈતન્યમય ધામો હતાં, નીચે અચિત્‌નો અંધકારગ્રસ્ત ગર્ત હતો, ને તે બન્નેના મધ્ય ભાગમાં અને આપણા જીવનની પાછળ હતું આદર્શ-મય અમર ફૂલગુલાબી પ્રાફુલ્લ્ય. પ્રકૃતિના સમર્પિત ગહન હૃદયમાંથી આરોહીને ને જીવનની આહુતિઓથી પોષણ પામીને એ પ્રભુને પદે હમેશને માટે પ્રફુલ્લિત થાય છે. અહીં માનવ હૃદયમાંય એની કળી ફૂટે છે અને પછી કોઈક સ્પર્શે, સાન્નિધ્યે કે શબ્દે જગત એક મંગલ મંદિર બની જાય છે, અને પછી તો અજ્ઞાત હતું તે સર્વ પ્રિયતમનો પ્રાદુર્ભાવ કરે છે. એક અલૌકિક આનંદનું પ્રસ્ફોટન થાય છે, જીવન સાનંદ નિવેદિત થઈ જાય છે અને આત્મા મહાસુખ પ્રત્યે ખુલ્લો થઈ જાય છે. ગૂઢ કૃપા ઓચિંતી ઊતરી આવે છે ને એને સ્પર્શે પૃથ્વીનો અભિલાષ સોનાનો બની જાય છે, દેવોનાં દર્શન થાય છે, સૂતેલા કોષાણુઓ જ્વલંત નિઃસ્પંદતાની અવસ્થામાં આવી જાય છે ને માંસમાટી આત્માનુરૂપ બની જાય છે. પછી તો આપણી ચેતનાનાં ગુપ્ત કેન્દ્રો પદ્મવત્‌ પ્રફુલ્લિત થઈને આદર્શ પ્રેમનો, નિષ્કલંક મહાસુખનો અને મનોરમ સૌન્દર્યનો અનુભવ કરે છે.

ઉચ્ચ ભૂમિકાઓમાં આ અનુભવ અમર પ્રકારનો બની જાય છે. અહીં જે કળી રૂપે હોય છે તે ત્યાં પુષ્પિત બની જાય છે. ત્યાં આવી છે અગ્નિના આગારની રહસ્યમયતા, વિચારની વિભાવંતી ભભક, સોનેરી સુખમયતા, સ્વર્ગીય સંવેદનાની

સંમુદામાં સ્વાત્મલીનતા. ત્યાં ઉદ્‌ભવે છે અદ્‌ભુત સ્વરો, સંભળાય છે સૂર્યનું હાસ્ય, અને જોવામાં આવે છે પ્રભુના પરમાનંદની કલકલનિનાદિની ઘૂમરી, સુવર્ણશુભ્ર ચંદ્રલોકની દ્રાક્ષાવલ્લી, આપણી મર્ત્યતાની વિરલ મુલાકાતે આવતી ઝલક, મધુરતા અને કાળમાં મળતી મુદા. પરંતુ અમૃતસ્વરૂપનો આપણાં હૃદયો પર દબાતો થતો સ્પર્શ પણ ત્યાં મળે છે, બ્રહ્મની બંસરીય સંભળાય છે. અહીં તો આરંભની જાગૃતિઓ છે, દૈવી વાતાવરણમાં કંપમાન ક્ષણો છે, સુવર્ણમયી શાશ્વતી પર મંડાતી સૂર્યમુખીની મીટ છે; પણ ત્યાં છે અવિનાશી આનંદો. એક જ દાંડી પર ઝૂલતાં ભુવન પર મુદામગ્ન ભુવન એક અણદીઠી દિવ્યતાના આવિર્ભાવ પ્રત્યે ઊર્ધ્વે આરોહે છે.

સનાતન સીડીની બીજી બાજુએ છે અમર અગ્નિનાં ઓજસ્વી રાજ્યો, જે આત્મસત્તાની કેવલ પૂર્ણતાઓએ પહોંચી જવાની અભીપ્સા રાખે છે. જગતના દુ:ખ ને અંધકારમાંથી, જીવન જ્યાં દફનાઈ ગયું છે તે ઊંડાણોમાંહ્યથી અમર અગ્નિ સ્વર્લોકોએ ઊંચે આરોહે છે. માનવતા એનું યજ્ઞાગાર છે: આ અગ્નિ એકવાર પ્રજ્વલિત થયા પછી ફરી કદી બુઝાતો નથી. દિવારાત્ર એને ઉઠાવીને આગળ દોડે છે અને અંતે એ નિગૂઢ ને નિત્યની જ્યોતિમાં પ્રવેશ કરે છે. ત્યાં શુભ્ર સ્વરૂપ ધારણ કરી એ પરમાત્માના અદૃશ્ય સિંહાસન સમીપ પહોંચી જાય છે.

ભ્રષ્ટતાનો ભોગ નહિ બનેલાં પ્રકાશમાન પ્રૌઢ બલોના પ્રદેશો છે, અણજન્મ્યા અવિકારી શિવમંગલનાં સ્વર્ગો છે, કાલાતીત સત્યનાં સુભવ્ય શિખરો છે, અને તે સૌ આપણા આત્માઓને વિશાળતર વાયુમંડળમાં બોલાવે છે, કાળ અને નિર્માણના માર્ગો પાર ઈશ્વરીય મનોવ્યોમમાં થઈ અનંતના સોનેરી આવિર્ભાવની દિશે તેઓ અંગુલિનિર્દેશ કરે છે. પરંતુ મનુષ્ય માટે આ આરોહ અતિશય અઘરો છે. એકમાત્ર આપણી અંદરની શાશ્વતની શકિત જ એ માટેનું સાહસ આરંભી શકે છે; કેમ કે એક એ જ આપણા ઐહિક પ્રેયમાત્રનું બલિદાન દેવા સમર્થ છે. ત્યાં આરોહીને જવા માટે અખંડ અને અશ્રાંત પરિશ્રમ કરવો પડે છે ને તે આપણા હૃદયને ને નાડીયંત્રને માટે અશકય છે. આપણું જ્ઞાન માત્ર એક બળતી મીણબત્તી જેવું છે, આપણો સદ્‌ગુણ શુભની કઠમૂર્ત્તિને સજાવેલા લફરફફર વાઘા જેવો છે. માણસનું બળ બળ નહિ, દુર્બળતા છે. અંધતા એને જોવા દેતી નથી. કીચડ એને ખૂંપાવે છે. એની તાકાત ખાલી ઠોકરો ખાય છે. અપૂર્ણતાએ માણસનો પીછો લીધેલો છે.

આપણા જેવું જેમનું પતન થયું નથી તે ભુવનો સુખમાં મહાલે છે. સંકલ્પ ત્યાં સત્યની સાથે ને શિવ શકિતની સાથે એકરૂપ રહેલાં છે. ત્યાંના અમર સ્વભાવો દિવ્યતાના વારસદાર છે, સ્વર્ગીયતાના તેઓ સહભાગી બની ગયેલા છે.

રાજા અશ્વપતિ આદર્શનાં એ રાજ્યોમાં યથેચ્છ વિચર્યો. તેમનું સૌન્દર્ય એણે સ્વીકાર્યું, તેમનો મહિમા ધારણ કર્યો, તેમનાં અદ્‌ભુત ક્ષેત્રોની મહાદીપ્તિઓમાં

ભાગ પડાવ્યો, પણ એ ત્યાં થોભ્યા વગર આગળ ચાલ્યો; કેમ કે ત્યાં જે જ્યોતિ હતી તે તીવ્ર હોવા છતાંય અધૂરી હતી. પ્રત્યેક વિચાર ત્યાં પોતાનું આગવું રાજ્ય ચલાવવા માગતો હતો, ત્યાંનું પ્રત્યેક બલ પોતાની આગવી આલમ પર સત્તા ચલાવવા ચાહતું હતું.

આવા આ આદર્શના રાજ્યને દરવાજે આવેલા યાત્રીને ત્યાં આમંત્રણ મળતું, વિજયના ને આસ્થાના પ્રતીકરૂપ એક અણબુઝાતી જોત કે અણકરમાતું ફૂલ અપાતું. એ આદર્શના ઉચ્ચ રાજ્યના વિશેષાધિકારનું સૂચક હતું. એક મહિમાવંતો ફિરસ્તો ખોજમાં નીકળેલા આત્માને માધુર્યનું ને ભાવનાનું મહાબલ ઉપહારમાં આપતો. એ પ્રત્યેક સત્યનું મૂલ, વિશ્વના હૃદયનું મર્મ, શકિતનું શિખર, પૂર્ણતાની ચાવી ને સ્વર્ગ માટેનું પારપત્ર માનવામાં આવતું. પણ તેમ છતાંય ત્યાં એવાં ક્ષેત્રો હતાં કે જ્યાં આદર્શની બધી પૂર્ણતાઓ પરસ્પર મળતી, આનંદમંડળો રચતી અને હાથ શું હાથ મિલાવતી. જ્યોતિ જ્યોતિને આલિંગતી, અગ્નિ અગ્નિને આશ્લેષમાં લેતો; પરંતુ એકબીજામાં પૂરેપૂરા ઓતપ્રોત થઈ જવાનું કોઈ કબૂલતું નહીં, અખિલ વિશ્વના વિરાટ આત્મામાં પોતાના આત્માને અંતર્લીન થઈ ગયેલો જોવા માગતું નહીં. સર્વે પોતપોતાનું પૃથક્ અસ્તિત્વ સાચવી રાખવાનો આગ્રહ રાખતા.

રાજા તો પરમને પ્રાપ્ત કરવા નીકળ્યો હતો, તેથી તેણે આદર્શના સ્વર્ગમાં ચિર નિવાસ માટે મળેલો અધિકાર જતો કરી દિવ્યતર ભુવનની ભણી પગ ઉપાડયા. જ્યાં ભેદભાવ ભૂલીને ને પોતાની આગવી સત્તા વિસારીને જ્યોતિ, મહાસુખ અને અન્ય સર્વે સુન્દર ને સ્પૃહણીય શકિતઓ અનેકોની અખિલાત્મકતાના એક-સ્વરૂપમાં એકાકાર બનીને રહે છે ત્યાં જવાને રાજા ઊપડયો.

કાળના માર્ગોની પાર, સહસ્રગુણ શબ્દમય મૌનની પાર અવિનાશી પરમ-પાવન સત્ય વિરાજે છે. પરસ્પર નિત્યયુકત અને અવિયોજ્ય બનેલાં શાશ્વતીનાં દેદીપ્યમાન સંતાનોનો ત્યાં નિવાસ છે. બૃહદ્ બ્રહ્મના તુંગ શિખર પર એ સર્વે ત્યાં એકાત્મકતા ધારીને રહેલાં છે.

# મનોમય આત્મામાં

અંતે એક ઉઘાડું આકાશ આવ્યું. મૌન ત્યાં વિશ્વના અવાજને કાન દઈ સુણતું હતું, પણ કોટાનકોટી સાદોમાંથી એકેયને ઉત્તર આપતું નહોતું. જીવનો પાર વગરનો પ્રશ્ન જવાબ વગરનો જ રહેતો. એક નિ:શબ્દ શાન્તિમાં આશાઓનો અંત આવ્યો 'તો, વિચાર વિરમી ગયો 'તો, ભુવનોની આરોહતી શ્રેણી અટકી પડી 'તી. પોતાના સુવિશાળ સ્વરૂપના એકાદ ખૂણામાં જીવનને સ્થાન આપનાર મનોમય વિરાટ આત્મા સાથે અશ્વપતિ ઊભા.

એ મનોમય પુરુષ છે સર્વશકિતમાન, નિશ્ચલ ને ઉદાસીન. પોતામાંથી પ્રકટ થયેલા જગતના જીવનમાં એ ભાગ લેતો નથી. જયપરાજય, સુખદુ:ખ આદિ દ્વન્દ્વોથી એ પરો રહે છે. એ છે સર્વનું સમાન મૂળ, એકાકી દ્રષ્ટા, પ્રકૃતિની પારાવાર પ્રવૃત્તિઓનો સાક્ષી ને અનુમંતા ને પ્રકૃતિનો પ્રભુ. પરમેશ્વરની કાળ પારની નિ:શબ્દતામાં દ્રષ્ટા પુરુષનો ને પ્રભાવશાળી પ્રકૃતિનો જે સંયોગ થયો તેમાંથી સૃષ્ટિ સમુદ્ભવી છે.

અશ્વપતિએ એ નિ:સ્પંદ આત્મામાં ને એ નિ:સ્પંદ આત્માએ અશ્વપતિમાં નિવાસ કર્યો. પરિણામે અશ્વપતિ પોતેય એ આત્મા જેવો વિશાળ, શકિતશાળી અને મુકત બની ગયો. પોતે બધું જાણતો હોય એવું એને લાગવા માંડયું. એનામાં ઈચ્છાઓએ અને આવેગોએ આવવાનું બંધ કર્યું. કશાની એને સ્પૃહા ન રહી. બ્રહ્મ ને બ્રહ્મનું મૌન એનાં બની ગયાં. એના જીવને શાંતિ મળી, વિશ્વાત્મક અખિલનું એને જ્ઞાન થયું.

પછી એક કિરણાંગુલી દૃષ્ટ, સ્પૃષ્ટ, શ્રુત અને અનુભૂત વસ્તુઓ ઉપર ઊતરી અને એણે રાજાના મનને બતાવ્યું કે કશું જ જાણી શકાયું નહોતું. જ્યાંથી સર્વ જ્ઞાન આવે છે ત્યાં એણે પહોંચવું જોઈએ. વિચાર અને ગોચર જ્ઞાન ઉદ્ભવે છે અજ્ઞાન-માંથી અને એ ગમે તેટલાં ઉદાત્ત હોય તોપણ તેમને પારના સૂર્યનો પ્રકાશ કદીય પ્રાપ્ત થઈ શકતો નથી. એક સંશય એમને ખાતો રહે છે. મનનાં સાધનો કાળની બૅન્ક પરના બનાવટી ચેક જેવાં છે. પરમ સત્યના ખજાનામાં એમનું કશું જ મૂલ્ય હોતું નથી.

અજ્ઞાન એક બેચેન ગાદી પર બેઠેલું છે, એ રાજા બની ગયાનો ખાલી ઢોંગ કરે છે. એનું જ્ઞાન સાંદિગ્ધ શબ્દોના પહેરવેશમાં હોય છે. એ જે જાણે છે તે તૂટફૂટ

આરસી પરના વિકૃત પ્રતિબિંબ જેવું છે. એણે જોયું હોય છે સાચું પણ એની દૃષ્ટિ છે જૂઠી.. મન કરોળિયાની જાળ જેવી તર્કજાળ બનાવે છે ને ક્ષુદ્ર જીવજંતુઓ જેવી ઇન્દ્રિયોપભોગની નાચીજ ચીજો એમાં પકડી ખાય છે. અજ્ઞાનમાંથી ઊભી કરેલી જાદૂઈ ઝલકે ભરી એની કંગાલ ઝૂંપડી છેવટે અજ્ઞાનમાં જ ધબી જાય છે.

આપણું મન છે મરેલા ભૂતકાળનાં ભૂતોથી ભૂતિયું બનેલું ઘર, નાશ પામવા દીધેલા મહાન અવસરોની કબર. એ છે એક એવું કાર્યાલય કે જેમાં જીવનો ને જીવનનો દુરુપયોગ કરવામાં આવે છે, સ્વર્ગીય ઉપહારોને વેડફી નાખવામાં આવે છે. એ છે અજ્ઞાનનો રંગમંચ. વિચારની સફળ ચાલાકીથી આત્માને શબ્દોનો બંદી બનાવનાર બુદ્ધિ આત્મવિશ્વાસ ગુમાવી બેઠી છે. એનું ઊંચામાં ઊંચું જ્ઞાન છે કેવળ અનુમાન. એનું જબરજસ્ત વિજ્ઞાનશાસ્ત્ર આત્માની સપાટીઓ પર થઈ પસાર થઈ જતો પ્રકાશમાત્ર છે. ઇન્દ્રિયોએ આલેખેલી રૂપરેખાઓ સિવાય બીજું કંઈ એમાં નથી. એ છે કાળના આભાસો પર શબ્દે અંકિત કરેલી રહસ્યમયતાઓની યોજના બતાવતો નકશો. આ મહાન દ્રષ્ટા અને સ્રષ્ટા મન અર્ધદૃષ્ટિનું પ્રતિનિધિકાર્ય કરે છે. જીવાત્મા અને જ્યોતિ વચ્ચે લટકતો એ એક પડદો છે. એ મૂર્તિમાત્ર છે, પ્રભુનું સજીવન શરીર નથી. પોતાનાં કાર્યોના સાક્ષી રૂપ નિ:સ્પંદ આત્મા પણ અજ્ઞેયનો એક ઝાંખો મોખરો છે. એની મુક્તિ અને સ્પંદહીન શાંતિ કાળસર્જી વસ્તુઓમાંથી થતો પ્રતિક્ષેપ છે, શાશ્વતીની સ્વાત્મદૃષ્ટિ નથી. એનામાં ગહન શાંતિ છે, અનામી શક્તિ નથી, સ્વસંતાનોને ગોદમાં ને અખિલ બ્રહ્માંડને હૃદયે લઈ લેતી મહામાતા ત્યાં નથી. સૃષ્ટિના સુભવ્ય સ્વભાવમાં રહેલું ત્યાં નથી મહાસુખ કે નથી નિ:સીમ પ્રેમના હૃદયમાં ભભૂકતી બ્રહ્માનંદની શુભ્ર ભાવોત્કટતા. ચૈત્યના પ્રશ્નનો ઉત્તર મનોમય પુરુષથી બૃહત્ એક બ્રહ્માત્માએ આપવાનો છે.

અશ્વપતિએ ઉપર દૃષ્ટિ કરી તો ત્યાં બધું ખાલીખમ અને હલનચલન વિનાનું દેખાયું. ત્યાં હતું અરૂપ અવકાશમાં ઓસરી જતું અમૂર્ત સૂક્ષ્મભાવી વિચારનું નીલાકાશ. રાજાએ નીચે જોયું તો ત્યાં બધું અરવ અને અંધકારમય હતું. આ બન્નેના અંતરાળમાં ચિંતનનો ને પ્રાર્થનાનો પોકાર શ્રાવણગોચર થતો હતો. સંઘર્ષ, અને અશ્રાંત પરિશ્રમ ત્યાં અખંડ ચાલતો હતો. મર્ત્ય અજ્ઞાનના કાંઠાઓ વચ્ચે જીવનનો મહાસાગર ઘુઘવાટ કરતો ઊછળી રહ્યો હતો. સત્ત્વો, શક્તિઓ, આકારો અને વિચારો તેમાં ધક્કામુક્કી કરી સ્થાન મેળવવા માટે તરંગાયમાણ બની ઉપર આવતાં, નીચે ઊતરી પડતાં ને પાછાં ઉપર આવતાં હતાં. આ અથડામણ ને ખળભળાટને તળિયે હતી મથતાં જગતોને જન્મ આપનારી શૂન્યાકારતા, જબરજસ્ત ઉત્પાદક મૃત્યુ ને નિગૂઢ રિક્તતા, ને એ સૌ અસંગત બુમરાણને ટકાવી રાખતું, ઊર્ધ્વના અવાજને બાતલ રાખતું, પ્રશ્નની ને ઉત્તરની ન' '' ' ચેષ્ટારહિત મૂગું ને અંધારું અચિત્.

અંધકારના તેમ જ પ્રકાશના આકાશની સીમાઓ આત્માની ગતિને અવરોધતી

હતી. પરમાત્માની અનંતતા પ્રતિ અંતરમાં અવગુંઠન રાખતો જીવ ક્ષણજીવી ઘટનાઓવાળા જીવલોકમાં જીવનયાત્રા ચલાવતો હતો. ત્યાં જીવવા માટે મરવાનું ને મરવા માટે જીવવાનું જરૂરનું બન્યું હતું. જીવ કર્મના ને વિચારના ચકરાવાઓમાં ભટકતો ને પાછો જ્યાંનો ત્યાં આવીને ઊભો રહેતો. એનું જ્ઞાન આરંભે તેમ જ અંતે એનું એ જ રહેતું. હયાતી હતી કારાગાર ને નિર્વાણ હતું છુટકારો.

સર્ગ ૧૪

# વિશ્વનો ચૈત્યાત્મા

અશ્વપતિની ખોજને એક છૂપો ઉત્તર મળ્યો. મનોમય અવકાશની દૂર ઝગમગતી પૃષ્ઠભોમમાં એક તગમગતું મોં દેખાયું, જાણે કે રહસ્યમયતામાં નાસી છૂટવા માટેનું કો એકાંત દ્વાર ન હોય, યા તો સપાટી પરના અસંતુષ્ટ જગતથી આઘે અજ્ઞાતમાં લઈ જતા પ્રભુનાં ઊંડાણોના કોક કૂવા જેવું કે બોગદા જેવું ન હોય. વિશ્વના હૃદયની આખરી રહસ્યમયતામાંથી એક સ્વર વગરનો સાદ ઊછળી આવ્યો. ગુમ થયેલા પોતાના અધ્યાત્મ ધામ પ્રત્યે આકર્ષાતો ને વાટ જોતા પ્રેમનું સાન્નિધ્ય સંવેદતો રાજા એક ભેદી અવાજથી દોરાયો.

અસંખ્ય અવાજોના એકાત્મક સ્વરૂપ જેવો એ અવાજ વારાફરતી બધા જ અવાજો બની જતો, છતાં રહેતો એનો એ જ. એ અવાજ દ્વારા કોઈ ચિર પરિચિત અને પ્રેમે પ્રાર્થિત બોલાવતું હોય એવું લાગતું હતું. વીસરી ગયેલા મનને એનું નામ યાદ આવતું નહોતું, તેમ છતાં રઝળતા હૃદયને એ પરમ હર્ષે પાછો દોરી જતો હતો. રાજાના અંતરાત્માની આસપાસ ઘૂમતો મંદરવ એ બન્યો; એકલવાયી બંસરીનો સૂર બનીને ઝંખનાનાં આનંદાશ્રુથી એણે આંખને ભરી દીધી; તમરાંનો તીણો અવાજ બની એકાકી હૃદયના માર્ગે એણે મુસાફરી કરવા માંડી; નિત્યની નિર્જનતાને એણે નૃત્યથી આશ્વાસન આપ્યું. કોઈ કોઈ વાર એ લાંબી વણજારમાં વાગતી ઘંટડીઓનું અનુકરણ કરતો, તો કોઈ વાર વનનું વ્યાપક સ્તોત્રગાન અથવા તો મંદિરનો ઘંટારવ, કોઈ વાર મધમાખોનો મત્ત ગુંજારવ તો કોઈ વાર યાત્રી સાગરનો આઘેથી આવતો ઘુઘવાટ બની જતો. હવા ધૂપની સુવાસથી ભરાઈ ગઈ. પ્રિયતમ પધાર્યા હોય એવું લાગવા માંડ્યું. હૃદયમાં ગહન સુખનો અનુભવ થયો. પ્રભુના ચરણોને આલિંગન આપી શકાશે એવું રાજાને લાગ્યું, પ્રભુના સ્મિત-સૌન્દર્યથી બધું જગત બદલાઈ જશે એવી ઝાંખી થઈ.

એક અદ્‌ભુત અશરીરી પ્રદેશમાં રાજાએ પ્રવેશ કર્યો. નામ અને સ્વર વિનાનો ભાવાવેગ ત્યાં ઘર કરીને રહ્યો હતો; પ્રત્યેક ઊંચાઈને ઉત્તર આપતું ત્યાં એક ઊંડાણ હતું; સઘળાં ભુવનોને બગલમાં લેતો ત્યાં એક ખૂણો હતો; અવકાશની ચેતનવંતી ત્યાં એક ગ્રંથિ હતી; કાળના હૃદયમાં રહેલી શાશ્વત ઘડી ત્યાં રહેલી હતી. એ સ્થાનમાં સારા જગતનો નીરવ ચૈત્યાત્મા આવેલો હતો. એ હતો એક સત્‌, એક સાન્નિધ્ય, એક શક્તિ ને એક એવો પુરુષ, સ્વ-સ્વરૂપ અને સર્વસ્વરૂપ.

એની અંદર પ્રકૃતિના મીઠા તેમ જ જોખમભર્યા ધબકારા દિવ્ય બની જાય છે. એનો પ્રેમ બદલામાં પ્રેમ માગતો નથી. ખરાબમાં ખરાબને એ સારામાં સારામાં ફેરવી નાખે છે. પૃથ્વીની નિષ્ઠુરતાએ કરેલા ઘા એ રુઝાવી દે છે, સર્વ કાંઈ આનંદાનુભવ રૂપ બનાવી દે છે. વિશ્વના શિશુને એ પારણે ઝુલાવે છે; એનો આનંદનો હસ્ત રુદનને શાન્ત કરે છે. એના દ્વારા અશુભ શુભ પ્રત્યે દોરાય છે, અસત્ય સત્યમાં પલટો પામી જાય છે. દિવ્યતાને પ્રકટાવવી એ એની શક્તિનું કાર્ય છે. સનાતન જેની અંદરથી નવ જન્મ લે છે અને મર્ત્ય વસ્તુઓમાંના મૃત્યુને રદબાતલ કરી દે છે તે અગ્નિ-બીજ એનામાં રહેલું છે.

ચૈત્યાત્માના રાજ્યમાં સર્વ કાંઈ નિકટનું ને અંતરંગ બની જાય છે. ત્યાં હોય તે પ્રભુ સાથે આત્મીયતા અનુભવે છે. ત્યાં કોઈ પડદો આડે આવતો નથી, વેગળા રાખતું અંતર રહેતું નથી, કાળ વિકૃતિઓ આણી શકતો નથી. ત્યાંના વાતાવરણમાં ભાવાવેશની ભભક છે, એક માધુર્યનો અંકોડો હૃદયને હૃદય સાથે જોડી દે છે. આરાધનામાં મહાસુખ માણતી ભક્તિ ત્યાં ધબકી રહેલી છે. અમર પ્રેમનો આનંદ સર્વત્ર વ્યાપી રહેલો હોય છે. સર્વ ત્યાં અંતરમાં સુખમયતા સેવે છે. વિશ્વવ્યાપી મીઠો મેળ, સત્ય, સૌન્દર્ય, શ્રેય ને સંમુદા એકાકાર બનીને ત્યાં અમર બની ગયેલાં છે ને એમને માથે ભય નામેય હોતો નથી. અંતવંત જીવનનું ત્યાં હૃદય છે, એક અરૂપ સત્તા રૂપનો આત્મા બનીને વિરાજી રહી છે.

ત્યાં જે છે તે બધું જ ચૈત્યાત્મક યા તો ચૈત્યાત્મક તત્ત્વનું બનેલું છે. ચૈત્યની ભૂમિ ને ચૈત્યનું આકાશ ! તહીં અધ્યાત્મ સંવેદનાથી સર્વનું જ્ઞાન થાય છે. ત્યાં વિચાર વગરનું જ્ઞાન છે. આત્માની એકતા દ્વારા સર્વ કંઈ સુગમ્ય બની જાય છે. સહાનુભૂતિ ત્યાં સર્વસામાન્ય છે. ચેતન ચેતનનો સંપર્ક સાધે છે, દૃષ્ટિ ઊંડાણમાં ઊતરી જાય છે, આત્મા આત્માને અવલોકે છે, વાણીની દીવાલ વચ્ચે આવતી નથી, હૃદય પ્રફુલ્લ પદ્મ જેવું બનેલું હોય છે, મન દૃષ્ટિવંતાં ને પરસ્પર રાંમત હોય છે, ને કોટિક રૂપો એકેશ્વરથી પ્રકાશમાન રહે છે.

પ્રાણ ત્યાં એક ભાવાવિષ્ટ શક્તિમાત્ર છે ને સૂક્ષ્મથીય સૂક્ષ્મ ને ગહનથીય ગહન અધ્યાત્મ ઓજ રૂપે એ અનુભવાય છે. દેહોની ત્યાં જરૂર ન હોવાથી દેહો ત્યાં નથી. ચૈત્યાત્મા પોતે જ પોતાનું અમર સ્વરૂપ છે. અન્ય ચૈત્યો સાથેનો એનો સંપર્ક હોય છે નિકટનો, સુખમય, સઘન અને અદ્‌ભુત કહેવાય એવો સાચો.

અશ્વપતિને ત્યાંની વસ્તુઓનું જ્ઞાન એમના આકાર દ્વારા નહિ પણ એમના આત્મા દ્વારા થવા લાગ્યું. ત્યાંના સર્વે પદાર્થો હતા દેવોના દેહ જેવા; ત્યાંનાં બધાં દૃશ્ય હતાં અનેરાં ને દેવતાઈ. ત્યાંનાં મનોહર સરોવરો, સરિતાઓ ને શૈલો, મેદાનો ને ખીણો, આનંદના વિસ્તારો જેવા બાગ ને એ બાગનાં અલૌકિક ફૂલ—સર્વેય આત્માના અવકાશમાં આવેલાં હતાં ને આત્માના આનંદની ધ્યાનમગ્નતા એમનામાં વ્યાપેલી હતી. સર્વ ત્યાં હતું સહજ ને સૌન્દર્યમય. જગત અને આત્મા ત્યાં એક

અભિન્ન સત્યતાનાં સ્વરૂપો હતાં.

એકવારના દેહધારી જીવો ત્યાં અધ્યાત્મ નિદ્રાના પ્રકાશતા ઓરડાઓમાં બેઠેલા દેખાયા. જન્મમરણના બંધનસ્તંભોથી છૂટી, કર્મક્ષેત્રોમાંથી વિદાય લઈ તેઓ વિશ્વના ગહનમાંના આત્મામાં પાછા આવ્યા હતા. સમાધિલીન બની તેઓ જૂનાં સ્વરૂપોને એકત્ર કરી નવા વ્યક્તિસ્વરૂપની યોજનાના ઘાટ ઘડતા હતા, ને નવા જન્મના જીવનનું સાહસ આરંભવાના સમયની વાટ જોતા હતા.

ભુવનોનો અંત આવવા છતાંય અનામત ટકી રહેતો એક આત્મપુરુષ અનેક રૂપો લે છે, છતાંય પોતે તો એનો એ જ રહે છે. મનથી જાણી ન શકાય એવા જુદા-જુદા દેશકાળમાં, જુદાં જુદાં નામ ધારણ કરતો રહી એ કાળના પૃષ્ઠ ઉપર નિત્ય વર્ધમાન પોતાનું આત્મસ્વરૂપ અંકિત કર્યે જાય છે. પોતાના આત્માને જેનું સહજ જ્ઞાન છે તેને એ અનુભવ દ્વારા અવબોધે છે, અને જ્યાં સુધી એને સજીવન બનેલા સત્યનાં ને પ્રભુનાં પ્રત્યક્ષ દર્શન થતાં નથી ત્યાં સુધી સમસ્યારૂપ બનેલા જન્મની ને જીવનની રમતો રમતો રહે છે.

અશ્વપતિ સૃષ્ટિના કેન્દ્રમાં આવ્યો હતો. એકથી બીજી અવસ્થામાં અટતો અટતો જીવ વિશ્વના ચૈત્યાત્માની ભાવોત્કટતામાં પાછો આવે છે ને ત્યાં પોતાની આદિકાળની અરવતા પ્રાપ્ત કરે છે. અહીં એકસ્વરૂપ પ્રભુના ગહન દર્શન અનુસાર બધું ઘડાય છે ને ઘડાયેલું તૂટતાં ફરી પાછું એ નવેસર ઘડાય છે. જગતમાં છે તે બળો, જીવનો, સત્ત્વો ને વિચારો અમુક સમય માટે એ નિ:સ્પંદતામાં લઈ લેવાય છે, ને ત્યાં તેમનો હેતુ, વળણ ને સ્વભાવ નવે રૂપે ઢળાય છે. આમ બદલાતાં બદલાતાં બધું બઢતું જાય છે. સમય આવ્યે ફલપ્રદ મરણ ને ત્યાર પછી પુનર્ઘટના કરવાવાળી નિદ્રા આવે છે. દેવોની પ્રક્રિયામાં સૌ પોતપોતાનું સ્થાન લઈ લે છે અને કાળના ક્ષેત્રમાં જીવોનું પ્રયોજન પાર ન પડે ત્યાં સુધી જન્મમરણના વારા આવતા રહે છે.

આ અવસ્થા છે ભુવનોને ઘાટ આપવા માટેની કર્મશાળા. કર્મ કર્મની વચ્ચે, જન્મ જન્મની વચ્ચે, સ્વપ્ન ને જાગ્રત સ્વપ્નની વચ્ચે એક ગાળો પડે છે. એ ગાળામાં કર્મ ને જીવન માટેનું નવું બળ મેળવાય છે. પારમાં તો છે આનંદના ને શાંતિના પ્રદેશો, પ્રકાશનાં, આશાનાં ને પ્રેમનાં જન્મસ્થાનો. સ્વર્ગીય સંમુદાનાં ને સ્વર્ગીય સુખારામનાં ત્યાં પારણાં બંધાયેલાં છે.

સંસારના સ્વરો ઊંઘમાં ઓસરી જતાં રાજાને સનાતન ઘડીનું ભાન થયું. એના જ્ઞાન ઉપરથી ઇન્દ્રિયોનાં વસ્ત્રાવરણો સરી પડયાં. વિચાર કે વાણી વગર કેવળ એકાત્મભાવથી એ જાણતો થઈ ગયો. એના આત્મા ઉપર પડેલા પડદા હઠી ગયા. આંતર જ્યોતિના એક માર્ગ પર અદ્ભુત સાન્નિધ્યોની મધ્યમાં, અનામી દેવોની અવલોકતી આંખો નીચે એક સચૈતન્ય શક્તિસ્વરૂપે એનો આત્મા આગળ ચાલ્યો,— હમેશાં ફરીથી આરંભાતા અંત પ્રત્યે, અણરવ અચેષ્ટ શાંતિમાં થઈ માનુષી તેમ જ અલૌકિક વસ્તુઓના પ્રભવસ્થાન પ્રત્યે.

એને હવે 'એકમાં—બે' એવા અમર સ્વરૂપનાં દર્શન થયાં. એક જ આત્મા બે આલિંગિત દેહોમાં. એ હતું બે સંપૃક્ત આત્માઓનું એક દ્વન્દ્વસ્વરૂપ. સુગહન સર્જનાત્મક આનંદમાં એ સમાધિલીન શોભતું હતું. એ બન્નેના સદાનંદની સમાધિ સંસારને ધારી રહી છે. એમની પાછળ પ્રભાતકાલીન સાંધ્ય પ્રકાશમાં એક મહાદેવી દૃષ્ટિગોચર થઈ. એણે જ એ ઉભયને અજ્ઞેયમાંથી આવિર્ભાવ પમાડયાં હતાં. નિરંતર છદ્મવેશમાં રહી એ ખોજમાં નીકળેલા આત્માની રાહ જુએ છે, અણદીઠ માર્ગોના યાત્રીને માર્ગદર્શન કરાવે છે, એકાકીની સમીપ લઈ જતા રસ્તાની રખવાળી કરે છે. સ્વશક્તિથી સચરાચરના સૂર્યોમાં સર્વવ્યાપક બનેલી એ સર્વસત્તા ચલાવે છે. વિશ્વના પ્રપંચનું પ્રતીક એણે વિચારી કાઢયું છે. એ સર્વ-શક્તિમતી દેવી સર્વની ઉપર વિરાજમાન છે. એ છે સારા સંસારનો આધાર. આ વિશ્વ એનું અકળકળ છદ્મ છે. યુગો એનાં પગલાંનું મંડાણ છે, ઘટનાઓ એના સંકલ્પનાં સંમૂર્ત્ત સ્વરૂપો છે, સમસ્ત સૃષ્ટિ એની અંતવિહીન કલાકૃતિ છે.

અશ્વપતિનો આત્મા આ મહામાતાની શક્તિનું સત્પાત્ર બન્યો. અગાધ અને અણરવ ભાવાવેશથી ભરાઈ એણે આરાધનાના અંજલિબદ્ધ હસ્ત માની દિશામાં પ્રસાર્યા. પ્રાર્થનાપરાયણ એના પ્રેમના હૃદયને માનો મહનીય ઉત્તર મળ્યો. મહાદેવીએ સ્વ હસ્તથી હમેશાં રહેલું આવરણ અર્ધું અળગું કર્યું. એક પ્રશાંત ને અવિનાશી પ્રકાશ દેખાયો. રાજા અશ્વપતિએ મુગ્ધ મને માના મુખમંડળની રહસ્યમયી રૂપરેખા નિહાળી. માની મહાપ્રભાથી ને મહામુદાથી એ પૂરેપૂરો પરાભૂત થઈ ગયો. માના અપરિમેય આત્મસ્વરૂપના એક પરમાણુ જેવો એ પરમાનંદના પારાવારમાં ઉછાળા મારવા લાગ્યો. પરમાત્માના સોનલ સોમરસપાને એ મત્ત મત્ત બની ગયો ને ભક્તાત્માના પ્રેમપોકાર સાથે પોતાના અનહદ મનનું ને અણરવ હૃદયનું એણે પૂર્ણ સમર્પણ કરી દીધું. માના ચિન્મય ચરણે ભાન ભૂલીને સાષ્ટાંગ-પાત સાથે એ ઢળી પડયો.

સર્ગ ૧૫

# વિશાળતર જ્ઞાનનાં રાજ્યો

અકાળ ઊંડાણોમાં ઊતરી ગયેલો અશ્વપતિ પાછો બહારનાં ક્ષેત્રોમાં આવ્યો. એકવારનું જોવાયેલું ને જિવાયેલું બધું દૂરદૂરનું બની ગયું. સાક્ષી પુરુષ ને એના જગતથી ઊર્ધ્વમાં એ અસીમ મૌનના પ્રદેશમાં ઊભો ને ભુવનો જેણે રચ્યાં છે તે શબ્દની રાહ જોવા લાગ્યો. એની આસપાસ હતી કેવળ જ્યોતિ, હીરા જેવી નિર્મળ નિત્યની દૃષ્ટિ. ત્યાં હતી એક અરૂપ ચેતના—મુક્ત, નિઃસ્પંદ, નિઃસંજ્ઞ ને નિર્બાધ, અસ્તિ અને આનંદમાત્રથી નિત્યતૃપ્ત. આત્માની અનંત ભૂમિકા પર કેવળ સત્ ત્યાં સ્વ શાંતિમાં નિવસતું હતું.

અશ્વપતિ મનના જગતમાંથી ઊંચે આરોહી પોતાના સ્વરૂપની નીરંગ વિશુદ્ધિમાં અવસ્થિત થયો. એ હતી અનિર્ધારિત આત્માની ભૂમિકા, જેમાં બધું અંત પામી જતું ને આરંભાતું. વિશ્વો વિલોકાય એવું ત્યાં વિશાળ શિખર હતું, સર્વજ્ઞતાનું સ્થાનક હતું, શાશ્વતની શકિતને ભૂસકો મારવા માટેનું પાટિયું હતું, સર્વાનંદમયના ધામની એક શુભ્ર ભૂમિકા હતી. ત્યાં વિચાર પાર વિચરતો વિચાર આવતો, કાન ન સાંભળી શકે એવો નીરવ સ્વર સંભળાતો. જ્ઞાતા જ્યાં જ્ઞાત-સ્વરૂપ બની જાય છે તે જ્ઞાન ને પ્રિયા ને પ્રિયતમ જ્યાં એકરૂપ હોય છે એવો પ્રેમ ત્યાં હતો. અધ્યાત્મ જન્મનો જન્મ ત્યાં થતો, અનંત પ્રતિ થતા સાંતના સર્પણનો ત્યાં અંત આવતો. શાશ્વતતામાં કૂદી પડતા હજારો માર્ગ ત્યાં હતા, ગાતા ગાતા પ્રભુના પ્રકટ મુખડાને મળવા માટે તેઓ જતા.

હવે અશ્વપતિએ અજ્ઞેયના દરવાજા ઠોક્યા. અંતર્મુખી ઊંડી દૃષ્ટિ સાથે એક બનેલી બહિર્મુખી દૃષ્ટિથી જોતાં એણે પરમાત્માના મહિમાએ મહોજ્જ્વલ મહાલયો દીઠા, પ્રકાશમાન એકાત્માની બહુરૂપતાનાં દર્શન કર્યાં. હર્ષ ત્યાં હર્ષને ને પ્રેમ પ્રેમને પ્રત્યુત્તર આપતો હતો. બધાં જ ત્યાં પ્રભુના પરમાનંદનાં જંગમ ધામો હતાં. સર્વે શાશ્વત અને અનન્ય એકાત્મ સ્વરૂપમાં રહેતા. પ્રભુના સત્યનાં ત્યાં પ્રસ્ફોટનો થતાં હતાં. ત્યાંની વસ્તુઓ સત્યની શુદ્ધ અધ્યાત્મ આકૃતિઓ હતી. સંવેદના-માત્ર ત્યાં સુખનો સાગર હતો. સકલ સૃષ્ટિ પ્રકાશની પ્રક્રિયા હતી. ચૈત્યાત્માની તટસ્થતામાંથી તેની શાંતિનાં ને શકિતનાં ક્ષેત્રોમાં એ સંચર્યો ને એણે વિશ્વ ઉપર વિરાજમાન ઓજઃસ્વરૂપો જોયાં. સૃષ્ટ વસ્તુઓનું શિખર ને વિશ્વના વિવર્તોનું સર્વસમર્થ મૂળ ત્યાં એણે ઢૂંઢ્યું. કાળનાં પહોંચ પારની દૃષ્ટિએ હવે એ પહોંચ્યો.

ત્યાં અવસ્થિત થયેલો રાજા આદ્ય સ્રષ્ટાઓનો ને દ્રષ્ટાઓનો સમોવડ બની ગયો. અનેકરૂપી એકતાસ્વરૂપ પરાત્પર સત્યમાં એણે ગતિ કરી. ત્રિકાળ ત્યાં બાધકતા ને ભેદ ઊભો કરતો નહોતો. આત્માની એક જ દૃષ્ટિમાં એ આવી જતો. વિશ્વવ્યાપી સૌન્દર્યે ત્યાં મુખદર્શન દીધું. રૂપ પાછળ રહેલા અર્થોએ પોતાનો અમર મેળ આગળ કર્યો. સામાન્ય વસ્તુઓના ચમત્કારક ગ્રંથની ચાવી રાજાને મળી. મૌન જ્યાં ઘૂમરીઓ લેતાં ભુવનોના લયવાહી છંદને સુણવાં કાન માંડે છે ત્યાં એણે ત્રિવિધ અગ્નિનાં સત્રો સેવ્યાં. સત્યતાનો વણબોલાયેલો અવાજ એણે સાંભળ્યો, અમોઘ શબ્દનું જન્મસ્થાન જોયું. અંતઃસ્ફુરણાત્મક સૂર્યનાં રશ્મિઓમાં એણે નિવાસ કર્યો. વિશ્વ સ્વપ્નની સોનેરી ધારે એ આરોહ્યો, અવિકારી સત્યને પટે પહોંચ્યો, અવર્ણનીય આલોકની સીમાઓના સમાગમમાં આવ્યો અને અનિર્વચનીયના સાન્નિધ્યથી રોમાંચિત થઈ ગયો.

ઉપરની દિશે અશ્વપતિએ જાજ્વલ્યમાન શ્રેણીઓ જોઈ, બ્રહ્માંડને સેવતી પાંખો, સૂર્ય જેવાં નયનોવાળા સંરક્ષકો, સુવર્ણ નારસિંહી સ્વરૂપ, અનશ્વર ઈશ્વરો વિલોકયા. સર્વજ્ઞતાને નિષેવતું જ્ઞાન ત્યાં નીરવ ને નિષ્ક્રિય બેઠેલું હતું. એ નહોતું નિર્ણય આપતું, નહોતું માપ કાઢતું કે નહોતું જાણવા મથતું કેવળ એ સર્વદર્શી વિચાર માટે પારના શાંત સાદની પ્રતિ કાન દઈ રહ્યું હતું.

જાણવું શકય છે તે સર્વના શિખર પર રાજા પહોંચ્યો હતો. સૃષ્ટિનું શૃંગ અને આધારનો પાયો—ઉભયની પાર એની દૃષ્ટિ પહોંચી ગઈ હતી. એની આગળ ભભૂકતાં ત્રિગુણ સ્વર્ગોએ પોતાના સૂર્યોને પ્રકટ કર્યા, તમોગ્રસ્ત પાતાળોએ પોતાની ભીષણતા ઉઘાડી પાડી. એક અંતિમ ગુહ્ય સિવાયનું સર્વ રાજાને દૃષ્ટિગોચર થયું. અજ્ઞેયે પોતાની કિનારી લગભગ પ્રકાશમાં આણી દીધી.

અશ્વપતિના આત્માની અનંતતાઓએ બહાર આવવાનો આરંભ કરી દીધો. છૂપા વિશ્વે એને સાદ કર્યો. શાશ્વતીઓએ શાશ્વતીઓને બોલાવવા માંડી ને વાણી વગરના સંદેશા પાર પાર પાઠવવા લાગી. ઊંડાણોની આશ્ચર્યમયતામાંથી ઊઠેલી ને પારના ચૈતન્યની ઊંચાઈઓએ પ્રજ્વલતી શકિતઓ પર શકિતઓ સંયુકત થતી ને એકાત્મસ્વરૂપ બની જતી. એ સર્વે જીવનસમસ્તને સુસંવાદી બનાવી દેતી ને આખા અસ્તિત્વ પર પોતાનો વિરાટ અધિકાર સ્થાપતી. અશ્વપતિનેય એ રાજત્વનો એક અંશ બનાવી દેવામાં આવ્યો. ઈચ્છાનુસાર એ નિત્યનિર્નિદ્ર જ્યોતિમાં નિવાસ કરતો બની ગયો.

એ પ્રદેશ એટલો'તો ઊંચો હતો કે અસત્ય ત્યાં કદી પ્રવેશ કરી શકતું નહોતું. સર્વ ત્યાં ભિન્ન હોવા છતાં બધું જ ત્યાં એક છે. અવ્યકતસ્વરૂપના મહાસાગરમાં વ્યકતપુરુષ વિશ્વાત્મામાં લંગરાયેલો રહીને વિચરે છે. વિશ્વશકિતનાં પ્રબળ પ્રયાણો એને પુલકિત કરે છે. એની પ્રવૃત્તિઓ પ્રભુની પારાવાર શાંતિની સહચરીઓ બની ગયેલી હોય છે. દેહ ત્યાં દેહીને સમર્પિત થયેલો હોય છે. ચેતના ત્યાં

ગાઢ વણાટના વાણાતાણા જેવી છે. આત્માવકાશમાં ત્યાં દૂરનું ને નજીકનું એકાકાર બની જાય છે. ક્ષણોના ગર્ભમાં સમસ્ત કાળ ત્યાં આવેલો છે. વિચાર પરચેતનનો પડદો ચીરી નાખે છે. એકાત્મકતામાંથી ફેંકાતી જ્વાલા જેવી ત્યાંની દૃષ્ટિ છે. જીવન આત્માની એક અદ્ભુત યાત્રા છે ને ભાવ છે વિશ્વવ્યાપી આનંદની લહરી.

બ્રહ્મશકિતના ને બ્રહ્મજ્યોતિના રાજ્યમાં રાજા અશ્વપતિ અનંતતાના ગર્ભ-માંથી આવેલો હોય એવો નવજાત ને નિ:સીમ બની ગયો. અકાલ-બાલના જ્ઞાનની વૃદ્ધિ એને પ્રાપ્ત થઈ. સત્વર સૂર્યમાં પરિણામ પામતી બૃહત્તા એ બની ગયો. એક જ્યોતિર્મય મહામૌન એના હૃદયમાં કર્ણે જપ કરવા લાગ્યું. એનું જ્ઞાન અંતરનાં ઊંડાણોની અગાધતામાં વ્યાપ્યું. એની બાહ્યદૃષ્ટિને કોઈ ક્ષિતિજ અવરોધી શકતી નહોતી. સર્વની અંદર એ વિચારતો ને ભાવાનુભવ કરતો. એની દૃષ્ટિમાં પ્રભાવ આવ્યો હતો. અપ્રકાશ્ય સાથે એનો આત્મા અનુસંધાન સાધતો. વિશાળતર ચૈતન્યધારી સત્ત્વો સાથે એનું સખ્ય હતું. અદ્ભુતાકાર સૂક્ષ્મ સત્ત્વો એની સમીપ આવતાં. જીવનના પડદા પાછળના દેવો એની સાથે સંલાપ કરતા. એનો આત્મા પ્રકૃતિનાં ઉત્તુંગ શૃંગોનો પડોશી બની ગયો. આદિ શકિતએ એને પોતાની ગોદમાં લઈ લીધો. એનું મસ્તિષ્ક પ્રકાશથી પ્લાવિત થઈ ગયું. સર્વગ્રાહી જ્ઞાને એના હૃદયને બંદીવાન બનાવી દીધું. મનુષ્યના મનથી ધારી ન શકાય એવા વિચારો ને નાડી-પ્રણાલીમાં કદી વહ્યાં ન હોય એવાં બલો એનામાં પ્રવૃત્ત થયાં. અધિમનસનાં રહસ્યોનું એણે નિરીક્ષણ કર્યું. પરમાત્માના પરમાનંદને એણે પોતાની અંદર પધરાવ્યો. સૂર્યના સામ્રાજ્યની સીમાઓ ઉપર એ સંચરવા લાગ્યો. અલૌકિક સંવાદિતાઓ સાથે એનો લયમેળ રચાયો. સૃષ્ટિને સનાતન સાથ એણે સંયોજી દીધી. રાજા અશ્વ-પતિના સ્વભાવના અંતવંત અંશો એમની પરાકાષ્ઠાએ પહોંચી ગયા. એનાં કર્મો દેવોની પ્રવૃત્તિઓનો ઢાળો બન્યાં. એના સંકલ્પે વિશ્વ-શકિતનો દોર હાથમાં લીધો.

બીજું પર્વ સમાપ્ત

# પર્વ ૩

## ભગવતી શ્રી માતાનું પર્વ